મે. નરેન્દ્રકુમાર એન્ડ બ્રધર્સ
તમામ પ્રકારના ખાદ્યતેલના વેપારી
સીંગતેલ
કપાસ તેલ
મકાઈ તેલ
સનફ્લાવર તેલ
દિવેલ
વનસ્પતિ ઘી

૧-૨, ચોક્સી એસ્ટેટ, સરદાર ગંજ, આણંદ ૩૮૮૦૦૧.
ફોન : (ઓ) (૦૨૬૯૨) ૨૪૩૯૯૫.
(મો) ૯૮૨૫૨ ૦૮૦૭૬

આત્મીયતાનો અહેસાસ...

# સરદાર ગુર્જરી

www.sardargurjari.com
E-mail : sgurjari2001@gmail.com
શુક્રવાર, તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫
આસો સુદ ૪, વિ.સં. ૨૦૮૧, Year-25, Issue-101, કિંમત રૂ. ૨-૦૦, પાન - ૮
facebook.com/sardargurjari.anand
R.N.I. REG.NO.GUJGUJ/2001/05931
P.O. REGD.NO: AND-308/2024-26
LIC. VALID UPTO 31-12-2026
તંત્રી : માલવ એ. પટેલ
સરદાર પ્રકાશન પ્રા. લિ., ચોક્સી એસ્ટેટ, સરદાર ગંજ, આણંદ. ફોન : (૦૨૬૯૨) ૨૬૮૨૬૭, ૨૬૬૨૬૭.

HERO ❖ AVON
CORRADO ❖ WI-FI
SHELDON ❖ E-CYCLES
TRYCYLES ❖ MAGIC CAR
WALKER ❖ ZULA
RUNNER ❖ PRAM

ADINATH CYCLES
નરીમાન કોમ્પલેક્ષ પાસે, જુના રસ્તા, આણંદ
મો. ૯૮૨૫૪૨૫૩૮૦

# વિધવા-નિ:સંતાન સ્ત્રીની મિલકત પર સાસરિયાઓનો અધિકાર : સુપ્રીમ કોર્ટ

**હિન્દુ સમાજમાં લગ્ન પછી મહિલાનું ગોત્ર બદલાય છે, તેથી માતૃ પરિવારનો કોઈ હક રહેતો નથી**

**જો કોઇ સ્ત્રીને બાળકો ન હોય, તો તે હંમેશા વસિયતનામુ બનાવી શકે છે**

**સ્ત્રી તેના માતાપિતા કે ભાઈ-બહેન પાસેથી ભરણપોષણ માંગી શકતી નથી**

નવી દિલ્હી, તા. ૨૫

સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું કે હિન્દુ સમાજમાં કન્યાદાનની એક પરંપરા છે, જેના હેઠળ જયારે કોઈ સ્ત્રી લગ્ન કરે છે, ત્યારે તેનું ગોત્ર (કુળ અથવા વંશ) પણ બદલાય છે. આવી સ્થિતિમાં વિધવા અને નિ:સંતાન હિંદુ મહિલાના મૃત્યુ પછી, તેની મિલકત તેના પતિના પરિવારને જશે, તેના પોતાના માતા-પિતાને નહી.

સુપ્રીમ કોર્ટ હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૧૫ (૧) (બી)ને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. આ કાયદા હેઠળ, જો કોઈ વિધવા અને નિ:સંતાન હિંદુ મહિલા વસિયતનામા વિના મૃત્યુ પામે છે, તો તેની મિલકત તેના સાસરિયાઓને મળે છે.

અરજી પર સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટના એકમાત્ર મહિલા ન્યાયાધીશ, જસ્ટિસ બી.વી. નાગરરત્નાએ કહ્યું, આપણા હિંદુ સમાજના હાલના માળખાને નબળો પાડશો નહી. મહિલાઓના અધિકારો મહત્વપુર્ણ છે, પરંતુ સામાજિક માળખા અને મહિલાઓના અધિકારો વચ્ચે સંતુલન હોવું જોઈએ.

સુપ્રીમ કોર્ટને બે કેસની જાણ કરવામાં આવી હતી. પહેલા કેસમાં એક યુવાન દંપતીનું કોવિડ-૧૯થી મૃત્યુ થયું હતું. ત્યારબાદ, પતિ અને પત્ની, બંનેની માતાએ તેમની મિલકત પર દાવો કર્યો.



એક તરફ, પુરુષની માતા દાવો કર્યો કે દંપતિની સમગ્ર મિલકત પર તેનો અધિકાર છે, જયારે સ્ત્રીની માતા તેની પુત્રીની સંચિત સંપત્તિ અને મિલકત પર અધિકાર ઈચ્છે છે.

બીજા એક કિસ્સામાં, એક દંપતીના મૃત્યુ પછી, તે માણસની બહેન તેમની પાછળ છોડી ગયેલી મિલકતનો દાવો કરી રહી છે. દંપતીને કોઈ બાળકો નહોતા. વકીલે કહ્યું કે આ જાહેર હિતનો મામલો છે અને તેમાં સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપની જરૂર છે.

ન્યાયાધીશ બી.વી. નાગરત્નાએ કહ્યું - એકવાર સ્ત્રી લગ્ન કરે છે, પછી કાયદા હેઠળ, તે તેના પતિ, સાસરિયા, બાળકો અને તેના પતિના પરિવાર માટે જવાબદાર છે. તેના પતિના મૃત્યુ પછી, તે ઈચ્છે તો વસિયતનામા બનાવી શકે છે અથવા ફરીથી લગ્ન કરી શકે છે.

ન્યાયાધીશે વધુમાં જણાવ્યું હતું કે જો કોઈ સ્ત્રીને બાળકો ન હોય, તો તે હંમેશા વસિયતનામુ બનાવી શકે છે. સ્ત્રી તેના માતાપિતા કે ભાઈ-બહેન પાસેથી ભરણપોષણ માંગી શકતી નથી. લગ્નની વિધિઓ જણાવે છે કે તે એક કુળથી બીજા કુળમાં જઈ રહી છે. તે તેના ભાઈ સામે ભરણપોષણની અરજી પણ દાખલ કરશે નહી.

સિબ્બલે કહ્યું - પરંપરાઓને કારણે અધિકારીઓનો ઈનકાર કરી શકાતો નથી. અરજદાર વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૫૬ની કેટલીક જોગવાઈઓ મહિલાઓ સાથે ભેદભાવપૂર્ણ છે. સિબ્બલે કહ્યું કે ફકત પરંપરાઓને કારણે મહિલાઓને સમાન વારસાના અધિકારોથી વંચિત રાખી શકાય નહી.

» અનુ. પાન ૬

## ચમકારો




# ભારતમાં પહેલીવાર ટ્રેનમાંથી અગ્નિ પ્રાઈમ મિસાઈલનું સફળ પરીક્ષણ

- આ માટે એક સ્પેશિયલ ટ્રેન બનાવી, રશિયા, ચીન અને ઉત્તર કોરિયા પછી આવું કરનાર ચોથો દેશ
- આ મિસાઈલ ૨૦૦૦ કિમી રેન્જ સુધી હૂમલો કરવામાં સક્ષમ

નવી દિલ્હી, તા. ૨૫

ભારતે ગુરુવારે રેલ-માઉન્ટેડ મોબાઈલ લોન્ચર સિસ્ટમથી અગ્નિ-પ્રાઈમ મિસાઈલનું પરીક્ષણ કર્યુ. તેને કેનિસ્ટરાઈઝડ લોન્ચિગ સિસ્ટમનો ઉપયોગ કરીને લોન્ચ કરવામાં આવી હતી, જે ખાસ ડિઝાઈન કરેલી ટ્રેન છે જે રેલ લાઈન દ્વારા દેશના કોઈપણ ખૂણા સુધી પહોંચવા માટે સક્ષમ છે. અગ્નિ-પ્રાઈમ મિસાઈલની ૨૦૦૦ કિમી રેન્જ સુધી હૂમલો કરવામાં સક્ષમ છે.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ માહિતી આપી. અગ્નિ પ્રાઈમ મિસાઈલ ૨,૦૦૦

» અનુ. પાન ૬



### કેનિસ્ટરાઈઝડ લોન્ચ સિસ્ટમ શું છે?

આ એક આધુનિક મિસાઇલ લોન્ચિંગ ટેકનિક છે. આ મિસાઇલ એક મજબૂત કેનિસ્ટર (એક મોટું ધાતુનું કન્ટેનર)માં મૂકવામાં આવે છે. આ કેનિસ્ટર મિસાઇલને સુરક્ષિત રાખે છે અને તેને પરિવહન અને લોન્ચ માટે તૈયાર રાખવામાં સરળ બનાવે છે.

કેનિસ્ટરમાંથી આ મિસાઇલ લાંબી તૈયારી વિના સીધી ઝીકવામાં આવી શકે છે. આ મિસાઇલ ભેજ, ધૂળ, હવામાન અને અન્ય પ્રતિકૂળ પરિસ્થિતિઓ સામે પ્રતિરોધક છે. કેનિસ્ટરને ટ્રક, રેલ અથવા મોબાઇલ લોન્ચર પર મૂકીનેમિસાઇલનું પરિવહન કરી શકાય છે.

દુશ્મન માટે એ ઓળખવું મુશ્કેલ છે કે કયા કેનિસ્ટરમાં મિસાઇલો હોય છે અને કયામાં નથી. કેનિસ્ટરમાં પેક કરાયેલી આ મિસાઇલોને વારંવાર મેન્ટેનન્સની જરૂર પડતી નથી.

# માલેગાંવ બ્લાસ્ટ કેસમાં નિર્દોષ જાહેર થયેલા લેફ્ટનન્ટ કર્નલ પુરોહિતને બઢતી

**આ કેસમાં તેમણે નવ વર્ષ જેલમાં વિતાવ્યા, ૩૧ જુલાઈના રોજ કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા હતા**

નવી દિલ્હી, તા. ૨૫

૨૦૦૮ના માલેગાંવ વિસ્ફોટોમાં નિર્દોષ જાહેર થયેલા લેફટનન્ટ કર્નલ પ્રસાદ શ્રીકાંત પુરોહિતને કર્નલના હોદ્દા પર બઢતી આપવામાં આવી છે. આ બઢતી ૧૭ વર્ષની લાંબી રાહ જોયા પછી મળી છે.



૩૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ, મુંબઈની એક ખાસ કોર્ટે કર્નલ પુરોહિત સહિત આ કેસના તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. આ વિસ્ફોટોમાં છ લોકો માર્યા ગયા હતા અને ૧૦૦થી વધુ ઘાયલ થયા હતા.

થોડા દિવસો પહેલા, માલેગાંવ બ્લાસ્ટ કેસમાં કોર્ટના ચુકાદા બાદ, એવા અહેવાલો બહાર આવ્યા હતા કે સેનાએ લેફટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિતની છેલ્લા ૧૬ વર્ષથી ચાલી રહેલી કારકિર્દી પર લાદવામાં આવેલ ડિસિપ્લિન એન્ડ વિજિલેંસ (ડીવી) પ્રતિબંધ હટાવી લીધો છે. આનાથીતેમની બઢતી અને બાકીની સેવામાં પુનઃસ્થાપનની પ્રક્રિયા શરૂ થઈ. આ કેસમાં આરોપી તરીકે તેમની ધરપકડ કરવામાં આવી ત્યારે તેમના પર ડીવી પ્રતિબંધ પણ મૂકવામાં આવ્યો હતો.

# હિન્દુસ્તાન એરોનોટિક્સને ૯૭ તેજસ ફાઈટર જેટનો ઓર્ડર, કેન્દ્રએ ૬૨,૦૦૦ કરોડના સોદા પર કર્યા હસ્તાક્ષર

**પાકિસ્તાન સરહદ નજીક રાજસ્થાનના બિકાનેરમાં નલ એરબેઝ પર તૈનાત કરવાની યોજના**

હૈદરાબાદ, તા. ૨૫

કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ(HAL)ને ભારતીય વાયુસેના માટે 97 માર્ક-1A લાઈટ કોમ્બેટ એરક્રાફટ (તેજસ ફાઈટર જેટ) બનાવવાનો કોન્ટ્રાકટ આપ્યો છે. કેન્દ્રએ HAL સાથે રૂા. ૬૨,૩૭૦ કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આ બીજી વખત છે જયારે HALને તેજસ ફાઈટર જેટનો ઓર્ડર મળ્યો છે. અગાઉ, કેન્દ્ર સરકારે ફેબ્રુઆરી ૨૦૨૧માં ૪૬,૮૯૮ કરોડના સોદા હેઠળ ૮૩ માર્ક 1A જેટનો ઓર્ડર આપ્યો હતો. કંપની પાસે તેમને ડિલિવરી કરવા માટે ૨૦૨૮ સુધીનો સમય છે.

માર્ક 1A વિમાન વાયુસેનાના મિગ-21 કાફલાનું સ્થાન લેશે. તેને પાકિસ્તાન સરહદ નજીક રાજસ્થાનના બિકાનેરમાં નલ એરબેઝ પર તૈનાત કરવાની યોજના છે. મિગ-21 ૨૬ સપ્ટેમ્બરના રોજ નિવૃત્ત થશે. તેની ૬૨ વર્ષની સેવા દરમિયાન, તેણે ૧૯૭૧ના યુદ્ધ, કારગિલ અને અનેક મોટા મિશનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.



કેન્દ્ર સરકારે ૧૯ ઓગસ્ટના રોજ ૯૭ તેજસ ફાઈટર જેટ ખરીદવા માટે ૬૨,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેકટને મંજૂરી આપી હતી. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ જેટમાં પોતાના શિલ્ડ અને કંટ્રોલ એકટયુએટર્સ હશે, જેમાં ૬૪ ટકાથી વધુ સ્વદેશી સામગ્રી અને ૬૭ નવા સ્વદેશી ઘટકો હશે. માર્ક 1A સિંગલ એન્જિન તેજસ એરક્રાફટનુંઅદ્યતન સંસ્કરણ છે. તે ચોથી પેઢીનું હલકુ લડાયક વિમાન છે, જે ઓછું વજન અને ઉચ્ચ ચપળતા પ્રદાન કરે છે. તેમાં અપગ્રેડે એવિઓનિકસ અને રડાર સિસ્ટમ્સ છે. તેજસ માર્ક 1A ના ૬ ટકાથી વધુ ઘટકો ભારતમાં બનેલા છે.

તેજસનું જૂનુ સંસ્કરણ HAL દ્વારા એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી અને ડીઆરડીઓના સહયોગથી વિકસાવવામાં આવ્યું હતું. તે હવા, સમુદ્ર અને જમીન પર હૂમલાઓ માટે રચાયેલ છે અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ લક્ષ્યોને નિશાન બનાવી શકે છે.

# ફ્રાંસના પૂર્વ રાષ્ટ્રપતિ નિકોલસ સરકોઝીને ૫ વર્ષની જેલ, ૯૨ લાખનો દંડ

- ૨૦૦૭માં, લિબિયન સરમુખત્યાર પાસેથી પૈસા લેવાનું કાવતરું ઘડયું હતું

પેરિસ, તા. ૨૫

ફ્રાન્સના પૂર્વ રાષ્ટ્રપતિ નિકોલસ સરકોઝીને ગુરુવાર પેરિસની અકોર્ટે ગુાહિત કાવતરાના આરોપસર પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી.



તેમને આશરે રૂા. ૯૨ લાખનો દંડ પણ ફટકારવામાં આવ્યો અને પાંચ વર્ષ સુધી કોઈપણ સરકારી પદ સંભાળવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ કેસ ૨૦૦૭ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીત માટે તત્કાલિન લિબિયન સરમુખત્યાર મુઅમ્મર ગદ્દાફીને ગેરકાયદેસર ભંડોળ સાથે સંબંધિત છે.

જોકે, કોર્ટે સરકોઝીને ભ્રષ્ટાચાર સહિતના અન્ય આરોપોમાંથી મુકત કર્યા. ૭૦ વર્ષીય સરકોઝીએ આ ચુકાદાને ગેરબંધારણીય જાહેર કર્યો છે અને તે ઉચ્ચ અદાલતમાં અપીલ કરશે.

નિકોલસ સરકોઝી ૨૦૦૭થી ૨૦૧૨ સુધી ફ્રાન્સના રાષ્ટ્રપતિ હતા. તેમની પત્ની કાર્લા બ્રુની, એક પ્રખ્યાત ગાયિકા અને મોડેલ છે.

કોર્ટે ચુકાદો આપ્યો કે સરકોઝીએ ૨૦૦૭ના ચૂંટણી પ્રચાર માટે લિબિયાથી પૈસા મેળવવા માટે નજીકના સહયોગીઓ સાથે કાવતરું ઘડયું હતું. જોકે,

» અનુ. પાન ૬

# પોસ્ટલ બેલેટની ગણતરી બાદ જ EVMના વોટની ગણતરી કરાશે : ચૂંટણી પંચનો નિર્ણય

**અત્યાર સુધી પોસ્ટલ બેલેટ પહેલા ઇવીએમની ગણતરી કરવામાં આવતી હતી**

નવી દિલ્હી, તા. ૨૫

પોસ્ટલ બેલેટની ગણતરીને લઈને ચૂંટણી પંચે મોટો નિર્ણય કર્યો છે. બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે મોટો ફેરફાર કર્યો છે. નવા ફેરફાર હેઠળ હવે પોસ્ટલ બેલેટની ગણતરી થયા પછી જ ઈવીએમ મતોની ગણતરી કરવામાં આવશે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે ઈવીએમ/વીવીપીએટી ગણતરીનો સેકન્ડ અને લાસ્ટ રાઉન્ડ પોસ્ટલ બેલેટ પૂર્ણ થયા પછી જ શરૂ કરવામાં આવશે. અત્યાર સુધી પોસ્ટલ બેલેટ પહેલા ઈવીએમની ગણતરી થઈ શકતી હતી, પરંતુ હવે વીવીપીએટી ગણતરી પૂરી થયા પછી જ પોસ્ટલ બેલેટની ગણતરી પૂર્ણ થશે. ચાલો ચૂંટણી પંચના નિર્ણય અને પોસ્ટલ બેલેટ ગણતરી પ્રક્રિયાને કેવી રીતે વધુ સુવ્યવસ્થિત કરવામાં આવી છે તે જાણીએ.

ચૂંટણી પંચે છેલ્લા છ મહિનામાં ચૂંટણી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા અને પારદર્શિતા વધારવાના હેતુથી ૨૯ મહત્વપૂર્ણ પહેલ કરી છે. પંચની ૩૦મી પહેલ તરીકે પોસ્ટલ બેલેટ ગણતરી પ્રક્રિયાને વધુ સરળ બનાવવાનો નિર્ણય કર્યો છે.

મત ગણતરીના બે મુખ્ય તબક્કા છે : પોસ્ટલ બેલેટ/ઈલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટની ગણતરી અને ઈવીએમ દ્વારા ગણતરી.

ગણતરીના દિવસે સવારે ૮ વાગે પોસ્ટલ બેલેટની ગણતરી શરૂ થશે. ઈવીએમની ગણતરી સવારે ૮.૩૦ વાગે શરૂ થશે. પહેલા આવું શકય હતું કે ઈવીએમની ગણતરી પોસ્ટલ બેલેટની ગણતરી પહેલા પૂરી થઈ જાય.

દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો (૮૫ વર્ષથી વધુ વયના) માટે તાજેતરના પગલાંથી પોસ્ટલ બેલેટની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

હવે આ નિર્ણય લેવામાં આવ્યો છેકે પોસ્ટલ બેલેટ પૂર્ણ થયા પછી જ ઈવીએમ/વીવીપીએટી ગણતરીનો બીજો અંતિમ રાઉન્ડ શરૂ કરવામાં આવશે. આ સુનિશ્ચિત કરશે કે, ગણતરીની પ્રક્રિયા સમાન અને સ્પષ્ટ રહે. જો પોસ્ટલ બેલેટની સંખ્યા વધુ હશે, તો પૂરતાં પ્રમાણમાં ટેબલ અને સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવશે, જેથી કરીને કોઈ વિલંબ ન થાય.

# શ્રીલંકા : બૌદ્ધ મઠમાં કેબલ કાર્ટ પલટી જતાં ૧ ભારતીય સહિત ૭ બૌદ્ધ ભિક્ષુકોના મોત

કોલંબો, તા. ૨૫

શ્રીલંકાના એક બૌદ્ધ મઠમાં કેબલથી ચાલતી રેલ ગાડી (કાર્ટ) પલટી જતા એક ભારતીય સહિત સાત બૌદ્ધ સાધુઓના મોત થયા છે. આ અકસ્માતમાં છ લોકો ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના બુધવારે રાત્રે કોલંબોથી લગભગ ૧૨૫ કિમી દૂર નિકાવારતિયામાં ના ઉયાના અરણ્ય સેનાસનાયા મઠમાં બની હતી.

મૃતકોમાં ભારત, રશિયા અને રોમાનિયાના સાધુઓનો સમાવેશ થાય છે, જયારે ચાર શ્રીલંકાના નાગરિક હતા. ઘાયલ છ સાધુઓમાંથી ચારની હાલત ગંભીર છે. પોલીસે જણાવ્યું હતું કે અકસ્માતની તપાસ ચાલી રહી છે. પ્રાથમિક માહિતી અનુસાર, કેબલથી ચાલતા વાહને ઢાળ નીચે ઉતરતી વખતે કાબુ ગુમાવ્યો, જેના કારણે આ અકસ્માત થયો.

# સોનમ વાંગચુકની વિદેશી ફંડિંગ કેસમાં CBI તપાસ

- વાંગચુકે ૬ ફેબ્રુઆરીએ પાકિસ્તાનની મુલાકાત લીધી હતી

નવી દિલ્હી, તા. ૨૫

લદ્દાખને પૂર્ણ રાજયનો દરજ્જો આપવા અને અન્ય અનેક મુદ્દાઓ માટે ઝુંબેશ ચલાવનાર



ક્લાઈમેટ એકિટવિસ્ટ સોનમ વાંગચુકની મુશ્કેલી વધી ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સીબીઆઈ બે મહિનાથી સોનમ વાંગચુકની સંસ્થા, હિમાલયન ઈન્સ્ટિટયુટ ઓફ ઓલ્ટરનેટિવ લર્નિંગ (HIAL)ની વિદેશી ભંડોળના કેસના સંદર્ભમાં તપાસ કરી રહી છે. જોકે, હજુ સુધી કોઈ પ્રારંભિક તપાસ કે નિયમિત કેસ નોંધવામાં આવ્યો નથી. વધુમાં, પાકિસ્તાનનો એક એંગલ પણ સામે આવ્યો છે. વાંગચુકે ૬ ફેબ્રુઆરીએ પાકિસ્તાનની મુલાકાત લીધી હતી અને સીબીઆઈ આ પ્રવાસની સમીક્ષા કરી રહી છે.

સમાચાર એજન્સીઅ સીબીઆઈના સૂત્રોએ ટાંકીને જણાવ્યું હતું કે ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એકટ (FCRA)ના કથિત ઉલ્લંઘનની તપાસ ચાલી રહી છે. ઓગસ્ટમાં, લદ્દાખ વહીવટીતંત્રે હિમાલયન ઈન્સ્ટિટયૂટ ઓફ

» અનુ. પાન ૬

## મને બલિનો બકરો બનાવવામાં આવી રહ્યો છે : સોનમ વાંગચુક

**કેન્દ્રએ તેમના એનજીઓનું વિદેશ ભંડોળ લાઈસન્સ રદ કર્યુ**

લદ્દાખના સામાજીક કાર્યકર્તા સોનમ વાંગચુકે ગુરુવારે લેહમાં હિંસા ભડકાવવાના આરોપોને નકારી કાઢયા છે. વાંગચુકે કહ્યું, મને બલિનો બનાવવામાં આવી રહ્યો છે. આનાથી પરિસ્થિતિ સુધરશે નહી, પરંતુ તેને વધુ ખરાબ કરશે.

દરમિયાન, સીબીઆઈએ વાંગચુકના એનજીઓ હિમાલયન ઈન્સ્ટિટયૂટ ઓફ ઓલ્ટરનેટિવ્સ લદ્દાખ સામે વિદેશી ભંડોળ મામલે તપાસ શરૂ કરી છે. સરકારે તેમના એનજીઓનું વિદેશી ભંડોળ લાઈસન્સ રદ કરી દીધું છે.

# કર્ણાટકમાં જાતિગત વસ્તી ગણતરી પર રોક લગાવવાનો હાઈકોર્ટનો ઈન્કાર

- હાઈકોર્ટે રાજય સરકારને તેના ડેટાની ગુપ્તતા જાળવવા આપ્યો નિર્દેશ
- સર્વે સ્વૈચ્છિક છે અને કોઈને પણ કોઈપણ માહિતી પૂરી પાડવા માટે ફરજ પાડી શકાય નહી

બેંગલુરુ, તા. ૨૫

કર્ણાટક હાઈકોર્ટે ગુરુવારે રાજયમાં જાતિગત વસ્તી ગણતર પર રોક લગાવવાનો ઈનકાર કર્યો છે. જોકે, જાતિ આધારિત સર્વેક્ષણને પડકારતી અરજીની સુનાવણી કરતી વખતે, કોર્ટેરાજય સરકારને ડેટાની ગુપ્તતા જાળવવાનો નિર્દેશ આપ્યો છે. હાઈકોર્ટે એ પણ કહ્યું કે સર્વેક્ષણ સ્વૈચ્છિક હોવું જોઈએ. મુખ્ય ન્યાયાધીશ વિભુ બાખરુ અને ન્યાયાધીશ સીએમ જોશીની બનેલી ડિવિઝન બેન્ચે કહ્યું કે તેમને સર્વેક્ષણ પર રોક લગાવવાનું કોઈ કારણ દેખાતું નથી.

બેન્ચે કહ્યું, અમને ચાલુ સર્વે પર રોક લગાવવાનું કોઈ કારણ દેખાતું નથી. જોકે, અમે સ્પષ્ટ કરીએ છીએ કે એકત્રિત કરવામાં આવેલ ડેટા કોઈને પણ જાહેર ન કરવો જોઈએ. કર્ણાટક રાજય પછાત વર્ગો માટેનું આયોગ (KSCBC)ખાતરી કરશે કે ડેટા સંપુર્ણપણે સુરક્ષિત અને ગુપ્ત રહે. આ દરમિયાન, હાઈકોર્ટે એક જાહેર જાહેરનામું બહાર પાડવાનો પણ નિર્દેશ આપ્યો હતો જેમા જણાવવામાં આવ્યું હતું

» અનુ. પાન ૬

# હવે ૩૧ ઓકટોબર સુધી ટેકસ ઓડિટ રિપોર્ટ સબમિટ કરી શકાશે

- બિઝનેસમેન્સની માંગ પર તારીખ લંબાવી, આઈટીઆર ફાઈલિંગ ડેડલાઈનમાં કોઈ બદલાવ નથી

મુંબઈ, તા. ૨૫

આવકવેરા વિભાગે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ટેકસ ઓડિટ રિપોર્ટ સબમિટ કરવાની અંતિમ તારીખ એક મહિના માટે લંબાવી છે, જે અગાઉ ૩૦ સપ્ટેમ્બર હતી, પરંતુ હવે તેને ૩૧ ઓકટોબર સુધી લંબાવી દેવામાં આવી છે. વ્યાવસાયિકો અને ઉદ્યોગપતિઓની માગણીઓના જવાબમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને અન્ય વ્યાવસાયિક સંસ્થાઓએ સમયસર ઓડિટ પૂર્ણ કરવામાં મુશ્કેલી અંગે ફરિયાદ કરી છે. વધુમાં, ઘણા રાજયોમાં પૂર અને અન્ય કુદરતી આફતોએ વ્યાવસાયિક પ્રવૃત્તિઓને ગંભીર રીતે ખોરવી નાખી છે.



સીબીડીટીએ જણાવ્યું હતું કે પૂર અને અન્ય આફતોએ સામાન્ય કામગીરીને અસર કરી છે, જેના કારણે પાલન મુશ્કેલ બન્યું છે. તેથી, આ છૂટછાટ આપવામાં આવી છે.

આ ખાસ કરીને એવા કરદાતાઓ માટે છે જે આવકવેરા કાયદાની કલમ ૧૩૯ (૧) સ્પષ્ટીકરણ ૨ના કલમ (એ)ના દાયરામાં આવે છે.

આનો અર્થ એ થયો કે મોટાભાગે ઉદ્યોગપતિઓ, વ્યાવસાયિકો અને મોટા ટર્નઓવર ધરાવતા કરદાતાઓને ટેકસ ઓડિટમાંથી પસાર થવું પડે છે. નાના કરદાતાઓ અથવા પગાર મેળવનારાઓને આનો લાભ મળતો નથી.

સીબીડીટીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે આવકવેરા ઈ-ફાઈલિંગ પોર્ટલ સંપૂર્ણપણે સ્થિર અને કાર્યરત છે. તેમાં કોઈ ટેકનિકલ સમસ્યાઓ નથી., ૨૪ સપ્ટેમ્બર સુધીમાં ૪.૦૨ લાખ ટેકસ ઓડિટ રિપોર્ટ અપલોડ

» અનુ. પાન ૬

# નેપાળમાં ૧૮ નહીં ૧૬ વર્ષની વયે જ કરી શકાશે મતદાન, વચગાળાની સરકારની જાહેરાત

**વિદેશમાં રહેતા નાગરિકોને પણ મતદાનનો મળશે અધિકાર**

કાઠમંડુ, તા. ૨૫

નેપાળ વચગાળાના વડાપ્રધાન સુશીલા કાર્કીએ આજે પહેલીવાર દેશને સંબોધન કર્યુ છે. આ દરમિયાન તેમણે નિર્ધારિત સમયમાં ચૂંટણી કરાવવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી છે. તેમણે જાહેરાત કરી કે, નેપાળમાં મતદાન કરવાનો અધિકાર ૧૮ વર્ષથી ઘટાડીને ૧૬ વર્ષ કરવામાં આવ્યો છે. Gen-Z આંદોલન બાદ વધુને વધુ યુવાનોને મતદાન પ્રક્રિયામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા માટે આ નિર્ણય લેવાયો છે.



વડાપ્રધાન કાર્કીએ કહ્યું કે વિદેશમાં રહેતા નેપાળી નાગરિકોને પણ મતદાનનો અધિકાર આપવા માટે કાયદામાં સુધારો કરવાનું કામ શરૂ કરાયું છે. Gen-Z પ્રદર્શન દરમિયાન નેતાઓના ઘરેથી જે નાણાં મળી આવ્યા છે, તેની તપાસ કરવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ મની લોન્ડરિંગ ઈન્વેસ્ટિગેશનને સૂચના અપાઈ છે. વડાપ્રધાનનું સંબોધન પૂર્ણ થયા બાદ નેપાળના ચૂંટણી પંચ ૧૬ વર્ષ કે તેથી વધુ ઉંમરના યુવાનોને મતદાર યાદીમાં નોંધણી

» અનુ. પાન ૬

## આજનું પંચાંગ

**૨૬-૯-૨૦૨૫, શુક્રવાર**

**તિથિ**: આસો સુદ ૪. ઉપાંગ લલિતા પંચમી-વ્રત, કુમારયોગ ૦૯.૩૪થી ૨૨.૧૦, વિછુંડો ૧૫.૨૪થી. **નક્ષત્ર**: વિશાખા. ૦૯.૩૪. **રાશિ**: તુલા. ૧૫.૨૪. **ચોઘડિયા**: **દિવસના**: ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ. **રાત્રિનાં**: રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ.

**માતાજીનું ચોથું સ્વરૂપ કુષ્માંડા**

માતાજીના ચોથા નોરતે ચોથા સ્વરૂપની પુજા કુષ્માંડા સ્વરૂપની થાય છે. માતાજીએ બ્રહ્માંડની ઉત્પતિ કરેલી જ્યારે સૃષ્ટિનું અસ્તિત્વ ન હતું ત્યારે ચારેય બાજુએ અંધકાર હતો ત્યારે માતાજીએ પોતાના મંદ હાસ્ય દ્વારા બ્રહ્માંડની રચના કરેલી. આથી માતાજીનું નામ કુષ્માંડા પડેલું.



માતાજી આદિ સ્વરૂપા અને આદિ શક્તિરૂપ છે. માતાજીનો નિવાસ સૂર્યમંડળની પાસે છે અને સૂર્યલોકમાં નિવાસ કરે છે. માતાજીનું સ્વરૂપ સૂર્ય સમાન તેજવાળું છે અને શક્તિરૂપ છે. માતાજીની તુલનામાં કોઈ દેવી દેવતા આવતા નથી. બ્રહ્માંડના બધા જ પ્રાણીઓ, મનુષ્યો તેમની છાયા રૂપ છે.

માતાજીને આઠ ભુજા એટલે હાથ છે. આઠ હાથમાં બાણ, ધનુષ, કમળ, કળશ અને ચક્ર છે. અને આઠમા હાથમાં સિદ્ધિ છે. માતાજીનું વાહન સિંહ છે. કુષ્માંડને બલી કરે છે. નવરાત્રિના ચોથા દિવસે માતાજીની ઉપાસના થાય છે. પવિત્ર મનથી ઉપાસના કરવી. માતાજીની ઉપાસનાથી રોગ-બિમારી દૂર થાય છે અને સંસારના દુ:ખો દૂર થાય છે અને આધિ વ્યાધિમાંથી મુક્તિ મળે છે. માતાજીની ઉપાસનાનો મંત્ર.

**યા દેવી સર્વભૂતેષુ કુષ્માંડા રૂપેણ સંસ્થિતા**
**નમસ્તૈ નમસ્તૈ નમસ્તૈ નમો નમ:**

નૈવેધ્યમાં ખીર તથા ફળ ધરાવાથી બધા જ રોગ દૂર થાય છે.

■ **શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)**

## આપની આજ

**મેષ(અ.લ.ઈ.)**: સામાજિક બાબતો પણ સાનુકૂળ રહે.
**વૃષભ(બ.વ.ઉ)**: આર્થિક બાબતોમાં કાળજી લેવી.
**મિથુન(ક.છ.ઘ)**: આર્થિક બાબતો સરળ રહે.
**કર્ક(ડ.હ.)**: સામાજિક દોડધામ અકળાવશે.
**સિંહ(મ.ટ.)**: કોઈ સામાજિક કાર્ય આટોપી શકશો.
**કન્યા(પ.ઠ.ણ.)**: મધ્યમ દિવસ રહેશે.
**તુલા(ર.ત.)**: સામાજિક બાબતોમાં કાળજી રાખવી.
**વૃશ્ચિક(ન.ય)**: કોઈ આકસ્મિક ખર્ચ આવી પડે.
**ધન(ભ.ધ.ફ.)**: મહિલા વર્ગને શાંતિ જાળવવી.
**મકર(ખ.જ.)**: આર્થિક બાબતો પ્રતિકૂળ રહે.
**કુંભ(ગ.શ.સ.)**: કોઈ આર્થિક કાર્ય પાર પડશે.
**મીન(દ.ચ.ઝ.થ.)**: સામાજિક બાબતો દોડધામમય રહે.

## અમૃતધારા

*સ શ્રીકૃષ્ણ: પરબ્રહ્મ*
*ભગવાન પુરુષોત્તમ: ।*
*ઉપાસ્ય ઈષ્ટદેવો ન:*
*સર્વાવિભવિ કારણમ્ ॥*

■ **શિક્ષાપત્રી**

પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાન જ ઈશ્વર છે તેમજ તે આપણા ઈષ્ટદેવ છે તેમજ ઉપાસના કરવા યોગ્ય છે, અને બધા અવતારોનું કારણ છે !

## સત્સંગ

આપણાથી જે ન થઈ શક્યું તે અન્ય તાકાતવાળુ વ્યક્તિત્વ કરી પણ શકે. આપણે મનમાં આપણા જેવા જ બીજા છે તેમ માની બેસીએ છીએ. આ ભૂલ ભરેલી પ્રક્રિયા છે.

■ **પ્રિ. આર. વી. પટેલ**

## મહેફિલ

ગંભીર ઘા પડ્યો છે, જલદી ઈલાજ કરજે
અંધાર આભડ્યો છે, જલદી ઈલાજ કરજે

■ **ચંદ્રેશ મકવાણા**

## ઈર્શાદ

*કિસી કી રાહ વો દેખેં ઔર ઉનકી રાહ મૈં દેખું*
*બરાબર કી પરેશાની યહાં ભી હૈ વહાં ભી હૈ*

■ **કે.કે. સિંહ 'મયંક'**

એ કોઈકની રાહ જુએ છે અને હું એમની રાહ જોઉં છું. પરેશાની ત્યાં પણ છે અને અહીં પણ છે.

## આજની તારીખે

- પદ્મવિભૂષણથી સન્માનિત ભારતના ૧૩મા વડાપ્રધાન (૨૦૦૪-૧૪) અને અર્થશાસ્ત્રી ડૉ. મનમોહન સિંઘનો પાકિસ્તાનનાં ગહ ગામમાં જન્મ (૧૯૩૨)
  ડૉ. મનમોહનસિંઘ નાણા મંત્રાલયનાં સચિવ, આયોજન પંચનાં ઉપાધ્યક્ષ, ભારતીય રિઝર્વબેન્કનાં ગવર્નર (તા. ૧૫ સપ્ટેમ્બર, ૧૯૮૨ થી ૧૫ જાન્યુઆરી, ૧૯૮૫), પ્રધાનમંત્રીનાં સલાહકાર, યુજીસીનાં અધ્યક્ષ સહિતનાં મહત્વનાં પદ સંભાળી ચૂક્યા છે
- દયા અને વિદ્યાનાં સાગર ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો પશ્ચિમ બંગાળ રાજ્યમાં જન્મ (૧૮૨૦)
  તેમની અટક તો બંદોપાધ્યાય હતી પણ અભ્યાસમાં પ્રવીણ હોવાથી કોલેજ દ્વારા "વિદ્યાસાગર"નું બિરુદ મળ્યું હતું
  ઈશ્વરચંદ્રનું નામ મુખ્યત્વે સમાજસુધારા અને એમાં પણ વિધવા પુન:લગ્નો અને સ્ત્રી શિક્ષણ સાથે વિશેષ સંકળાયેલું છે
- આધુનિક કવિતાના પિતા મનાતા અને અંગ્રેજી સાહિત્યનાં મૂર્ધન્ય કવિ ટી.એસ.ઈલિયટ (થોમસ સ્ટેનર્સ ઈલિયટ)નો મિસૌરી ખાતે જન્મ (૧૮૮૮)
- 'દાદાસાહેબ ફાળકે પુરસ્કાર' અને પદ્મ ભૂષણથી સન્માનિત હિન્દી ફિલ્મોનાં સદાબહાર અભિનેતા દેવ આનંદ (ધરમદેવ પીશોરીમલ આનંદ)નો જન્મ (૧૯૨૩)
  દેવ આનંદે 'હમ એક હૈ' (૧૯૪૬) ફિલ્મમાં પ્રથમ વખત અભિનય કર્યો અને "ઝિદ્દી" (૧૯૪૮) પ્રથમ સફળ ફિલ્મ રહી હતી

Printed, published and owned by Malavkumar Arunbhai Patel. Printed at Divya Bhaskar , A+B Plot, At. Lamdapura, Vadodara (Gujarat) and published at Sardar Gurjari (Unit of Sardar Prakashan Pvt. Ltd.), Choksi Estate, Swaminarayan Society Road, Near Sardar Gunj, Anand, Gujarat-388001. Editor - Malavkumar Arunbhai Patel.

# બોરસદના ટીડીઓ દ્વારા ફરીયાદ નોંધાવ્યા છતાં મનરેગાના ભ્રષ્ટાચારીઓની ધરપકડ ન થતાં કલેક્ટરને આવેદન પત્ર

### કાલુ ગામના રહીશોએ જવાબદાર સામે કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી



આણંદ, તા. ૨૫

બોરસદ તાલુકાના કાલુ ગામમાં મનરેગા યોજનાના કામમાં મૃત્યુ પામેલ વ્યક્તિઓની હાજરી પૂરી નાણાંકીય ભ્રષ્ટાચાર આચરાયો હોવાની વિરસદ પોલીસ મથકે બોરસદના ટીડીઓએ ફરીયાદ આપી હતી. છતાં આરોપીઓ સામે કોઈ કાર્યવાહી નહિ થતાં આજે ગ્રામજનોએ કલેક્ટર કચેરીએ આવી આવેદનપત્ર આપ્યું હતું અને ગ્રામપંચાયતના સરપંચ, તલાટી કમ મંત્રી, હાજરી પુરનાર તેમજ ગ્રામ રોજગાર સેવક સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

કાલુ ગામના ગ્રામજનોએ કલેક્ટર કચેરીમાં આપેલ આવેદન પત્રમાં જણાવ્યું છે કે કાલું ગામ પંચાયત હસ્તકના ચિતરાઈ તળાવ સર્વે નંબર ૧૮ માં તળાવ ઉંડુ કરવાના કામે સરકારની મનરેગા યોજના હેઠળ કામગીરી વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં હાથ ધરવામાં આવી હતી.

જેમાં ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી કમ મંત્રી તથા ગ્રામ રોજગાર સેવક મેળાપી પણામાં ગામના રમણભાઈ પરમાર, ચંદુભાઈ પરમાર તથા હિંમતભાઈ પરમાર મૈયત થયેલ હોવા છતાં ખોટી હાજરી પૂરી તેઓની ખોટી સહી કરી નાણાંની ઉચાપત કરેલ તેમજ સરપંચે પોતાના મોટાપુત્ર તથા પુત્રવધુની હાજરી પૂરી આર્થિક લાભ મેળવ્યો હતો.

આ બાબતે ગામના બુધાભાઈ નરસિંહભાઈ પરમારે તા. ૩૦ ઓકટો. ૨૦૨૩ ના રોજ ગ્રામ વિકાસ એજન્સી, આણંદને પુરાવા સાથે રજૂઆત કરતા તાલુકા વિકાસ અધિકારી, બોરસદને જરૂરી કાર્યવાહી કરવા લેખિત સૂચના આપી હતી અને તાલુકા વિકાસ અધિકારીએ તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ વિરસદ પોલીસ મથકે સરપંચ તલાટી કમ મંત્રી, ગ્રામ રોજગાર સેવક તથા હાજરી પુરનાર સામે ફરીયાદ નોંધાવી હતી.

આ ફરીયાદના અનુસંધાનમાં વિરસદ પોલીસે એક પણ આરોપીની અટકાયત કે કાયદેસરની કાર્યવાહી કરી નથી. જેથી પાંચ માસ બાદ ગ્રામજનોએ આજે કલેક્ટર કચેરી આવી આવેદન પત્ર આપ્યું હતું અને જવાબદાર સાથે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.

# વલાસણ મેલડી માતાજીના મંદિરે સિયારામ ફાઉન્ડેશન દ્વારા ધાર્મિક કાર્યક્રમ



આણંદ, તા. ૨૫

વલાસણ મેલડી માતાજીના મંદિરે નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું છે. ત્રીજા નોરતે સિયારામ ફાઉન્ડેશન દ્વારા ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમમાં પ્રયાગરાજ બાગમબરી મઠના મહંત તથા ઐતિહાસિક હનુમાન મંદિરના મહંત બલવીરગીર મહારાજ પધાર્યા હતાં. તેઓએ પોતાના પ્રવચનમાં કહ્યું કે ધર્મ અને અધર્મ વચ્ચેનો ભેદ સમજવો અત્યંત જરૂરી છે અને જીવનમાં હંમેશા સત્ય, ન્યાય અને ધર્મના માર્ગે ચાલવું જોઈએ. તેમણે જણાવ્યું કે સંગીત અને રાસ-ગરબા દ્વારા પણ ભગવાનની ભક્તિ થઈ શકે છે. તેમણે યુવાનોને સંદેશ આપ્યો કે ભક્તિ સાથે સાથે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પણ પ્રયત્ન કરવો જોઈએ.

# ફાર્મસી કોલેજ સારસામાં ડિવાઈજ સનાતન ગરબોત્સવનું આયોજન



આણંદ, તા. ૨૫

સત કૈવલ કોલેજ ઓફ ફાર્મસી સારસા ખાતે 'ડિવાઈજ સનાતન ગરબોત્સવ: સંસ્કૃતિ અને શ્રદ્ધાનો સંગમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને આમંત્રિત મહેમાનોએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ફૂડ સ્ટોલ અને આકર્ષક સેલ્ફી પોઈન્ટ્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ પારંપરિક પોશાકોમાં સજી-ધજીને ખૂબ ઉત્સાહ અને આનંદ સાથે ગરબે ઘૂમ્યા હતાં.

કોલેજ દ્વારા વિદ્યાર્થીઓની સલામતીને પ્રાથમિકતા આપીને સ્થાનિક પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત દૂરથી આવતા વિદ્યાર્થીઓ માટે રાત્રે પરત ફરવા માટે ટ્રાન્સપોર્ટની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

# શારદા હાઇસ્કૂલ, આણંદમાં વૃક્ષારોપણ



આણંદ, તા. ૨૫

શારદા હાઈસ્કૂલ આણંદ ખાતે આવકવેરા વિભાગના અધિકારીઓ અને કર્મચારી દ્વારા સ્વચ્છતા હી સેવા કાર્યક્રમના ઉપક્રમે 'એક પેડ માં કે નામ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળા પરિવાર અને આવકવેરા વિભાગના સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરાયું હતું.

# બોદાલ પ્રા.શાળામાં CRC કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન



આણંદ, તા.૨૫

સી.આર.સી. બોદાલનું સી.આર.સી. કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન પ્રા.શાળા, બોદાલ મુકામે યોજવામાં આવ્યું હતું. જેમાં બોદાલ કલસ્ટરની આઠ સરકારી પ્રા.શાળાઓ તથા એક નોન ગ્રાન્ટેડ શાળાએ ભાગ લીધો હતો. બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં અલગ-અલગ પાંચ વિભાગોમાં ૧૪ કૃતિઓ મુકવામાં આવી હતી. નિર્ણાયકો દ્વારા બાળ વૈજ્ઞાનિકો સાથે વાર્તાલાપ કરી તેમની કૃતિઓનું મૂલ્યાંકન કર્યુ હતું.

કાર્યક્રમના અંતે તમામ કૃતિઓ રજૂ કરનાર શાળાઓને માર્ગદર્શક શિક્ષક મિત્રોને તથા ભાગ લીધેલ તમામ બાળકોને પ્રમાણપત્ર અને પ્રોત્સાહન ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# સાકરબા કન્યા શાળા, કરમસદમાં ગરબા સ્પર્ધા



આણંદ, તા. ૨૫

લાયન્સ ક્લબ ઓફ કરમસદ દ્વારા સાકરબા કન્યાશાળામાં ગણેશ મહોત્સવ સમયે માટીમાંથી ગણપતિ ભગવાનની મૂર્તિ બનાવવાની સ્પર્ધા તથા નવરાત્રી પર્વે ગરબાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં નંબર મેળવેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ લાયન્સ ક્લબ ઓફ કરમસદના પ્રમુખ ડોલીબેન પટેલ તથા સેક્રેટરી અમુલખ ભાઈ મગનભાઈ પટેલ તરફથી કરવામાં આવેલ. આ સાથે વિજ્ઞાન મેળામાં ભાગ લીધેલ સર્વે દીકરીઓને ઈનામ વિતરણ પણ લાયન્સ ક્લબ ઓફ કરમસદના સેક્રેટરી અમુલભાઈ મગનભાઈ પટેલ તરફથી કરવામાં આવ્યું હતું.

# સરદાર પટેલ વિનય મંદિર વાસદમાં હિન્દી દિવસની ઉજવણી



આણંદ, તા. ૨૫

સરદાર પટેલ વિનય મંદિર, વાસદમાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા હિન્દી ભાષાનું સંબંધિત વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે એસ.બી.આઈ.ના અધિકારી હરિશભાઈએ દરેક સ્પર્ધકોને ૧૦ નંગ પેનનું વિતરણ કર્યું હતું.

# ગાના ગામમાં આયુષ એવરનેસ કેમ્પનું આયોજન



આણંદ, તા.૨૫

સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજ સેવા વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા વિભાગ અધ્યક્ષા પ્રો.ડૉ. શિવાની મિશ્રાના માર્ગદર્શન હેઠળ તથા ગાના ગામના આરોગ્ય કેન્દ્રના સ્ટીવનભાઈ પરમાર સહયોગથી આયુષ અવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હોમિયોપેથીક હોસ્પિટલ, ખાંધલીના ડૉ. સતીશભાઈ પટેલ દ્વારા ગામના લોકોને તેમના રોગ અનુરુપ ફ્રી હોમિયોપેથીક દવાઓ આપવામાં આવી હતી. તથા હોમીયોપેથી ઈલાજથી થતાં લાભો વિશે માહિતી આપવામાં આવી હતી. કેમ્પમાં મોટી સંખ્યામાં ગામના લોકોએ લાભ લીધો હતો.

# આણંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ વર્કના વિદ્યાર્થીઓ દ્વારા નાર ગામની મુલાકાત



આણંદ, તા. ૨૫

આણંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ વર્કના પ્રથમ વર્ષના બીએસડબલ્યુ, એમએસડબલ્યુ, એમએસડબલ્યુ (એચ.આર.)ના એન.એસ.એસ. ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય શિબિરનું આયોજન નાર ગામ ખાતે કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં વિદ્યાર્થીઓએ ગોકુલધામની મુલાકાત લીધી હતી. જ્યાં ગોકુલધામ નારનાં કેમ્પસ ડિરેક્ટર ડૉ. પ્રવિણ પટેલે વિદ્યાર્થીઓને ગોકુલધામ નાર દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓની દસ્તાવેજી ફિલ્મ બતાવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને ભક્તિ સેવાશ્રમ (વૃદ્ધાશ્રમ) તેમજ ગોકુલધામ નાર શાળાની મુલાકાત કરવામાં આવી હતી તેમજ સ્પોર્ટસ સંકુલ, આર.ઓ. પ્લાન્ટ અને સ્વાસ્થ્યને લગતી સુવિધાઓ વિષે માહિતગાર કરવામાં આવ્યા હતાં. વિદ્યાર્થીઓએ નાર ગામની પણ મુલાકાત લીધી હતી. જ્યાં ગામના સરપંચ અશોકભાઈ બ્રહ્મભટ્ટ સાથે વિદ્યાર્થીઓએ વાતચીત કરી હતી.

# રવિપુરા પ્રા.શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ



આણંદ, તા. ૨૫

સરદાર પટેલ યુનિવર્સિટી, સમાજ કાર્ય વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા રવિપુરા પ્રાથમિક શાળામાં 'વૃક્ષારોપણ કાર્યક્રમ' યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પર્યાવરણ સંરક્ષણનું મહત્વ સમજાવી વિવિધ જાતનાં છોડ વાવવામાં આવ્યા હતાં.

# આણંદ જિલ્લા સહકારી સંઘની ૨૨મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

આણંદ, તા. ૨૫

આણંદ જિલ્લા સહકારી સંઘની ૨૨મી વાર્ષિક સાધારણ સભા લાયન્સ ક્લબ હોલ, નવા બસ સ્ટેન્ડ સામે, આણંદ મુકામે યોજાઈ હતી.

આ ૨૨ મી વાર્ષિક સાધારણ સભામાં સંઘના અધ્યક્ષ ા રજનીકાંત પટેલે એજન્ડા મુજબના કામો રજુ કર્યા હતાં. જેને સભામાં ઉપસ્થિત સર્વ સભાસદો મંજુર કર્યા હતાં.

# બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં દ્વિતિય નંબર મેળવ્યો



આણંદ, તા.૨૫

સી.આર.સી. કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-૨૦૨૫ સંજાયા પ્રાથમિક શાળા ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં પાંચ વિભાગની ૨૦ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં વિભાગ-૨ કચરાનું વ્યવસ્થાપન અને પ્લાસ્ટિકના કિલ્પોમાં કાર્બન પ્યોરીફીકેશન મોડલ કૃતિ સાથે બી.એ.પટેલ હાઈસ્કૂલ, ઉચ્ચ પ્રા. વિભાગ, ચાંગાના વિદ્યાર્થીઓ નક્ષ રાકેશકુમાર પટેલ અને ભવ્ય રાજુભાઈ ભોઈ દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ.



# રાજસ્થાનનાં ઉદેપુરમાં આણંદ કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓનું સન્માન



આણંદ, તા.૨૫

આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને રાજસ્થાન કૃષિ મહાવિદ્યાલય, મહારાણા પ્રતાપ કૃષિ યુનિવર્સિટી, ઉદેપુર, રાજસ્થાન ખાતે આયોજીત રાષ્ટ્રીય કક્ષાના સંમેલનમાં કુલ ૭ જેટલા એવોર્ડથી સન્માનિત કરાયા હતાં.

આ સંમેલનમાં ભારતના ૧૮ જેટલા રાજ્યોમાંથી ૩૫૦ જેટલા વૈજ્ઞાનિકો, અનુસ્નાતક વિદ્યાર્થીઓ તેમજ પાક સંરક્ષણ સાથે સંકળાયેલ જુદી જુદી કંપનીઓના પ્રતિનીધીઓએ ભાગ લીધો હતો.

આ સંમેલનમાં ડૉ. ડી.બી. સિસોદિયા, ડૉ. એમ.બી. ઝાલા અને ડૉ. એસ.એસ. થોરાટને બેસ્ટ ઓરલ પ્રેઝન્ટેશન અને ડૉ. એચ.સી.પટેલ, કિરપાલ ચૌધરી અને અક્ષયા વી.ટી. ને બેસ્ટ પોસ્ટ પ્રેઝન્ટેશન અને ડૉ. એચ.સી. પટેલ, કિરપાલ ચૌધરી અને અક્ષયા વી.ટી.ને બેસ્ટ પોસ્ટર પ્રેઝન્ટેશન એવોર્ડસ જ્યારે ડૉ. એન.આર.ચૌહાણે આઉટ સ્ટેન્ડિંગ પીએચ.ડી. થીસીસ એવોર્ડ મેળવી આણંદ કૃષિ યુનિવર્સિટીનું રાષ્ટ્રીય કક્ષાએ ગૌરવ વધાર્યુ છે. સંમેલનમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ અલગ અલગ તાંત્રિક બેઠકોમાં અધ્યક્ષ, સહ અધ્યક્ષ અને રીપોયાર રીપોર્ટીયર તરીકે ફરજ બજાવી હતી.

# નડિયાદ ટાઉન હોલની જગ્યામાં ચાલતા મંજૂરી વગરના સાયકલ સ્ટેન્ડ અંગે કમિશનર દ્વારા તપાસ

નડીયાદ તા ૨૫

નડિયાદ શહેરમાં બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશન પાસે આવેલ વર્ષો જૂના તોડી પાડવામાં આવેલ ટાઉન હોલની જગ્યા માં એક ઈસમ દ્વારા ચલાવવામાં આવતા ગેર કાયદેસર સાયકલ સ્ટેન્ડ બાબતે આવેલી રજૂઆતના મુદ્દે નડિયાદ મનપા કમિશનર જી એચ સોલંકી દ્વારા તપાસનો આદેશ આપવામાં આવ્યો છે અને આવું કરનાર સામે પગલાં ભરવા પણ તૈયારી બતાવી છે

નડિયાદ શહેરમાં બસ સ્ટેન્ડ અને રેલ્વે સ્ટેશન પાસે આવેલ વર્ષો જૂનો ટાઉન હોલ કાળક્રમે જાળવણી ના અભાવે જર્જરિત થતાં મહાનગરપાલિકા તંત્ર દ્વારા આ વર્ષો જુના ટાઉન હોલને તોડી પાડી જગ્યા ખુલ્લી કરવાં માં આવી છે મનપા દ્વારા તોડી પાડેલ આ ટાઉન હોલ અને બાજુ જૂની જેલ ની જગ્યા માં સિટી બસ સ્ટેન્ડ અને કોમ્પલેક્ષ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે જોકે તોડી પાડેલ ટાઉનહોલની જગ્યામાં ભૂતકાળમાં પાલિકા તંત્ર દ્વારા એક ઈસમ ને સાયકલ સ્ટેન્ડ ચલાવવા માટે ઈજારો આપવામાં આવ્યો હતો દરમિયાન નડિયાદને મનપાનો દરજ્જો મળ્યા બાદ ટાઉન હોલ તોડી પાડવામાં આવ્યા પછી આ ઈસમને આપેલ ઈજારો રદ થઈ ગયો હોવાનું કહેવાય છે તેમ છતાં કોઈ અન્ય ઈસમ દ્વારા તોડી પાડેલ ટાઉનહોલની જગ્યામાં સાયકલ સ્ટેન્ડ ચલાવી ત્યાં વાહનો મુકવા આવતા લોકો પાસે પૈસા વસૂલતો હોવાના આક્ષેપ સહની રજૂઆત મનપા કમિશનર જી એચ સોલંકી સમક્ષ થઈ હતી જેના પગલે મનપા કમિશનર દ્વારા આ અંગે તપાસના આદેશ આપવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે

# કણજરી નગરપાલિકા ખાતે પીએમ સ્વનિધિ યોજના હેઠળ લોક કલ્યાણ મેળાનું આયોજન

નડિયાદ, તા. ૨૫

કણજરી નગર પાલિકા ખાતે તાજેતરમાં પીએમ સ્વનિધિ યોજના હેઠળ 'લોક કલ્યાણ મેળા'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ લોક કલ્યાણ મેળા દરમ્યાન પીએમ સ્વનિધિ ૨.૦ યોજના અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. મેળા દરમિયાન ૧૫, ૨૫ અને ૫૦ હજારની નવીન અરજી સ્વીકારી લેવામાં આવી અને બેંક મેનેજર્સ દ્વારા તેનું સેમ્પલ સેકશન પણ યોજાયું. લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવ્યા હતા અને બેંક મેનેજર્સ દ્વારા




સીબીઆઈએલ સ્કોર અને સાઈબર ફ્રોડ વિષે પણ સમજાવટ કરવામાં આવી જેથી લાભાર્થીઓ વધુ સચેત અને જાણકાર બની શકે.

# પેરા એથલીટ રમતવીરો માટે સ્પેશિયલ ખેલ મહાકુંભ-૨૦૨૫ યોજાશે

નડિયાદ, તા. ૨૫

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત સ્પે. ખેલ મહાકુંભ ૨૦૨૫નું આયોજન ટૂંક સમયમાં થનાર છે. જેમાં ફક્ત શારીરિક ક્ષતિ (OH) ધરાવતા દિવ્યાંગ ખેલાડીઓ ભાગ લઈ શકશે.

આ સ્પે. ખેલ મહાકુંભ ૨૦૨૫ના ફોર્મ ભરવા માટે તા. ૨૫ સપ્ટેમ્બર થી ૨૦ ઓક્ટબર સુધીમાં જરૂરી ફોર્મ સાથે સિવિલ સર્જન સર્ટિફિકેટ, આધાર કાર્ડ, બૅંક પાસબૂક, અને પાસપોર્ટ સાઈઝ ફોટો સાથેધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ ઓફ ધી ખેડા ડીસ્ટ્રીક્ટ નડીઆદ તથા પેરા સ્પોર્ટ્સ અસોશિએશન નડીઆદ-ખેડાની ઓફિસ રામ તલાવડી રેલ્વે ફાટક પાસે, મિશન રોડ, નડીઆદ પર સવારે ૧૦:૦૦ થી બપોર ના ૦૧:૦૦ વાગ્યા સુધીમાં સંપર્ક કરી શકાશે.




# આણંદથી આશાપુરીના પગપાળા સંઘનું આયોજન

આણંદ, તા.૨૫

મોટા અડધ નાના અડધ પાટીદાર સમાજ આણંદ અને સાંઈબાબા જન સેવા ટ્રસ્ટ આણંદ દ્વારા આસો સુદ છઠ્ઠને રવિવાર તા.૨૮ સપ્ટેમ્બરે સવારે ૩:૦૦ કલાકે આણંદ અંબાજી મંદિર (સાંઈ બાબા મંદિર)થી આશાપુરી પીપળાવ પગપાળા સંઘનું આયોજન કરાયું છે. જે વ્યક્તિ પગપાળા ન આવી શકે તેમ હોઈ તે વ્યક્તિ પોતાના સાધનમાં આશાપુરી પહોંચી શકે છે.

માં આશાપુરી આણંદ ગામની કુળદેવી હોઈ મહા, ચૈત્ર, અષાઢ તથા આસો માસની નવરાત્રીમાં પગપાળા આશાપુરી જઈ ધજા આરોહણ કરવા આવે. રવિવારે સવારે આણંદથી ૩:૦૦ કલાકે પ્રસ્થાન કરી આશાપુરી પહોંચી સવારે ૭:૩૦ કલાકે ધજા આરોહણ કરવામાં આવશે.

# જોગણમાં હેલ્થ ચેક અપ કેમ્પ



આણંદ, તા.૨૫

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પંડોળી હસ્તકના આયુષ્યમાન આરોગ્ય મંદિર ખડાણના જોગણ ગામ ખાતે સ્વામી નારાયણ મંદિર માં સ્વસ્થ નારી સશક્ત પરીવાર અને હેલ્થ ચેકપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં જોગણ ગામના ગ્રામ જનોની આરોગ્યની તપાસ કરી સારવાર કરવામાં આવી હતી. સાથે આયુષ્યમાન કાર્ડ પણ કાઢી આપવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે પેટલાદના ધારાસભ્ય કમલેશભાઈ પટેલ તથા આરોગ્ય સમિતિના ચેરમેન બાદલભાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

# ખાંખણપુરમાં પોષણ કિટનું વિતરણ



આણંદ, તા.૨૫

પ્રા.આ.કેન્દ્ર સુંદલપુરાના આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાંખણપુર ખાતે ટીબી મુક્ત ભારત અભિયાન ૨૦૩૦ અન્વયે કોમ્યુનિટી સ્પોટ ટુ ટી.બી. પેશન્ટ પ્રોગ્રામ અંતર્ગત દાતા ગામના સરપંચ ગીતાબેન જગદીશભાઈ ચૌહાણ દ્વારા ટી.બી. ના ૬ દર્દીઓને અને ૧ સગર્ભા માતાને મળી કુલ ૭ પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# બી.એ. પટેલ હાઈસ્કૂલ ચાંગા દ્વારા એક દિવસીય ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ



આણંદ, તા. ૨૫

બી.એ. પટેલ હાઈસ્કૂલ ચાંગામાં વોકેશનલ વિષય અંતર્ગત એક દિવસીય ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું. તે અંતર્ગત ધો.૯ થી ૧૨ના એગ્રીકલ્ચર તેમજ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ હાર્ડવેર વિષયના ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓ વિઝિટ માટે જોડાયા હતા અને મોડલ નર્સરી બાગાયત વિભાગ કૃષિ યુનિવર્સિટી આણંદ, અમૂલ ચોકલેટ પ્લાન્ટ મોગર, આણંદ, એડીઆઈટી કોલેજ વિદ્યાનગરમાં ઈલેક્ટ્રોનિક્સ લેબ, મેજરમેન્ટ લેબ અને આઈડીયા લેબની મુલાકાત કરવામાં આવી હતી.

# નગર પ્રા.શાળા નં.૨૫ ખાતે બાલઆહાર કિટનું વિતરણ



આણંદ, તા. ૨૫

આણંદ શહેર વોર્ડ નં. ૩માં આવેલ રોયલ પ્લાઝા પાસે નગર પ્રાથમિક શાળા નં. ૨૫ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે બાળકોના સર્વાંગી વિકાસ માટે બાલ આહાર કિટનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે આણંદ શહેર ભાજપના કાર્યકરો, શાળાના આચાર્ય, શિક્ષકો તથા આંગણવાડીની બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# આણંદ: બાલશાથી સન્માન




આણંદ, તા. ૨૫

ગુજરાત શૈક્ષણિક સંસ્કૃતિક મંચ દ્વારા સંગોષ્ઠી-૮ દિલ્હીમાં બાલવાર્તા અભિયાન અંતર્ગત પ્રવૃત્તિશીલ શિક્ષકોને બાલસાથી સન્માન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમાં રાજનીતિ કી પાઠશાલાના સંસ્થાપક ડો. અજય પાંડેના હસ્તે મુખ્ય કુમારશાળા સારસા આણંદના તાલુકાના શિક્ષક ડો. કિરીટભાઈ ડી. ચૌહાણને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# માતરમાં ૧૫૧ કળશ ઉપર અખંડ ઘીના દિવા સાથે નવરાત્રિ અનુષ્ઠાન

### જગદ્ગુરુ શંકરાચાર્ય મહારાજની નિશ્રામાં રાજયમાં સૌપ્રથમ આયોજન

આણંદ, તા.૨૫

હાલ નવરાત્રિ પર્વની ભકિત અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી રહી છે. માતર તાલુકાના શંકરાચાર્ય નગર ખાતે જગદ્ગુરુ શંકરાચાર્ય મહારાજની નિશ્રામાં નવરાત્રિ પર્વનું આયોજન કરાયું છે. જેમાં મા ત્રિપુરસુંદરી અને મા ભદ્રકાળી સન્મુખ ૧૫૧ કળશ ઉપર ૧૫૧ ઘીના દિવા પ્રજવલ્લિત કરવામાં આવ્યા છે. સાથોસાથ જવારા રોપવામાં આવ્યા છે. ૧૫૧ અખંડ દીવાના કળશની બાજુમાં જયારે જવારા બહાર આવશે ત્યારે મનોરમ્ય



દૃશ્ય સર્જાશે. નવરાત્રિના ૯ દિવસ દરમ્યાન અખંડ દીપ રહેશે.

રાજયમાં આ પ્રકારનું સૌપ્રથમ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જોડાયેલા ભકતોના ગોત્ર મુજબ વિધિવિધાનથી આ સ્થાપન કરવામાં આવ્યું છે. મોટી સંખ્યામાં ભાવિકજનો શ્રદ્ધાપૂર્વક દર્શનનો લ્હાવો લઈ રહ્યા છે. સાથોસાથ નવરાત્રિ દરમ્યાન દરરોજ સાંજે ૬થી ૭ કલાક દરમ્યાન જગદ્ગુરુ શંકરાચાર્ય મહારાજના સાનિધ્યમાં સત્સંગ, દર્શનનો શ્રદ્ધાળુઓ લાભ લઈ રહ્યા છે.

# આણંદ : અજાણ્યા વ્યકિતએ જમા કરાવેલા રૂ.૭૦ના કારણે બે માસથી મહિલાનું બેંક એકાઉન્ટ ફ્રીઝ

### સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરતા કલેકટરે ઝડપથી ખાતુ અનફ્રિઝ કરાવવાની આપી બાંહેધરી

આણંદ, તા.૨૫

આણંદ નજીકના લાંભવેલની એસબીઆઈ બેંકમાં ખાતુ ધરાવતા મહિલાના એકાઉન્ટમાં બે માસ અગાઉ કોઈ અજાણ્યા વ્યકિતએ જમા કરાવેલા રૂ.૭૦ના કારણે તેમનું એકાઉન્ટ સાયબર સેલની સૂચનાથી ફ્રિઝ કરાયું હતું. આ અંગે સ્થાનિક અને સુરત સાયબર સેલમાં સતત સંપર્ક કરવા છતાં કોઈ નિરાકરણ થયું ન હતું. જયારે ગાંધીનગર સાયબર સેલમાં અનેકો કોલ કરવા છતાંયે કોઈ જવાબ મળ્યો ન હતો. આખરે આ મામલે સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરી હતી. જેમાં કલેકટરે સંલગ્ન બેંક અધિકારીઓને તાકિદ કરી હતી અને શકય તેટલી ઝડપે બેંક ખાતુ અનફ્રિઝ કરાવવાની અરજીકર્તાને બાંહેધરી આપી હતી.

મળતી વિગતોમાં લાંભવેલની એસબીઆઈ બેંકમાં ખાતુ ધરાવતા શીતલબેન પ્રજાપતિએ બેંકમાં તપાસ કરતા બેંક મેનેજરે જણાવ્યું હતું કે, તેમના ખાતામાં કોઈએ રૂ.૭૦ જમા કરાવ્યા છે. તેમનું ખાતું સાયબર સેલ દ્વારા ફિઝ કરાયું છે. જેથી આણંદ સાયબર સેલમાં તપાસ કરતા સુરત જીઆઈડીસી પોલીસ સ્ટેશન દ્વારા ખાતુ ફ્રીઝ કરાયાની માહિતી મળી હતી. સુરત પોલીસ સ્ટેશને ફોન કરતા કોઈ રીપ્લાય મળ્યો ન હતો.

દરમ્યાન સુરત પીઆઈનો સંપર્ક કરતા જણાવ્યું હતું કે, અમે તમારું ફ્રીઝ બેંક એકાઉન્ટ ખોલવા માટે ગાંધીનગર સાયબર સેલમાં ઈમેઈલ કરી દીધો છે અને ત્યાંનો ઈમેઈલ એકાઉન્ટ નંબર આપ્યો હતો. પરંતુ ગાંધીનગર ખાતે ૫૦થી વધુ કોલ કરવા છતાંયે કોઈ રીપ્લાય મળ્યો ન હતો. એક માસ સુધી ઈમેઈલ કરવા છતાં કોઈ જવાબ ન મળતા અંતે શીતલબેને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અરજી કરી હતી.

ગતરોજ યોજાયેલ તાલુકા સ્વાગત કાર્યક્રમાં કલેકટરે શીતલબેનની ફરિયાદ ધ્યાને લીધી હતી અને શકય તેટલી ઝડપે ખાતુ અનફ્રિઝ કરાવવાની બાંહેધરી આપી હતી. ઉપરાંત અઠવાડિયામાં કેસ સોલ્વ ન થાય તો પોતાનો સંપર્ક કરવાનું કહીને નંબર આપ્યો હતો. જો કે તંત્ર દ્વારા જાણ કરવા છતાંયે બેંક અધિકારી હાજર રહ્યા નહતા. જેથી આ ઘટનામાં વેળાસર નિરાકરણ લાવવા કલેકટરે તાકિદ કરી હોવાનું જાણવા મળે છે.

# આણંદ : બે દાયકાથી શિક્ષણના ભોગે BLO અને SOની કામગીરી કરતા શિક્ષકોની મુખ્યમંત્રીને રજૂઆત

### આણંદ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાના અંદાજે ૬ હજાર શિક્ષકોમાંથી આશરે ૧૨૦૦થી વધુને બીએલઓની કામગીરી

આણંદ, તા.૨૫

છેલ્લા બે દાયકાથી સરકારી શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓના શિક્ષણના ભોગે બીએલઓ અને એસઓની કામગીરી પ્રાથમિક શિક્ષકો કરી રહ્યા છે. તેઓની કામગીરી શિક્ષણ સિવાય અન્ય ૨૨ વિભાગના કર્મચારીઓને સોંપી શકાય તેવો રાજય ચૂંટણી પંચ દ્વારા અગાઉ આદેશ કરાયો છે. છતાંયે આદેશને સરકારી ફાઈલોમાં કેદ કરાયો હોય તેમ આ વર્ષે પણ પ્રા.શિક્ષકોના માથે બીએલઓની કામગીરી થોપવામાં આવી છે. જેથી પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ, ગુજરાત દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરીને બીએલઓની કામગીરીમાંથી પ્રા.શિક્ષકોને મુકત રાખવા માંગ કરી છે.

આણંદ જિલ્લામાં ૯૫૦થી વધુ સરકારી પ્રા.શાળાઓમાં ૬ હજાર શિક્ષકો ફરજ બજાવે છે. તે પૈકી ૧૨૦૦થી વધુ શિક્ષકોને બીએલઓની કામગીરીમાં જોતરવામાં આવ્યા છે. હાલમાં પ્રાથમિક શિક્ષક તરીકે નોકરીમાં આશરે ૭૦ ટકા મહિલાઓ હોવાથી બીએલઓની કામગીરી કરવા માટે ઘરે જવામાં અનેક તકલીફ વેઠવાની ફરજ પડી રહી છે. જયારે કેટલાક વિસ્તારોમાં કેટલાક અરજદારો સહયોગ ન આપતા હોવા સાથે તોછડું વર્તન કરવા સહિતની સ્થિતિનો સામનો કરવાની ફરજ પડી રહી છે. આ સ્થિતિના પગલે પ્રાથમિક શિક્ષકોને બીએલઓની કામગીરીમાંથી મુકત કરવાની માંગ ઉઠી છે.

પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ, આણંદના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, શાળાના બાળકોના શિક્ષણના ભોગે કોઈપણ બિનશૈક્ષણિક કામગીરી પ્રાથમિક શિક્ષકોને ન સોંપવાનો રાજયના શિક્ષણ વિભાગે આદેશ કર્યો છે. પરંતુ તેની અમલવારી જ કરવામાં આવી રહી નથી. આથી આ બાબતે મુખ્યમંત્રીને રજૂઆત કરીને પ્રાથમિક શિક્ષકોને ન્યાય મળે તેવી આશા સેવી રહ્યા છીએ.

# ઠાસરા: પતિના અન્ય યુવતી સાથેના આડા સંબંધની જાણ પત્નીને થતા ૧૮૧ની ટીમે કરેલું કાઉન્સેલીંગ

### ૩૦ વર્ષના લગ્નજીવન બાદ પતિ પત્ની વચ્ચે વોની એન્ટ્રી થઇ અને ઝઘડા શરૂ થયા, જોકે ૧૮૧ની ટીમે પતિને સમજાવતા પ્રેમસંબંધ પર પૂર્ણવિરામ મૂક્યું

નડીયાદ તા ૨૫

ઠાસરામાં સુખેથી રહેતા દંપત્તિના લગ્નજીવનમાં વોની એન્ટ્રી થતાં ઝઘડાઓ શરૂ થઈ જવા પામતાં આખરે મહિલા અભયમની ૧૮૧ની ટીમે કાઉન્સેલીંગ કરીને દંપત્તિ વચ્ચે સમાધાન કરાવતા ઘીના ઠામમાં ઘી પડવા પામ્યું હતુ.

મળતી માહિતી મુજબ ઠાસરાની એક મહિલાએ ૧૮૧ની ટીમને ફોન કરીને મદદ માગી હતી. જેથી આ ટીમ મહિલા પાસે પહોંચી ગઈ હતી.મહિલાએ ૧૮૧ની ટીમને જણાવ્યું હતું કે તેના પતિને બીજી મહિલા સાથે દોઢ વર્ષથી સંબંધ છે, જેની જાણ તાજેતરમાં જ લોકોની વાતો પરથી થઈ હતી. પતિ પાસે આનો ખુલાસો માંગતા તેણે ગોળ-ગોળ જવાબ આપ્યા હતા. પરંતુ લોકોની વાત મુજબ તેના પતિ મહિલાને ગામની બહારથી ગાડીમાં બેસાડી લઈ જતા હતા. પતિના આ આડા સંબંધને પત્નીએ પોતાની સગી આંખે જોયા હતા અને બંનેને રંગે હાથ પકડ્યા હતા.

જેથી બંને વચ્ચે ઝઘડા થયા હતા. પતિ તેની પ્રેમિકા લઈને ભાગી પણ ગયો હતો. જો કે આ વાત ગુપ્ત રહી હતી. અન્ય યુવતી સાથે પ્રેમમાં મસ્ત બનેલા પતિએ પતનીને મારે તો મારી ગમતી મહિલાને પત્ની બનાવી છે તું મને છુટાછેડા આપી દે આમ કહી ઝઘડા પણ કરતા હતા. ૧૮૧ ની ટીમે મહિલાની આ વાત સાંભળી હતી અને બાદમાં તેના પતિ ને સમજાવ્યા હતા નડિયાદ મહિલા અભયમની ટીમે પીડિતાના પતિનું કાઉન્સેલિંગ કર્યુ અને તેમને ૩૦ વર્ષના લાંબા લગ્ન જીવન અને સંતાનોના ભવિષ્ય અંગે વિચારવા સમજાવ્યા. તેમજ ટીમે પતિને ભારપૂર્વક જણાવ્યું કે તેમના સંતાનોને આ વાતની ખબર પડશે તો તેમને સાસરીમાં કે સમાજમાં કેવું સાંભળવું પડશે. વધુમાં, જ્યારે સંતાનો આવું કરે ત્યારે માતા-પિતાએ તેમને સમજાવવાના હોય છે, ત્યારે પોતે જ આવા આડાસંબંધો રાખે તે યોગ્ય નથી. અભયમની ટીમના સમજાવટ બાદ પીડિતાના પતિએ હવેથી તે મહિલા સાથે કોઈ સંબંધ નહીં રાખે તેની ખાતરી આપી હતી. આમ, બંને પક્ષોની સહમતીથી આ મામલે સમાધાન કરાવવામાં આવ્યું હતું અને પારિવારિક સંબંધો પુનઃસ્થાપિત કરાયા હતા.

# વિદ્યાનગરની યુવતી ગૂમ થતાં ફરિયાદ

આણંદ, તા.૨૫

આણંદ નજીક આવેલા વિદ્યાનગરના મહિવાસ ગર્લ્સ હોસ્ટેલની સામે રહેતી દિવ્યા પ્રવિણભાઈ પરમાર (ઉ. વ. ૨૦)ગત ૨૩મી તારીખના રોજ ઘરેથી કોઈને કાંઈપણ કહ્યા વગર નીકળીને ક્યાંક ગૂમ થઈ જવા પામી હતી.જેની શોધખોળ કરવા છતાં પણ ના મળી આવતાં આ અંગે વિદ્યાનગર પોલીસે જાણવા જોગ નોંધ દાખલ કરીને તપાસ હાથ ધરી હતી.

ટચૂકડી જાહેરખબર
પ્રસિદ્ધ થાય છે બુધવાર શુક્રવાર રવિવાર
આપના વ્યવસાયને લગતી ટચૂકડી સરદાર ગુર્જરીમાં સૌથી ઓછા ભાવે...
ફક્ત રૂા. 50/-
સંપર્ક : ૦૨૬૯૨-૨૬૮૨૬૭,૨૬૬૨૬૭
M. 84606 84000

## કરમસદ આણંદ મહાનગરપાલિકા

**જાહેર નિવિદા નંબર - CE ૪૧ સને ૨૦૨૫-૨૬**

કરમસદ આણંદ મહાનગરપાલિકા, મહાત્મા ગાંધી માર્ગ, સ્ટેશન રોડ, આણંદ - ૩૮૮ ૦૦૧ની કચેરી દ્વારા યોગ્ય ઈજારદારો પાસેથી સુએઝ સબમર્શીબલ પંપ ફીટ કરવા માટે ૬''ની કૉલમ પાઈપો તથા ૬''ના બેન્ડ ખરીદ કરવાની કામગીરીના કામે અંદાજીત રકમ રૂા.૪.૨૭ લાખ સુધીના ઓફલાઈન ટેન્ડરથી ભાવ મંગાવવાનું નક્કી કરેલ છે. સદર કામે ઓફલાઈન ટેન્ડર અત્રેની કચેરીએ તા.૨૬/૦૯/૨૦૨૫ થી તા.૦૬/૧૦/૨૦૨૫ સુધી મળશે. જેને તા.૦૯/૧૦/૨૦૨૫ કચેરી સમય સુધીમાં RPAD/SPEED POST દ્વારા પરત કરવાના રહેશે. તથા ટેન્ડર નોટિસ અંગેનો હવે પછીનો કોઈપણ જરૂરી સુધારો ફક્ત અત્રેની કચેરીએ નોટિસ બોર્ડ પર જોવા મળશે. (માહિતી/આણંદ/૫૦૫/૨૦૨૫-૨૬)

સરદાર ગુર્જરી
■ વર્ષઃ ૨૫ ■ અંકઃ ૧૦૧ ■ શુક્રવાર, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫

# લેહમાં હિંસા

લદ્દાખને અલગ રાજ્યનો દરજ્જો આપવાની અને આ પ્રદેશને બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં સામેલ કરવાની માંગને લઈને લેહમાં ચાલતું શાંતિપૂર્ણ આંદોલન જે રીતે હિંસક બન્યું અને જેના પરિણામે ચાર લોકોનાં મોત થયા અને અનેક ઘાયલ થયા, તેની પાછળ કોઈ શરારત હોવાની શક્યતા નકારી ન શકાય. આ શંકા એટલા માટે, કારણ કે હિંસા દરમિયાન ભાજપ કચેરીને આગ લગાવવાનો તેમજ લદ્દાખ સ્વાયત્ત પર્વતીય વિકાસ પરિષદની કચેરીને નુકસાન પહોંચાડવાનો અને સુરક્ષા દળોના વાહનોને નિશાન બનાવવાનો પ્રયાસ થયો. આ આંદોલન હિંસક ઉપદ્રવમાં એટલા માટે ફેરવાઈ ગયું, કારણ કે અનશન પર બેઠેલા બે લોકોની તબિયત બગડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. લદ્દાખની માંગોને લઈને આંદોલન ભલે લેહ એપેક્સ બોડી અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સના નેતૃત્વ હેઠળ ચાલી રહ્યું હોય, પરંતુ તેની કમાન મુખ્યત્વે પર્યાવરણ અને સામાજિક કાર્યકર સોનમ વાંગચુકના હાથમાં હતી. લાગે છે કે તેઓ પોતાના આંદોલનમાં જોડાયેલા લોકો અને ખાસ કરીને રાજકીય પક્ષોના કાર્યકરો પર નિયંત્રણ રાખી ન શક્યા. એ સાચું છે કે હિંસા ભડક્યા પછી વાંગચુકે અનશન સમાપ્ત કરી શાંતિની અપીલ કરી, પરંતુ તેમણે એ પણ વિચારવું પડશે કે તેમનું શાંતિપૂર્ણ આંદોલન હિંસક તત્ત્વોએ કેવી રીતે પાટા પરથી ઉતારી દીધું?

> લદ્દાખમાં જે ચિંગારી શાંત થઈ રહી હતી, અચાનક તેને કોણે ભડકાવી? લદ્દાખમાં હિંસાથી પહેલાંની ઘટનાઓ જોવામાં આવે તો પુરાવા ચીસ પાડીને સાબિત કરે છે કે અહીં સ્થિતિ આપમેળે બગડી નહોતી, પરંતુ તેને સુનિયોજિત ષડયંત્ર હેઠળ ભડકાવવામાં આવી હતી

આ હિંસાનું કોઈ ઔચિત્ય નહોતું, કારણ કે ગૃહ મંત્રાલયે ૬ ઓક્ટોબરે લદ્દાખના પ્રતિનિધિમંડળ સાથે આગામી ચરણની ચર્ચા નક્કી કરી હતી. આ ચર્ચા થયા પહેલાં જ માંગણીઓને માનવાની જિદ્દ પકડવાનો કોઈ અર્થ નહોતો. જ્યારે લદ્દાખ જમ્મુ-કાશ્મીરનો ભાગ હતો ત્યારે આ વિસ્તારમાં કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાની માંગ થતી હતી. જ્યારે કલમ ૩૭૦ દૂર કર્યા બાદ તેને આ દરજ્જો મળી ગયો તો અલગ રાજ્યની માંગ પર ભાર મૂકાવા લાગ્યો. તેની જરૂરિયાતને સાબિત કરતી દલીલો તો કરી શકાય છે, પરંતુ તેના પર ભાર મૂકવા માટે હિંસાની રાહ પકડવી દુર્ભાગ્યપૂર્ણ પણ છે અને ચિંતાજનક પણ. લદ્દાખને અલગ રાજ્યનો દરજ્જો આપવાની માંગ કરનારા આ વિસ્તાર માટે પોતાનો લોક સેવા આયોગ પણ ઈચ્છે છે અને એકને બદલે બે લોકસભાની બેઠકો પણ - એક લેહ માટે અને બીજી કારગિલ માટે! એ સાચું છે કે જમ્મુ-કાશ્મીરનો ભાગ હોવા સમય દરમિયાન લદ્દાખને ૩૭૦ હેઠળ જે ખાસ અધિકારો મળ્યા હતા, તે કેન્દ્રશાસિત બન્યા બાદ સમાપ્ત થઈ ગયા, પરંતુ એ નિષ્કર્ષ પર પહોંચવું યોગ્ય નહીં ગણાય કે તેને કારણે વિસ્તારના લોકોની સંસ્કૃતિ અને જમીનો માટે ખતરો ઊભો થઈ ગયો છે. એવું લાગે છે કે આ ખતરાનો ખોટો હાઉ ઊભો કરવામાં આવ્યો. જે હોય તે, કેન્દ્ર સરકારે આ અશાંત બનેલા વિસ્તારમાં શાંતિપૂર્ણ વાતાવરણ જાળવવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી પડશે, કારણ કે આ ચીન અને પાકિસ્તાન સાથે જોડાયેલો વિસ્તાર છે.

## અંતર્દૃષ્ટિ

# વ્યક્ત થતાં શીખો

વારંવાર ઉપયોગ કરવાથી જેમ માંસપેશીઓ મજબૂત બને છે, તેમ આત્મા પણ પોતાના ગુણોના અભ્યાસથી વિકસે છે. જીવનનો અર્થ છે પોતાના વિચારો, લાગણીઓ અને ઊર્જાની અભિવ્યક્તિ. જો આપણે પોતાની લાગણીઓને દબાવીએ છીએ, તો એક અવરોધ ઊભો થાય છે, જે આત્મા માટે મોત સમાન છે. પરંતુ અભિવ્યક્તિ સાચી અને ખોટી બન્ને હોઈ શકે છે. જો કોઈ વ્યક્તિ પોતાની જિંદગી બેકાબૂ થવા દે છે અને ફક્ત પોતાની શારીરિક ઈચ્છાઓને જ વ્યક્ત કરે છે, તો તે પોતાની આત્માના ઉચ્ચ અને શ્રેષ્ઠ ગુણોને દબાવે છે. જે ગુણોનો ઉપયોગ થતો નથી, તે ધીમે ધીમે સમાપ્ત થઈ જાય છે. લોકો પોતાના પાપોની સજા ભોગવે છે. ભોગ-વિલાસ, લોભ અને અનિયંત્રિત જીવન આત્માના વિકાસને રોકે છે અને આત્મા પૂર્ણ રીતે ખીલી નથી શકતો. આ જ છે આત્માને ગુમાવી દેવું. સદીઓથી વિચારશીલ લોકો આ સત્યને સમજતા આવ્યા છે. ઘણીવાર લોકો ભૌતિક સુખોની જિંદગી છોડી આત્માના માર્ગ પર ચાલવાનું નક્કી કરે છે. આત્મા દ્વારા અભિવ્યક્તિ કે શરીર દ્વારા - આ પ્રશ્ન હંમેશાં તત્ત્વચિંતન અને ધર્મનું કેન્દ્ર રહ્યો છે. ધર્મ નૈતિકતા અને શ્રદ્ધાનું મિશ્રણ છે, પરંતુ આ બન્ને અલગ છે. શ્રદ્ધા એ છે, જે આપણને અજાણ્યા વિશે કહે છે. તેને સ્વીકાર્ય બનાવવા માટે મોટાભાગના લોકો તેને નૈતિકતાથી જોડે છે. નૈતિકતા પોતે સંપૂર્ણ હોઈ શકે છે, પરંતુ શ્રદ્ધા હંમેશાં નૈતિકતાને આધારિત રહે છે.

લોકો આ બન્નેને જોડવાનો પ્રયત્ન કરે છે. નૈતિકતા અને ધર્મ કદી સંપૂર્ણપણે એક નથી. નૈતિકતાનો પ્રશ્ન ફક્ત એટલો છે કે તમે તમારી જીવન ઊર્જાનો ઉપયોગ કેવી રીતે કરો છો. તમારી પાસે જેટલી ઊર્જા છે, તેને તમે ક્યાં લગાવશો? કેટલાક લોકો, જે પોતાને શ્રેષ્ઠ માને છે, તમને સલાહ આપે છે કે શું સાચું છે અને શું ખોટું છે. તેઓ દાવો કરે છે કે તેમની સલાહ ઈશ્વરપ્રેરિત છે અને જો તમે તેને માનો છો, તો તમને ઈનામ મળશે, નહીંતર સજા. આ રીતે તેઓ લોકોને પોતાના હિસાબે ચલાવે છે. સ્પષ્ટ છે કે દરેક ધર્મમાં નૈતિકતા અને શ્રદ્ધાનું મિશ્રણ હોય છે. મોટાભાગના ધર્મોની નૈતિકતા સારી હોય છે - પ્રેમ, સત્ય, દયા, ન્યાય અને વિનમ્રતા જેવા ગુણ બધા ધર્મો શીખવે છે. જીવનને કેવી રીતે વ્યક્ત કરવું એ પ્રશ્ન કદાચ કદી સમાપ્ત નહીં થાય, કારણ કે દરેક માનવીનું સ્વભાવ અને રસ અલગ હોય છે. પરંતુ કોઈ એક વ્યક્તિ, જે માને છે કે તેણે આદર્શ શોધી લીધો છે, અન્ય લોકોને ત્યાં જ અટકાવવા મજબૂર કરવાની ઈચ્છાએ અગણિત યુદ્ધો અને ઝઘડા ઊભા કર્યા છે. તમે પોતે સાચું-ખોટું ઓળખી શકો છો, ફક્ત તમારે જ્ઞાન પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવું છે. તમારા વિચારો, લાગણીઓ અને ઊર્જાને વ્યક્ત કરવાનું શીખો.

## કથાસાગર

# ઈશ્વરની પ્રસન્નતા

રાબિયા બસરી એક ખૂબ જ ધાર્મિક સ્ત્રી હતી. તે એક ઝુંપડીમાં રહેતી હતી. સૂવા માટે એક ગાદલું, તકિયાને બદલે એક ઈંટ, એક નાનું વાસણ અને એક તૂટેલો માટીનો ગ્લાસ - બસ આટલી જ તેની સંપત્તિ હતી. કેટલાક લોકો તેની મુલાકાતે આવ્યા અને તેની હાલત પર તેમને દયા આવી. તેમને લાગ્યું કે તે ઈશ્વરની આટલી ઉપાસના કરે છે, છતાં તેના માટે કોઈ સુવિધા નથી, ત્યાં સુધી કે એક સારો તકિયો પણ નથી.

રાબિયાએ તેમના મનની વાત સમજી લીધી. રાબિયાએ તેમને પ્રશ્ન કર્યો, 'શું ઈશ્વર સર્વશક્તિમાન છે?' તેમણે કહ્યુંઃ 'હા.'

તેણે ફરી પ્રશ્ન કર્યો, 'શું તે આકાશને ભૂમિમાં અને ભૂમિને આકાશમાં બદલી શકે?'

તેમણે કહ્યુંઃ 'હા.'

તેણે ફરી પૂછ્યુંઃ 'શું તે મારી સ્થિતિ સહેલાઈથી બદલી શકે?' તેમણે કહ્યુંઃ 'હા, તે તને રાજકુમારી જેટલી ધનિક બનાવી શકે છે.'

તેણે આગળ પૂછ્યુંઃ 'તેણે મારી સ્થિતિ બદલી નથી, શું એ સત્ય છે કે નહીં?' તેઓ સહમત થયા.

પછી રાબિયાએ તેમને સમજાવ્યુંઃ 'એનો અર્થ એ છે કે ભગવાન મારી આ હાલતથી ખુશ છે. જો ભગવાન ખુશ છે તો હું ગુસ્સે કેવી રીતે થઈ શકું?'

આ જ ભક્તની સમજ છે. તેને સમજવું અને આત્મસાત કરવું કઠિન છે. આપણને ઈશ્વરની ઈચ્છા ત્યારે જ સમજાય છે જ્યારે બીજાને દુઃખ થાય છે. ત્યારે આપણે તેમને સાંત્વના આપીએ છીએ. એ એવું જ છે જેમ આપણે કોઈના માટે શોક મનાવીએ છીએ.

# સંયુક્ત સૈન્ય સ્ટેશનથી વધશે કાર્યક્ષમતા

**અત્યારે સેનાના ત્રણેય અંગો પોતાના-પોતાના સ્ટેશનો પર પોતાની વ્યવસ્થાઓ, સાધનો અને સુવિધાઓ અલગથી સંભાળી રહ્યા છે, ત્યાં પણ જ્યાં સેના માટે એક કરતાં વધુ સેવાઓ હાજર છે. પરંતુ જ્યારે સંયુક્ત સૈન્ય સ્ટેશન બનશે, ત્યારે સેનાના અલગ અલગ અંગોની તમામ સુવિધાઓ અને વ્યવસ્થાઓ એક જ છત્ર હેઠળ આવશે અને તેમની સંભાળની જવાબદારી કોઈ એક જ સેવાના હાથમાં રહેશે**

તાજેતરમાં કોલકાતામાં યોજાયેલ સંયુક્ત કમાન્ડરોના સંમેલનમાં ત્રણ સંયુક્ત સૈન્ય સ્ટેશનોની રચના જાહેર કરવામાં આવી. આ પહેલ હેઠળ એ સૈન્ય સ્ટેશનો પર સંયુક્ત સ્ટેશન બનાવવામાં આવશે જ્યાં આ સમયે એક કરતાં વધુ સૈન્ય સેવાઓ હાજર છે. જોકે આ ત્રણ સ્ટેશનો ક્યાં બનાવાશે, તે વિશે હજી કોઈ માહિતી આપવામાં આવી નથી, પરંતુ અપેક્ષા છે કે તે માટે ત્રણ એવા સ્ટેશનો પસંદ કરવામાં આવશે, જ્યાં એક સેવા (ચાહે તે થલ સેના હોય, નૌસેના હોય અથવા વાયુ સેના) પાસે તમામ સુવિધાઓ, સાધનો અને વ્યવસ્થાઓની જવાબદારી હશે. ઉદાહરણ તરીકે, મુંબઈ અને ગુવાહાટી લઈએ. સંયુક્ત સૈન્ય સ્ટેશન બનવાની શરૂઆત આ બંને શહેરોના સૈન્ય સ્ટેશનોમાંથી થવાની શક્યતા છે. ત્રીજું સ્થાન કયું હશે, તે અંગે હજી કંઈ કહી શકાય નથી.

અત્યારે સેનાના ત્રણેય અંગો પોતાના-પોતાના સ્ટેશનો પર પોતાની વ્યવસ્થાઓ, સાધનો અને સુવિધાઓ અલગથી સંભાળી રહ્યા છે, ત્યાં પણ જ્યાં સેના માટે એક કરતાં વધુ સેવાઓ હાજર છે. પરંતુ જ્યારે સંયુક્ત સૈન્ય સ્ટેશન બનશે, ત્યારે સેનાના અલગ અલગ અંગોની તમામ સુવિધાઓ અને વ્યવસ્થાઓ એક જ છત્ર હેઠળ આવશે અને તેમની સંભાળની જવાબદારી કોઈ એક જ સેવાના હાથમાં રહેશે. તેનો લાભ એ થશે કે બધા માટે સમાન સુવિધાઓ, સમાન સાધનો અને વ્યવસ્થાઓ મળશે. વાસ્તવમાં, આમ કરવાનો હેતુ સેનાના ત્રણેય અંગો વચ્ચે સંયુક્તતા અને એકીકરણને પ્રોત્સાહન આપવા છે.સંયુક્ત સૈન્ય સ્ટેશન બનાવવાનો નિર્ણય વ્યૂહાત્મક મહત્વથી જ ન જોતાં માત્ર પ્રશાસનિક સુવિધા માટે લેવામાં આવી રહ્યો છે. હવે જ્યારે સંયુક્ત સ્ટેશનની સુવિધાઓ અને વ્યવસ્થાઓની જવાબદારી એક જ સેના સંભાળશે, તો સ્પષ્ટ છે કે બીજી સેવા, જે અત્યાર સુધી પોતાની તમામ વ્યવસ્થા સંભાળી રહી હતી, તે મુક્ત થઈ જશે. ખરેખર, આ ખૂબ મહત્વપૂર્ણ અને સારી પહેલ છે.

મુંબઈમાં સંયુક્ત સ્ટેશન બનવાની શક્યતા છે. મુંબઈના કોલાબા ખાતે આ સમયે થલ સેનાનાં મુખ્યાલયો છે, જેમ કે એમએમજી વિસ્તાર મુખ્યાલય, સબ-એરીયા મુખ્યાલય, ઈન્ફેન્ટ્રી બટાલિયન અને કેટલીક પ્રશાસનિક વ્યવસ્થાઓ. જ્યારે નૌસેનાની અલગ વ્યવસ્થાઓ છે, કારણ કે અહીં વેસ્ટર્ન નેવલ કમાન્ડ છે, જે નૌસેનાનો મુખ્ય બેઝ છે. તો સેના માટે બંને અંગોની પોતાની-પોતાની વ્યવસ્થાઓ, સુવિધાઓ અને સાધનો છે. કેટલાક બાંધકામ થલ સેનાના છે, કેટલાક નૌસેનાના.થલ સેના પોતાની વ્યવસ્થાઓ બનાવે છે અને તેની સંભાળ કરે છે. નૌસેના પોતાના પદ્ધતિ અને સુવિધાઓ અનુસાર પોતાની વ્યવસ્થાઓ બનાવે છે અને તેની સંભાળ કરે છે. કુલ મળીને, મુંબઈ સ્ટેશનમાં નૌસેનાની વ્યવસ્થા, સુવિધા અને સાધનો થલ સેના કરતાં મોટા છે. આવી સ્થિતિમાં સ્પષ્ટ છે કે ત્યાં નૌસેનાને બંને સેવાઓની વ્યવસ્થા સંભાળવાની જવાબદારી મળશે.

ગુવાહાટીના સૈન્ય સ્ટેશનમાં થલ સેના અને વાયુ સેના બંને સેવાઓ છે. પરંતુ થલ સેનાની વ્યવસ્થાઓ અને સુવિધાઓ વાયુ સેનાની કરતા મોટી છે, તેથી અહીંની તમામ વ્યવસ્થાઓ અને સુવિધાઓ થલ સેના મુખ્યાલયની નીચે આવશે. સંયુક્ત સ્ટેશન બન્યા પછી, થલ સેના અને વાયુ સેના બંનેને સમાન પ્રકારની વ્યવસ્થા અને સુવિધાઓ મળશે. અપેક્ષા છે કે વાયુ સેનાનું પણ કોઈ સ્ટેશન પસંદ કરવામાં આવશે, જ્યાં વાયુ સેના માટેની સુવિધાઓ અને વ્યવસ્થા અન્ય સેવાઓ કરતાં મોટી હશે, જેથી ત્યાં વાયુ સેના તમામ વ્યવસ્થાઓ સંભાળી શકે.

એ રીતે જ્યાં એક કરતાં વધુ સેવાઓ હોય તેવા સ્ટેશનોને એક સાથે જોડીને સંયુક્ત સૈન્ય સ્ટેશન બનાવવાનો પ્રયાસ થશે અને તમામ સુવિધાઓ માટે કોઈ એક જ સેના જવાબદાર રહેશે. વાસ્તવમાં, આ સમગ્ર પ્રયત્ન સેનાના ત્રણેય અંગો વચ્ચે નીચલા સ્તરથી એકીકરણ અને સંયુક્તતા વધારવા માટે છે, અને એ પ્રક્રિયા દરેક સ્તરે કરવાની છે. દેશનું એકમાત્ર સંયુક્ત સૈન્ય સ્ટેશન આંદામાન અને નિકોબાર કમાન્ડ હેઠળ પોર્ટ બ્લેઅરમાં છે.

પ્રશ્ન એ છે કે આ પહેલની જરૂર છેક હવે કેમ લાગ, પહેલાંથી કેમ ન કરવામાં આવી? જવાબ એ છે કે જો આપણે થિયેટર કમાન બનાવવા છે, તો સેવાઓનું એકીકરણ જરૂરી છે. આ માટે દરેક સ્તરે પગલાં લેવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે સ્ટાફ કોલેજમાં તાલીમ પાઠ્યક્રમો સંપૂર્ણ સંયુક્ત અભ્યાસ સાથે ચાલી



રહ્યા છે. પ્રયત્ન એ છે કે દરેક સ્તરે સેનાની તમામ સેવાઓ વચ્ચે સંયુક્તતા અને એકીકરણ વધે. સંયુક્ત સૈન્ય સ્ટેશન બનાવવાની પહેલ પણ એ પ્રયાસનો એક ભાગ છે.

અન્ય શબ્દોમાં, થિયેટર કમાન તરફના ઘણા પગલાં સાથે ચાલી રહ્યાં છે, તેમાં સંયુક્ત સૈન્ય સ્ટેશન પણ એક પગથિયું છે. પહેલા દેશમાં સાઈબર કમાન્ડ અને સ્પેશિયલ ફોર્સીસ કમાન્ડ બનાવી દેવાઈ છે. આ કમાન્ડ એક સેવા હેઠળ કામ કરે છે, પરંતુ તેમાં સેનાના ત્રણેય અંગોની દેખરેખ પણ છે. સંયુક્ત સૈન્ય સ્ટેશન મહત્વપૂર્ણ છે કારણ કે તે એકબીજાને સમજ અને પ્રશાસનિક કાર્યક્ષમતા વધારશે, સાધનોનો સાર્થક ઉપયોગ થશે અને આર્થિક બચત થશે. આજના યુદ્ધના પરિપ્રેક્ષમાં, આ એકીકરણથી ભારતીય સેના શક્તિ અને ક્ષમતા બંનેમાં વૃદ્ધિ થશે.

થલ સેના અને નૌસેના અધ્યક્ષોએ એ સ્થાપવાની ઈચ્છા વ્યક્ત કરી છે, પરંતુ વાયુ સેના અધ્યક્ષ હજી સહમત નથી. વાયુ સેના અધ્યક્ષ કહે છે કે તેમની પાસે ફાઈટર સ્ક્વાડ્રનનો અભાવ છેઅને તે પૂર્ણ ન થાય ત્યાં સુધી થિયેટર કમાનની ભલામણ કરશે નહીં. જો કે સીડીએસ વારંવાર કહી રહ્યા છે કે જ્યારે થિયેટર કમાન બનશે, ત્યારે સેનાના ત્રણેય અંગો તેમાં એકસાથે રહેશે. આ થિયેટર કમાન બન્યા પછી ભારતીય સૈનિક સ્થિતિ વધુ મજબૂત બનશે, કારણ કે તમામ સશસ્ત્ર બળો એક સાથે કામ કરશે.

# આઈટી ક્ષેત્રમાં આત્મનિર્ભરતા દૂર નથી

**એક બાજુ અમેરિકા તેના પ્રવેશ દ્વાર બંધ કરી રહ્યું છે, અને બીજી બાજુ ભારત વિદેશી સોફ્ટવેર પર અબજો રૂપિયા ખચી રહ્યું છે. નિષ્કર્ષ સ્પષ્ટ છે. એચ૧-બીફક્ત વિઝાની સમસ્યા નથી, પરંતુ આ ડિજિટલ સ્વાધીનતા પર પુનર્વિચાર કરવાની ચેતવણી છે**

અમેરિકાના તાજેતરના નિર્ણય મુજબ દરેક એચ૧-બીવિઝા પર એક લાખ ડોલરનો શુલ્ક લગાવવામાં આવ્યો છે, જેના કારણે ભારતના આઈટી ઉદ્યોગને મોટો ઝટકો લાગ્યો છે. દાયકાઓથી આપણું સેવા ક્ષેત્ર અમેરિકાની માંગ પર ચાલે છે. ભારતની ૨૮૩ અબજ ડોલરના આઈટી આવકમાં અંદાજે ૫૭ ટકા ભાગ આજે અમેરિકા સાથે જોડાયેલો છે. આ એક જ નીતિ બદલાવથી સ્પષ્ટ થઈ ગયું છે કે આપણી નિર્ભરતા હવે નબળાઈના સ્તર સુધી વધી ગઈ છે.

બીજી તરફ, ભારત સરકાર અને તેના જાહેર ઉપક્રમો દર વર્ષે ઓરેકલ ડેટાબેઝ, માઈક્રોસોફ્ટ વિન્ડોઝ, એસએપી ઈઆરપી, રેડ હેટ સર્વર જેવા વિદેશી સોફ્ટવેર લાઈસન્સ પર ૨૦ થી ૨૫ હજાર કરોડ રૂપિયા ખર્ચે છે. આ કોઈ એક વખતનો ખર્ચ નથી, આ કરાર આધારિત નિયમિત સમયાંતરે થતા ખર્ચ છે, જે રાષ્ટ્રીય સંસાધનો પર સતત દબાણ ઊભું કરે છે.

હવે આ બંને પરિસ્થિતિને જોડીને જુઓ - એક બાજુ અમેરિકા તેના પ્રવેશ દ્વાર બંધ કરી રહ્યું છે, અને બીજી બાજુ ભારત વિદેશી સોફ્ટવેર પર અબજો રૂપિયા ખચી રહ્યું છે. નિષ્કર્ષ સ્પષ્ટ છે. એચ૧-બીફક્ત વિઝાની સમસ્યા નથી, પરંતુ આ ડિજિટલ સ્વાધીનતા પર પુનર્વિચાર કરવાની ચેતવણી છે. આપણે જાણીએ છીએ કે જ્યારે ભારત પોતાનો રસ્તો પસંદ કરે છે, ત્યારે શું બને છે. આધાર દુનિયાનું સૌથી મોટું બાયોમેટ્રિક ઓળખ પ્લેટફોર્મ બની ગયું. યુપીઆઈ વૈશ્વિક સ્તરે સૌથી અદ્યતન ડિજિટલ ચુકવણી પ્રણાલીઓમાંની એક બની ચૂકી છે.

ઈન્ડિયા સ્ટેકે ખુલ્લું ડિજિટલ રેલ બનાવ્યું, જેનો અભ્યાસ અને અનુસરણ હવે દુનિયા કરે છે. આ બધું કોઈ આયાત વિના, ભારતીય ઈજનેરોએ પોતાની જમીન પર ભારતીય સંસાધનો વડે કર્યું. તો પછી, આપણાં મંત્રાલયો, શાળાઓ અને સેનાઓ વિદેશી સોફ્ટવેર પર કેમ ચાલી રહ્યા છે?

દિશા બદલવા માટે રાજકોષીય જગ્યા પહેલેથી જ છે. ૨૦૨૫-૨૬ના સામાન્ય બજેટમાં કેન્દ્રીય ખર્ચ ૫૦.૬૫ લાખ કરોડ રૂપિયા થવાનો અંદાજ છે. રક્ષા, રેલવે, આરોગ્ય, શિક્ષણ, કૃષિ, શહેરી બાબતો અને સંચાર જેવા મોટા મંત્રાલયોમાં એક નાનો પુનઃવહીવટ પણ વિશાળ આઈટી માંગ ઊભી કરી શકે છે. ત્રણ વર્ષમાં આ મંત્રાલયો માત્ર ૬.૫ લાખ કરોડ રૂપિયા ડિજિટલ ફેરફારમાં ફાળવી શકે છે.વિદેશી લાઈસન્સ પર જતા પ્રવાહને ભારતીય પ્લેટફોર્મ પર વાળી દેવાથી ૬૭,૫૦૦ કરોડ રૂપિયા મળશે અને રાજ્યો તથા જાહેર ઉપક્રમોના ખર્ચ સાથે આ રકમ




ઈન્ફોસિસ્ટમ્સ સશસ્ત્ર દળો માટે કસ્ટમ ડિફેન્સ-ગ્રેડ ઉપકરણો અને સુરક્ષિત સંચાર પ્રણાલીઓ પૂરી પાડી શકે, પરંતુ ઓપન-સોર્સ ફર્મવેર સાથે. માઈન્ડટ્રી કૃષિ આઈએમાં આગેવાની લઈ શકે, પણ પહેલેથી જ ચોક્કસ ખેતીના સાધનો બનાવી રહેલા ભારતીય એનાલિટિક્સ સ્ટાર્ટઅપ સાથે મળીને. ડેટા સ્વાધીનતા માટે ટેક મહિન્દ્રા અને એલએન્ડટી ઈન્ફોટેક ભારતીય આઈએ ઉત્પાદક કંપનીઓ સાથે ભાગીદારી કરીને એક સ્વાધીન ક્લાઉડ અને ડેટા પ્લેટફોર્મ બનાવી શકે છે.

સરળતાથી બે લાખ કરોડ રૂપિયા પાર કરી જાય છે. ૧.૪ લાખ કરોડ રૂપિયાના સમર્પિત રાષ્ટ્રીય ડિજિટલ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નવીનતા ફંડ સાથે ભારત ત્રણ વર્ષમાં ૧૦.૫૬ લાખ કરોડ રૂપિયા એકત્ર કરી શકે છે. આ સંભવિત અમેરિકી આવકના નુકસાનની ભરપાઈ કરવા અને એક સ્વાધીન ડિજિટલ આધાર બનાવવા માટે પૂરતું છે.

આધાર અને યુપીઆઈ જેવી પહેલોએ સાબિત કરી દીધું છે કે જો મજબૂત ઈચ્છાશક્તિ સાથે અમલીકરણ કરવામાં આવે, તો આઈટી ક્ષેત્રમાં આત્મનિર્ભરતા દૂરની વાત નહીં રહે. કલ્પના કરો, જો સરકાર ટીસીએસને સરકારી ડેસ્કટોપ, શાળાઓ અને કિઓસ્ક માટે લિનક્સ આધારિત સુરક્ષિત, વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ ઓપરેટિંગ સિસ્ટમ બનાવવાનો કાર્ય સોંપે. ઈન્ફોસિસ રાષ્ટ્રીય ઈઆરપી સિસ્ટમને એકીકૃત કરવામાં મદદ કરી શકે, પણ આ વખતે તેને એસએપી અથવા ઓરેકલના બદલે ઈઆરપી નેક્સ્ટ જેવા સ્થાનિક પ્લેટફોર્મ પર બનાવવામાં આવશે. વિપ્રો અને એચસીએલ

જો યોગ્ય રીતે સંકલન કરીને કામ કરવામાં આવે, તો ભારત પોતાની આ આઈટી કંપનીઓના યોગદાનથી મોટો પરિવર્તન લાવી શકે છે.પ્રથમ, આથી વૈવિધ્ય આવશે અને અમેરિકા પરની નિર્ભરતા ઘટશે.બીજું, આ નવીનતા સંસ્કૃતિને શક્તિ આપશે, જેના કારણે મોટા આઈટી અને ઉત્પાદન સ્ટાર્ટઅપ્સને ગંભીર પ્રોડક્ટ એન્જિનિયરિંગ અને સંશોધન-વિકાસમાં લગાડી શકાશે.ત્રીજું, એનાથી ઈકોસિસ્ટમનું વિસ્તરણ થશે : સ્ટાર્ટઅપ્સ, એસએમઈ અને યુનિવર્સિટી મોટી યોજનાઓમાં સામેલ થશે.સૌથી અગત્યની વાત, એનાથી ભારત પોતાના શાસન, રક્ષા અને અર્થતંત્રની સોફ્ટવેર જરૂરિયાતોને લઈને આત્મનિર્ભર બનશે. યાદ રાખો, ભારતનો આઈટી સેવા ઉદ્યોગ પણ એક સંકટમાંથી જ જન્મ્યો હતો. ૧૯૯૦ના દાયકાના અંતમાં વાય-૨-કે વાયરસે દુનિયાને કોડર શોધવા મજબૂર કર્યા હતા. એ વૈશ્વિક સંકટ આપણા માટે એક તક બની ગયું. ૨૦૨૫નું એચ૧-બીનો તાજેતરનો ઝાટકો પણ કંઈક એવો જ બની શકે છે.

# આપણી જિંદગી નિયંત્રિત કરતું સોશિયલ મીડિયા એલ્ગોરિધમ

આપણે સ્ક્રીનને જોતા હોઈએ છીએ અને સ્ક્રીન આપણને જોઈ રહી હોય છે. આ એલ્ગોરિધમ આપણા મનોઅભ્યાસને વાંચીને આપણને જ નિયંત્રિત કરતું રહે છે. સોશિયલ મીડિયા પર કન્ટેન્ટની વિવિધતા બતાવે છે કે દર્શકોની રસિકતા માત્ર હાસ્ય-મજાક કે હલકા મનોરંજન સુધી મર્યાદિત નથી. સફાઈ, એએસએમઆર, સેટિસ્ફાઈંગ વિડીયો ભલે આપણને થોડા સેકન્ડની રાહત આપે છે, પરંતુ એ જ રાહત સાથે આપણો સમય, આપણું ધ્યાન અને આપણી સાચી જિંદગી પણ હાથમાંથી સરકતી જાય છે.

ભારતમાં ઈન્ટરનેટ, સસ્તા મોબાઈલ ડેટા દ્વારા ડિજિટલ મનોરંજન અને વર્ચ્યુઅલ અનુભવનો વપરાશ ઝડપી રીતે વધ્યો છે. પરંપરાગત ટીવી અને ફિલ્મ જેવા માધ્યમ લોકોની મનોરંજનની ભૂખ મટાડવામાં અસમર્થ થઈ રહ્યા છે. એક એવો દર્શક વર્ગ ઊભો થઈ રહ્યો છે, જે ગીતો અને વાર્તાઓથી અલગ કાર્યક્રમોની શોધમાં યૂટ્યૂબ જેવા પ્લેટફોર્મ તરફ વળી રહ્યો છે. આ વર્ગ ડિજિટલ પ્લેટફોર્મ પર માત્ર મનોરંજન જ નહીં, પણ માનસિક શાંતિ પણ શોધે છે. ઉદાહરણ તરીકે, સફાઈ, સ્ટ્રીટ ફૂડ, ઘરના કામ કે તૂટી ગયેલી વસ્તુની મરામત જેવા વિડીયો લાખો-કરોડો વાર જોવામાં આવી રહ્યા છે. એને જોઈને દર્શક એ રાહતનો અનુભવ કરે છે, જેની શોધ તેને ભાગદોડ અને તણાવભરી જિંદગીમાં રહેતી હોય છે.

કુલ મળીને, યૂટ્યૂબ અને સોશિયલ મીડિયા પર



કન્ટેન્ટની આ વિવિધતા બતાવે છે કે દર્શકોની રસિકતા હવે માત્ર હાસ્ય-મજાક કે હળવા મનોરંજન સુધી મર્યાદિત નથી. એ જ કારણ છે કે સોશિયલ મીડિયા અને યૂટ્યૂબ પર હવે અચાનક 'ઑડલી સેટિસ્ફાઈંગ' વિડીયોનું જાણે પૂર આવી ગયું છે. ઑડલી સેટિસ્ફાઈંગનો અર્થ એવા વિડીયો, જે જોવા ભલે સામાન્ય કે અજાણ્યા લાગતા હોય, પરંતુ એને જોવાથી આપણને અનપેક્ષિત રીતે રાહતનો અનુભવ થાય છે. સંસ્થા ડેટા રિપોર્ટ મુજબ, ભારતમાં લગભગ ૮૦ કરોડ ઈન્ટરનેટ યુઝર્સ છે, જેમાંથી ૫૦ કરોડથી વધુ સોશિયલ મીડિયા અને યૂટ્યૂબ જેવા પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. વર્ષ ૨૦૨૪માં ભારતીયોએ અંદાજે ૧.૧ લાખ કરોડ કલાક મોબાઈલ સ્ક્રીન પર વિતાવ્યા. આ સમયનો મોટો હિસ્સો લોકોએ સોશિયલ મીડિયા, ગેમિંગ અને વિડીયો જોવામાં પસાર કર્યો.

આજકાલ આ કન્ટેન્ટના નવા સ્વરૂપ માત્ર ટાઈમપાસ નથી રહ્યા, પરંતુ આપણી આદતો, વિચારો અને અહીં ત્યાં સુધી કે આપણી માનસિક રચનાને નવો આકાર આપી રહ્યા છે. તસવીરનું બીજું પાસું એ છે કે સફાઈ, એએસએમઆર, સેટિસ્ફાઈંગ વિડીયો ભલે આપણને થોડા સેકન્ડની રાહત આપે છે, પરંતુ એ જ રાહત સાથે આપણો સમય, આપણું ધ્યાન અને આપણી સાચી જિંદગી પણ સરકતી જાય છે. હકીકતમાં, એ આભાસી આરામમાં આપણે આપણી સૌથી કિંમતી વસ્તુ સમય અને ઉત્પાદનશક્તિ ગુમાવતા હોઈએ છીએ. આપણે વિચારીએ છીએ કે આપણે સ્ક્રીન જોઈ રહ્યા છીએ, જ્યારે હકીકતમાં સ્ક્રીન આપણને જોઈ રહી હોય છે, અને આ એલ્ગોરિધમ આપણે મનોઅભ્યાસને વાંચીને આપણને નિયંત્રિત કરતું રહે છે. જોકે એ પણ સત્ય છે કે ઈન્ટરનેટ માત્ર લત અને ટાઈમપાસ કરવાનું સાધન નથી. અહીં શીખવા અને સમજવા માટેની અસંખ્ય સંભાવનાઓ પણ હાજર છે. નક્કી આપણે જ કરવાનું છે કે તેનો ઉપયોગ કેવી રીતે કરવો.

**એક એવો દર્શક વર્ગ ઊભો થઈ રહ્યો છે, જે ગીતો અને વાર્તાઓથી અલગ કાર્યક્રમોની શોધમાં યૂટ્યૂબ જેવા પ્લેટફોર્મ તરફ વળી રહ્યો છે. આ વર્ગ ડિજિટલ પ્લેટફોર્મ પર માત્ર મનોરંજન જ નહીં, પણ માનસિક શાંતિ પણ શોધે છે.**

# અમદાવાદ : નકલી કોર્ટ ઓર્ડર બનાવનારો વકીલ ઝડપાયો

### આરોપી મોહમ્મદ ઈરફાન ઈકબાલમિયા કાઝી વર્ષ ૨૦૦૬થી વકીલાત કરી રહ્યો છે

અમદાવાદ,તા.૨૫

અમદાવાદના આરોગ્ય ભવન ખાતે જન્મ-મરણ વિભાગમાં નકલી કોર્ટ ઓર્ડર રજૂ કરવા મામલે પોલીસ દ્વારા એક પ્રેક્ટિસિંગ વકીલની ધરપકડ કરવામાં આવી છે. આ વકીલે કથિત રીતે ૫૦,૦૦૦ રૂપિયાના બદલામાં પોતાના કોમ્પ્યુટર પર એક બનાવટી કોર્ટ ઓર્ડર તૈયાર કર્યો હતો, જેનો ઉપયોગ કેસના મુખ્ય આરોપીના માતાનું નકલી મૃત્યુ પ્રમાણપત્ર મેળવવા માટે થવાનો હતો. તપાસમાં આરોપીની ઓળખ મોહમ્મદ ઈરફાન ઈકબાલમિયા કાઝી તરીકે થઈ છે, જે વર્ષ ૨૦૦૬થી વકીલાત કરી રહ્યો છે.

પોલીસે જણાવ્યું છે, આ બનાવટી કોર્ટ ઓર્ડરમાં એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટના સીલ અને સહી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જોકે, જન્મ-મરણ વિભાગના અધિકારીઓને આ દસ્તાવેજ પર શંકા ગઈ હતી. તેમણે મેટ્રો કોર્ટમાં ક્રોસ-વેરિફિકેશન કરાવ્યું, જેમાં પુષ્ટિ થઈ કે આવો કોઈ આદેશ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવ્યો નહોતો.

ગાયકવાડ હવેલી પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, 'નકલી દસ્તાવેજ અસલ કોર્ટઓર્ડર જેવો જ લાગતો હતો, પરંતુ કોર્ટના રેકોર્ડ્સની ચકાસણીમાં તે નકલી હોવાનું બહાર આવ્યું.'

પોલીસને બાતમી મળ્યા બાદ ૨૪ સપ્ટેમ્બરે વકીલ કાઝીને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. આ મામલે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# ધર્માંતરણ જ ગેરકાયદે હોય તો યુગલને પરિણીત માની શકાય નહિં: અલ્હાબાદ હાઈકોર્ટ

### હિન્દુ ચંદ્રકાંતા ઉર્ફે જૈનબ પરવીન નિકાહ કર્યા હતા ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ચંદ્રકાંતાએ ઇસ્લામ ધર્મ અંગિકાર કર્યો હતો

પ્રયાગરાજ, તા.૨૫

અલ્હાબાદ હાઈકોર્ટે ધર્માંતરણ અને લગ્નને સાંકળતા પાસા પર મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, ધર્માંતરણના આધારે લગ્ન થયા હોય અને ધર્માંતરણ જ ગેરકાયદે સાબિત થાય તો મહિલા કે પુરુષના લગ્નને કાયદાની દૃષ્ટિએ પરિણીત માની શકાય નહીં. જસ્ટિસ સૌરભ શ્રીવાસ્તવે મોહમ્મદ બિન કાસિમ ઉર્ફે અકબરની પિટિશન પર ચુકાદો આપ્યો હતો, જેમાં તેણે સામાવાળાઓને પોતાના દામ્પત્યજીવનમાં દખલ કરતા અટકાવવા માગણી કરી હતી.

કોર્ટે આ સાથે નોંધ્યુ હતું કે, બંને અરજદારો પોતાના લગ્નને સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ નોંધાવી શકે છે. પીટિશનર તરફથી રજૂઆત થઈ હતી કે, કાસિમ ઉર્ફે અકબર મુસ્લિમ સમાજનો છે. તેણે હિન્દુ ચંદ્રકાંતા ઉર્ફે જૈનબ પરવીન નિકાહ કર્યા હતા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ચંદ્રકાંતાએ ઈસ્લામ ધર્મ અંગિકાર કર્યો હતો અને ખાનકાહે આલિયા અરિફિયા દ્વારા તેને સર્ટિફિકેટ અપાયુ હતુ. ૨૬ મે, ૨૦૨૫ના રોજ બંને અરજદારે મુસ્લિમ લો હેઠળ નિકાહ કર્યા હતા અને તેમનું સંબંધિત કાઝી દ્વારા તેમને મેરેજ સર્ટિફિકેટ ઈશ્યુ કરાયુ હતું. સામા પક્ષે આ દલીલનો વિરોધ કરતાં જણાવ્યુ હતું કે, જામિયા અરિફિયાના સેક્રેટરી અને મેનેજર સૈયદ સરવને ૨૨ ફેબ્રુઆરીએ આવું કોઈ સર્ટિફિકેટ અપાયું હોવાનો ઈનકાર કર્યો છે. તેથી ખાનકાહે આલિયા અરિફિયા દ્વારા જારી કરાયેલું કથિત સર્ટિફિકેટ બનાવટી છે અને ખોટા પુરાવાના આધારે તૈયાર કરાયું છે.



કોર્ટે ઠરાવ્યું હતું કે, બનાવટી દસ્તાવેજોના આધારે થયેલું ધર્માંતરણ ઉત્તરપ્રદેશ અન લો ફુલ કન્વર્ઝન એક્ટ હેઠળ આવરી લેવાયેલી જોગવાઈનું પાલન કરતું નથી. મુસ્લિમ લો હેઠળ મેરેજને એક જ ધર્મમાં માનતા લોકો વચ્ચેના કોન્ટ્રાક્ટ ગણવામાં આવે છે, તેથી અરજદારોએ કરેલા લગ્નને કાયદાની દૃષ્ટિએ માન્ય ગણી શકાય નહીં. ચંદ્રકાંતાએ કરેલું ધર્મપરિવર્તન ગેરકાયદે હોય તો પછી તેમને કાયદાની દૃષ્ટિએ પરિણીત દંપતિ માની શકાય નહીં. જો કે કોર્ટે બંને અરજદારને સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ લગ્નનું રજિસ્ટ્રેશન કરાવવા નિર્દેશ આપ્યા હતાં.

# બિહાર : ગયાજીમાં રીલ્સના ચક્કરમાં ૯ છોકરાઓ નદીમાં ડૂબ્યા, પાંચના મોત

### શાળાએથી પરત આવતી વખતે નદી કિનારે વીડિયો બનાવવા ગયા હતા

ગયાજી, તા.૨૫

બિહારના ગયાજીમાં ગુરુવારે એક મોટી દુર્ઘટના બની હતી. ખિઝરસરાય વિસ્તારના કેની પુલ નજીક રીલ્સ બનાવવાના ચક્કરમાં ૯ છોકરાઓ નદીમાં ડુબી ગયા હતા. આ દરેક નદીના કિનારે રીલ્સ બનાવી રહ્યા હતા.

આ દરમિયાન ઊંડા પાણીમાં જતા રહ્યા હતા અને પોતાને ડુબતા જોઈને બૂમો પાડવા લાગ્યા હતા. બૂમો સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘણી મહેનત પછી દરેકને બહાર કાઢવામાં આવ્યા હતા. તાત્કાલિક તેમને બેલાગંજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં પ્રાથમિક સારવાર બાદ બે છોકરાઓને વધુ સારવાર માટે અનુગ્રહ નારાયણ મગધ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. તો સાત છોકરાઓને બેલાગંજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ભરતી કરવામાં આવ્યા હતા, જેમાંથી પાંચના મોત થયા છે, બે સારવાર હેઠળ છે.

ઘટના અંગે જ્યારે પરિવારને માહિતી મળી ત્યારે આખા ગામમાં શોક ફેલાઈ ગયો હતો. પરિવાર પર દુઃખનું આભ ફાટી પડ્યું છે. એક માહિતી પ્રમાણે છોકરાઓ શાળાએથી પરત આવી રહ્યા હતા. આ દરમિયાન તેઓ નદી કિનારે વીડિયો બનાવવા ગયા હતા અને આ દુઃખદ ઘટના બની. લોકોએ કહ્યું કે કેટલાક છોકરાઓ ૧૧મા ધોરણમાં હતા, જ્યારે કેટલાક ૧૨મા ધોરણમાં હતા.

# ઓનલાઈન ગેમના ચક્કરમાં બનાસકાંઠાના યુવાને જીવ ગૂમાવ્યો

### રિક્ષા ચલાવી ગુજરાન ચલાવતાં યુવાનને ઓનલાઈન ગેમમાં ૧૪ લાખનું દેવું થઈ ગયું હતું

પાલનપુર,તા.૨૫

ઓનલાઈન ગેમ રમતાં લોકો માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. ઓનલાઈન ગેમની લતમાં બનાસકાંઠાના વડગામ તાલુકાના ભરકાવાડા ગામના એક ૪૫ વર્ષના વ્યક્તિનો જીવ ગયો હતો. આ વ્યક્તિને ઓનલાઈન ગેમમાં ૧૪ લાખનું દેવું થઈ ગયું હતું. જેના કારણે આ વ્યક્તિએ આપઘાત કરી લીધો હતો. જોકે, આપઘાત બાદ તેના પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. પરિવારમાં એક ૧૪ વર્ષની દીકરી, દોઢ વર્ષનો દીકરો અને પત્ની છે.




વડગામના ભરકાવાડામાં રહેતો અને ઓનલાઈન ગેમ રમતો આ યુવાન રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો.

આર્થિક તંગીના કારણે યુવક ઓનલાઈન ગેમના રવાડે ચઢ્યો હતો. તો બીજી બાજુ ગેમમાં રૂપિયા કમાવવાની જગ્યાએ આ યુવાને લાખો રૂપિયા ગુમાવી દીધા હતા. જેના કારણે માનસિક તાણમાં આવી જતા યુવાને અંતિમ પગલું ભરી લીધું છે.

# ઉત્તર પ્રદેશ : ગેરકાયદે મદરેસાના શૌચાલયમાં બંધ ૪૦ સગીર છોકરીઓ મળી આવી

### લઘુમતિ કલ્યાણ વિભાગે મદરેસાને તાત્કાલિક બંધ કરવાનો અને છોકરીઓને તેમના ઘરે સુરક્ષિત પરત મોકલવાનો આદેશ આપ્યો

બહરાઇચ,તા.૨૫

ઉત્તર પ્રદેશના બહરાઇચ જિલ્લાના પયાગપુર તાલુકામાં ત્રણ માળની ઈમારતમાં કાર્યરત એક કથિત ગેરકાયદેસર મદરેસામાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. નિરીક્ષણ દરમિયાન, ૯ થી ૧૪ વર્ષની વયની ૪૦ સગીર છોકરીઓ શંકાસ્પદ સંજોગોમાં મદરેસાના શૌચાલયમાં બંધ મળી આવી. આ ઘટના બાદ, લઘુમતી કલ્યાણ વિભાગે મદરેસાને તાત્કાલિક બંધ કરવાનો અને છોકરીઓને તેમના ઘરે સુરક્ષિત પરત મોકલવાનો આદેશ આપ્યો છે.

પયાગપુરના સબ-ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અશ્વિની કુમાર પાંડેએ ગુરુવારે જણાવ્યું હતું કે ગેરકાયદેસર મદરેસા અંગે ફરિયાદ મળ્યા બાદ તેઓ અને તેમની ટીમ બુધવારે પહેલવાડા ગામની મુલાકાત લીધી હતી. તેમણે જણાવ્યું હતું કે મદરેસાના સંચાલકોએ શરૂઆતમાં તેમને પ્રવેશતા અટકાવ્યા હતા. જ્યારે ટીમ પોલીસની મદદથી પ્રવેશી ત્યારે છત પરના શૌચાલયનો દરવાજો બંધ જોવા મળ્યો. જ્યારે મહિલા પોલીસ અધિકારીઓએ દરવાજો ખોલ્યો, ત્યારે એક પછી એક ૪૦ છોકરીઓ બહાર આવી. બધી ગભરાઈ ગઈ હતી અને બોલી શકતી ન હતી.

જ્યારે આ અંગે પૂછપરછ કરવામાં આવી ત્યારે, મદરેસાના શિક્ષક તકસીમ ફાતિમાએ જણાવ્યું હતું કે આશ્ચર્યજનક નિરીક્ષણને કારણે થયેલા ગભરાટને કારણે છોકરીઓ ડરથી શૌચાલયમાં છુપાઈ ગઈ હતી. જિલ્લા લઘુમતી કલ્યાણ અધિકારી મોહમ્મદ ખાલિદે જણાવ્યું હતું કે મદરેસાના રેકોર્ડની તપાસ શરૂ કરવામાં આવી છે. તેમણે મદરેસાના મેનેજમેન્ટને છોકરીઓને સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચાડવા સૂચના આપી છે.

# શેખ હસીનાના કારણે અમને ભારત સામે વાંધો : મોહમ્મદ યુનુસ

### ભારતને બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓનું આંદોલન પસંદ આવ્યું નથી

ઢાકા, તા.૨૫

બાંગ્લાદેશની વચગાળાની સરકારના સલાહકાર મોહમ્મદ યુનુસે ફરી એકવાર ભારત વિરૂદ્ધ ઝેર ઓંક્યું છે. ન્યૂયોર્કમાં એશિયા સોસાયટીમાં આયોજિત ઈન્ટરેક્ટિવ સેશનમાં યુનુસે ભારત પર આક્ષેપ કર્યો છે કે, ભારત સાથે બાંગ્લાદેશના સંબંધ તણાવપૂર્ણ છે. કારણકે, ભારતને બાંગ્લાદેશી વિદ્યાર્થીઓ દ્વારા છેડાયેલું આંદોલન પસંદ નથી.



યુનુસે કહ્યું કે, હજુ પણ ભારત સાથે પડકારો છે. ભારતને બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓનું આંદોલન પસંદ આવ્યું નથી. તે શેખ હસીનાની મેજબાની કરી રહ્યું છે. જે પૂર્વ વડાપ્રધાન છે, તેમણે આ બધી સમસ્યાઓ સર્જી છે, તેમણે પોતાના કાર્યકાળમાં અનેક યુવાનોની હત્યાને અંજામ આપ્યો છે. તેમ છતાં ભારતે શેખ હસીનાને શરણું આપ્યું છે. આ બાબત ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તણાવ ઉભો કરી રહી છે.

તેમણે વધુમાં દાવો કર્યો હતો કે, સોશિયલ મીડિયા અને અન્ય પ્લેટફોર્મ પર ભારત તરફથી સતત ખોટા અહેવાલો અને સમાચાર ફેલાવાઈ રહ્યા છે. જેમાં તે આ આંદોલનને ખોટી રીતે રજૂ કરી રહ્યું છે. તે આંદોલનને ઈસ્લામી અને વિદ્યાર્થીઓને તાલિબાની તરીકે દર્શાવી રહ્યું છે. કહી રહ્યું છે કે, તેમને ટ્રેનિંગ આપવામાં આવી છે, તે (ભારત) એવું પણ કહે છે કે, હું પણ તાલિબાની છું, જો કે મારી પાસે દાઢી નથી અને હું ઘરમાં જ રહુ છું. તેમ છતાં તેના દ્વારા મને તાલિબાની ઠેરવવાનું ચાલુ જ છે. અંતે મારે સામે આવીને મારી ઓળખ બતાવવી પડી. જુઓ, આ મુખ્ય તાલિબાન છે. આ જ વાસ્તવિકતા છે.

ઉલ્લેખનીય છે, બાંગ્લાદેશના પીએમની આ ટિપ્પણી એવા સમયે આવી છે, જ્યારે તેના મુખ્ય સલાહકાર ન્યૂયોર્કમાં છે. અને યુએન મહાસભામાં ભાગ લઈ રહ્યા છે. યુનુસે જણાવ્યું હતું કે, ભારત સાથે આ તણાવ માત્ર વિદ્યાર્થીઓના આંદોલનો અને મીડિયા પ્રચારના કારણે ઉત્પન્ન થયો છે. તેને રાજકીય રૂપે વધારવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

# ગોધરાના લાડપુર પાસે બુલેટ - ટ્રક વચ્ચે અકસ્માત : બે યુવાનોના મોત

### ઈજાગ્રસ્ત થયેલા ત્રીજા યુવકને સારવાર માટે ખસેડાયો

ગોધરા,તા.૨૫

ગોધરા તાલુકાના લાડપુર ગામ નજીક આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં બુલેટ અને ટ્રક વચ્ચે થયેલી ટક્કરમાં બે યુવકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય એક યુવકને ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નાટાપુર ગામના ત્રણ યુવાનો એક બુલેટ પર સવાર થઈને ગોધરા તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન લાડપુર ગામ પાસેથી પસાર થતા હતા ત્યારે સામેથી આવી રહેલા એક ટ્રક સાથે તેમની બુલેટનો ભયંકર અકસ્માત થયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે બુલેટ પર સવાર બે યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા.

અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ત્રીજા યુવકને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેની હાલત નાજુક જણાતા તેને વધુ સારવાર માટે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યો છે.

આ ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ગોધરા સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યા હતા. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે અને ટ્રક ચાલકને પકડવાની તજવીજ શરૂ કરી છે. આ અકસ્માતને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# ગાંધીનગરના બહિયલમાં ગરબામાં બે જૂથ વચ્ચે હિંસા : પોલીસે ટીયરગેસનો મારો ચલાવ્યો

### ૬ જેટલા પોલીસ વાહનોના કાચ પણ તૂટ્યા હતા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં મોડી રાતે બહિયલ ગામમાં હિંસા ફાટી નીકળી હોવાના અહેવાલ સામે આવ્યા છે. અહીં ગરબા આયોજન પર પથ્થરમારો, દુકાનોમાં તોડફોડ અને આગચંપી જેવી ઘટનાને અંજામ અપાયાની માહિતી સામે આવી છે.

પોલીસ તપાસમાં પ્રાથમિક માહિતી અનુસાર એવું જાણવા મળ્યું છે કે કોઈ સોશિયલ મીડિયા પર સ્ટેટ્સ મૂકવાથી મામલો બીચક્યો હતો. મોડી રાતે સ્થિતિ બેકાબૂ થતાં ૬ જેટલા પોલીસ વાહનોમાં તોડફોડ મચાવાઈ હતી. આ દરમિયાન ટોળાને કાબૂમાં લેવા ટીયરગેસનો મારો ચલાવાયો હતો. જોકે સ્થિતિ વધારે ન બગડે તે માટે પોલીસનો કાફલો ગામમાં ખડકી દેવામાં આવ્યો હતો અને હિંસામાં સામેલ તત્વોને શોધી કાઢવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતા.

માહિતી અનુસાર સૂત્રો જણાવે છે કે પોલીસ જ્યારે સ્થિતિને કાબૂમાં લેવા ગઈ ત્યારે પોલીસ પર જ પથ્થરમારો કરી દેવામાં આવ્યો હતો અને તેમના વાહનોને નુકસાન પહોંચાડાયું હતું. માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા બહિયલ ગામમાં ગરબાનું આયોજન કરાયું હતું. આ દરમિયાન સામાન્ય બાબતે બે જૂથ વચ્ચેની માથાકૂટ હિંસામાં પરિણામી હતી. જેના બાદ આગચંપી, તોડફોડ, પથ્થરમારા જેવી ઘટનાઓને અંજામ અપાયો હતો. હાલમાં ઘટનાસ્થળે પોલીસ કાફલો હોવાથી સ્થિતિ કાબુમાં લેવાયાની માહિતી છે.



ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહિયલ ગામે બુધવારે ત્રીજા નોરતાએ ૨ સમુદાયના લોકો સામ-સામે આવી જતાં ઘર્ષણ થયું હતું. દહેગામના બહિયલ ગામે બનેલી આ ઘટનામાં સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર જ્યારે ગામમાં ગરબા ચાલતા હતા ત્યારે ગરબાની બાજુના એક વિસ્તારમાંથી ચાલુ ગરબાએ પથ્થરમારો થયો હતો અને એક ટોળું આવ્યું હતું જેણે પથ્થરમારો કર્યો હતો. તેમના જણાવ્યા અનુસાર ગરબા સ્થળે ૩ બાજુએથી પથ્થરમારો થયો હતો અને ૨૫ જેટલી ગાડીઓના કાચ તૂટયા હતા. આ પથ્થરમારામાં મહિલાઓને ઈજા પહોંચી હતી. પ્રાપ્ત જાણકારી અનુસાર ૫ ટિયર ગેસ છોડવામાં આવ્યા છે અને ૬ જેટલા પોલીસ વાહનોના કાચ પણ તૂટ્યા હતા.

# અમદાવાદ : શાહીબાગમાં સગીરા સાથે સામુહિક દુષ્કર્મ

### ચાર નરાધમોની કરાયેલી ધરપકડ

અમદાવાદ,તા.૨૫

અમદાવાદ શહેરના શાહીબાગ વિસ્તારમાં એક ધ્રુજાવી દેનારી અને અત્યંત નિંદનીય ઘટના સામે આવી છે, જેમાં ૧૫ વર્ષીય સગીરા સાથે સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. આ ઘટનાએ સમગ્ર શહેરમાં સનસનાટી મચાવી દીધી છે અને સગીર દીકરીઓની સલામતી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.



ચાર જેટલા નરાધમોએ મળીને આ કૃત્ય આચર્યું હતું, જે સમાજમાં વધી રહેલી ક્રૂરતા અને અસામાજિક તત્વોની બેફામ પ્રવૃત્તિ દર્શાવે છે. આ ગુનાહિત કૃત્યની માહિતી મળતા જ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું અને તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ગંભીર ગુનાની જાણ થતાં જ શાહીબાગ પોલીસ સ્ટેશન દ્વારા તાત્કાલિક ધોરણે ગુનો નોંધીને તપાસ શરૂ કરી દેવામાં આવી હતી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને અન્ય બાતમીઓના આધારે ઝડપી કાર્યવાહી કરી હતી.

# અમદાવાદમાં ૫૦ લાખના ડ્રગ્સ સાથે બે ઝડપાયા

### પકડાયેલા બંને આરોપીઓની ઓળખ પ્રતીક કુમાવત અને રવિ પટેલ તરીકે થઈ છે : મુખ્ય સપ્લાયરની શોધખોળ

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ શહેર સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રૂપે (SOG) નિકોલ વિસ્તારમાંથી અંદાજિત ૫૦ લાખ રૂપિયાની કિંમતના હાઈબ્રિડ ગાંજા સાથે બે આરોપીઓની ધરપકડ કરીને એક મોટા નાર્કોટિક્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ મામલે મુખ્ય સપ્લાયર સહદેવની શોધખોળ શરુ કરી છે.

SOGને મળેલી બાતમીના આધારે SOGની ટીમે રાખડીયાળના ધરણીધર એસ્ટેટ પાસે બે વ્યક્તિઓને આંતરીને તેમની પાસેથી ૫૦૦ ગ્રામ હાઇ-પોટેન્સી (વધુ અસરકારક) હાઈબ્રિડ ગાંજો કબજે કર્યો હતો. પકડાયેલા બંને આરોપીઓની ઓળખ પ્રતીક કુમાવત અને રવિ પટેલ તરીકે થઈ છે.

બંને આરોપીઓ વિરુદ્ધ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટની જોગવાઈઓ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ નેટવર્ક દ્વારા જપ્ત કરવામાં આવેલા ગાંજાની કુલ કિંમત આશરે ૫૦ લાખ રૂપિયા આંકવામાં આવી રહી છે.

પોલીસે જણાવ્યું કે પ્રતીક કુમાવત સી.જી. રોડ પર એક ખાનગી માર્કેટિંગ ફર્મમાં કામ કરે છે, જ્યારે રવિ પટેલ સુરતની એક પ્રિન્ટિંગ કંપનીમાં નોકરી કરે છે. રવિ નિકોલમાં રહેતી માતાની મુલાકાત લેવા અમદાવાદ આવ્યો હતો.

# મુઝફ્ફરપુરમાં જદયુ-એલજેપી સમર્થકો વચ્ચે ઝપાઝપીમાં ખુરશીઓ ફેંકાઈ, અનેક ઘાયલ થયા

મુઝફ્ફરપુર,તા.૨૫

વિધાનસભા ચૂંટણી પહેલા બિહારમાં રાજકીય ઉથલપાથલ ચાલુ છે. રાજકીય પક્ષો પોતપોતાના ગઠબંધન માટે રણનીતિ બનાવવામાં વ્યસ્ત છે. શાસક એનડીએ હાલમાં અનેક જિલ્લાઓમાં કાર્યકર્તા સંમેલનોનું આયોજન કરી રહ્યું છે, પરંતુ પરિષદો વિવાદમાં ફસાયેલી છે. હવે, મુઝફ્ફરપુરમાં એનડીએ કાર્યકર્તા સંમેલનમાં હંગામો થયો. જનતા દળ યુનાઈટેડ નેતા પ્રભાત કિરણ અને લોક જનશક્તિ પાર્ટીના ભૂતપૂર્વ ઉમેદવાર કોમલ સિંહના સમર્થકો કોન્ફરન્સ દરમિયાન અથડાયા. ઉગ્ર ઝપાઝપી થઈ, અને ઘણી ખુરશીઓ તૂટી ગઈ.

મુઝફ્ફરપુરના ગાયઘાટ બ્લોકમાં જરંગ હાઈ સ્કૂલમાં NDA કાર્યકર્તા સંમેલન યોજાઈ રહ્યું હતું, પરંતુ અરાજકતા ફેલાઈ ગઈ. બેઠક દરમિયાન બંને એનડીએ સાથી પક્ષોના સમર્થકો વચ્ચે ઝપાઝપી થઈ. જનતા દળ યુનાઈટેડ નેતા પ્રભાત કિરણ અને લોક જનશક્તિ પાર્ટીના ભૂતપૂર્વ ઉમેદવાર કોમલ સિંહના સમર્થકો વચ્ચે ઝપાઝપી થઈ.

પ્રભાત કિરણ જેડીયુના ભૂતપૂર્વ ધારાસભ્ય મહેશ્વર યાદવના પુત્ર છે. આ વિવાદ શારીરિક ઝઘડામાં ફેરવાઈ ગયો. હિંસક લડાઈ થઈ. બંને પક્ષના સમર્થકોએ એકબીજા પર ખુરશીઓ ફેંકવાનું શરૂ કર્યું, જેમાં ઘણી તોડી નાખી. હિંસક અથડામણમાં ઓછામાં ઓછા ૧૨ લોકો ઘાયલ થયા. એવું કહેવાય છે કે એનડીએ કાર્યકર્તા સંમેલનમાં એક નેતાએ સ્ટેજ પરથી અપશબ્દોનો ઉપયોગ કરતા અરાજકતા ફેલાઈ ગઈ, જેનાથી ત્યાં હાજર કાર્યકરો ગુસ્સે થઈ ગયા. ગુસ્સે ભરાયેલા કાર્યકરોએ પહેલા ખુરશીઓ ફેંકી અને પછી તેને તોડી નાખી, પોતાનો ગુસ્સો બીજા પક્ષ પર ઠાલવ્યો, જેના કારણે સંમેલન સ્થળે અરાજકતા ફેલાઈ ગઈ.

આ ઘટના બાદ, સંમેલનમાં હાજર કાર્યકરોએ "બહારના લોકોને હાંકી કાઢો, ગાયઘાટ બચાવો" જેવા નારા લગાવવાનું શરૂ કર્યું, જેના કારણે વાતાવરણ તંગ બન્યું. ગુસ્સે ભરાયેલા કાર્યકરોએ ખુરશીઓ તોડવાનું શરૂ કર્યું. ખુરશીઓથી થયેલા હુમલાથી લોકો શાળા પરિસરમાંથી ભાગી ગયા. પરિસ્થિતિ વધુ વણસી રહી હતી તે જોઈને, ઘટનાસ્થળે તૈનાત પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો. મંચ પરના નેતાઓએ પણ કાર્યકરોને શાંત કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ સૂત્રોચ્ચાર ચાલુ રહ્યો, જેના કારણે સંમેલન ખોરવાઈ ગયું.

# મહેસાણા : જીઆઈડીસીની ફેક્ટરીઓમાંથી ૯ બાળ શ્રમિકો મુક્ત કરાયા

### ૧૭ વર્ષની પાંચ કિશોરીઓ અને ૧ કિશોર મળી આવ્યા

મહેસાણા,તા.૨૫

મહેસાણાના દેદીયાસણ GIDCની કંપનીઓ અને ફેક્ટરીઓમાં શ્રમ વિભાગની તપાસ દરમિયાન કુલ ૯ જેટલા બાળ શ્રમિકોને મુક્ત કરાવવામાં આવ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર ઔદ્યોગિક વિસ્તારોમાં બાળ મજૂરીના દૂષણ પર પ્રકાશ પાડ્યો છે. શ્રમ વિભાગે દેદીયાસણ GIDCમાં અચાનક તપાસ હાથ ધરી હતી. જેમાં કેટલીક કંપનીઓમાંથી સગીર વયના બાળકો કામ કરતા મળી આવ્યા હતા. તપાસ દરમિયાન માન ફાર્માસ્યુટિકલ કંપનીમાંથી ૧૭ વર્ષની ૫ કિશોરીઓ અને ૧ કિશોર મળી આવ્યા હતા.

આ જ રીતે ત્રિદેવ ટ્રેડર્સમાંથી પણ ૨ કિશોરો મળી આવ્યા હતા. આ ઉપરાંત સનરાઈઝ એગ્રો નામની કંપનીમાં એક કિશોર બોઈલર જેવા અત્યંત જોખમી કામમાં જોતરાયેલો જોવા મળ્યો હતો. આ કાર્યવાહીમાં મુક્ત કરાયેલા કુલ ૯ બાળ શ્રમિકોને તુરંત જ સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. શ્રમ વિભાગે આ કંપનીઓ સામે કડક કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

# સુરતમાં પત્નીનું ગળું કાપી હત્યા કરનાર પતિને આજીવન કેદની સજા

### આરોપીને ૫૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો

સુરત, તા.૨૫

સુરત શહેરના અમરોલી વિસ્તારમાં ચાર વર્ષ પહેલા પત્નીનું ગળું કાપી હત્યા કરવાના ચકચરિત બનાવમાં કોર્ટે હત્યારા પતિને કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા અને ૫૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

આરોપી ૨૫ વર્ષીય સન્યાસી ઉર્ફે દિપક મૂળ રહે. બડા માધાપુર, જિ. ગંજામ, ઓરિસ્સા) અને જયંતી ઉર્ફે આરતી (રહે. તરાતારીણી, ઓરિસ્સા) વચ્ચે ચાર વર્ષ અગાઉ પ્રેમસંબંધ બંધાયો હતો. બંને લગ્ન કરવા માગતા હતા, પરંતુ તેમના પરિવારની અસંમતિને કારણે એપ્રિલ ૨૦૧૭માં દિપકે જયંતીને ઓરિસ્સાના તેના ગામથી ભગાવી લાવી હતી. બંનેએ પુરીના મંદિરમાં લગ્ન કર્યા બાદ સુરતના અમરોલી ખાતે ભરથાણાગામ, ખોડીયારનગર સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેવા લાગ્યા હતા. જોકે, સમય જતાં બંને વચ્ચે ઝઘડા શરૂ થયા હતા.



૯ નવેમ્બર ૨૦૧૮ના રોજ દિવાળીની રજા દરમિયાન દિપક અને જયંતી વચ્ચે ફરી ઝઘડો થયો હતો. ગુસ્સે ભરાયેલા દિપકે જયંતીનું ગળું દબાવી તેની હત્યા કરી નાખી હતી. ત્યારબાદ, પુરાવા નાશ કરવા માટે દિપકે ચાકુ વડે જયંતીનું ગળું કાપી નાખ્યું અને તેનું માથું એક થેલીમાં ભરી અમરોલીમાં અંજની ઈન્ડસ્ટ્રીઝ પાસે કૂભકો રેલવે લાઇનની ઝાડીઓમાં ફેંકી દીધું હતું. બાકીની લાશને ચાદરમાં લપેટી કોસાડ અને ભરથાણા ગામ રેલવે સ્ટેશન વચ્ચેની રેલવે લાઇન પર ફેંકી દીધી. આ ઉપરાંત, લોહીથી ખરડાયેલી જયંતીની નાઈટી અને ચાદર પણ ઝાડીઓમાં ફેંકી દેવામાં આવી હતી.

પોલીસે દિપકની ધરપકડ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ એપીપીએ મજબૂત દલીલો રજૂ કરી, જેના આધારે કોર્ટે આરોપીને આજીવન કેદની સજા અને ૫૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

# દારૂની હેરાફેરી કરવા દેવા માટે લાંચ લેતા વલસાડના બે હોમગાર્ડની ધરપકડ

### અનિલ ધોંડી અને સુજત સિંઘ ૪૫૦૦ની લાંચ સ્વીકારતા રંગે હાથ ઝડપાયા

વલસાડ,તા.૨૫

વલસાડના અમરગામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા બે હોમગાર્ડ રૂ.૪,૫૦૦ની લાંચ લેતા ACBને હાથે ઝડપાઈ ગયા હતા. જેમાં અનિલ બી.ધોડી અને સુજીત આઈ સિંઘનો સમાવેશ થાય છે.

આ કેસની વિગત મુજબ ફરીયાદી મહારાષ્ટ્ર રાજ્યમાંથી દારૂ લઈ ચેક પોસ્ટ પરથી ગુજરાત રાજ્યમાં પ્રવેશવા માટે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા અનિલ ધોંડી અને સુજત સિંઘને મળ્યો હતો. જેમાં બન્ને આરોપીએ ચેક પોસ્ટ પરથી દારૂની હેરફેર કરવી હોય તો માસિક રૂ.૫,૦૦૦ આપવા પડશે તેમ કહીરૂ.૫,૦૦૦ ની લાંચની માંગણી કરેલ.

જે લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય તેણે એલસીબીનો સંપર્ક કરી ફરીયાદ આપી હતી. જેને આધારે ઉમરગામના સંજાણ ચાર રસ્તા પાસે, સંજાણ પી.એચ.સી.ની ગલીમાં લાંચના છટકાનુ આયોજન કરવામાં આવ્યું હતું. લાંચનાં છટકા દરમ્યાન, ફરીયાદીએ લાંચની રકમ ઓછી કરવા જણાવતા આરોપી અનિલેરૂ.૫૦૦ ઓછા આપવા જણાવી રૂ.૪,૫૦૦ની લાંચની રકમ સ્વીકારી બંન્ને આરોપી લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા.

# ગુજરાત : ચોમાસાની વિદાય વચ્ચે બે વરસાદી સિસ્ટમ સક્રીય

### બંગાળની ખાડીમાં પણ એક લૉ પ્રેશર સક્રિય થયું છે

અમદાવાદ,તા.૨૫

ગુજરાતમાં નવરાત્રિનો આજે ચોથો દિવસ છે. ત્યારે હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં હાલમાં બે વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી વરસાદ થઈ શકે છે. કચ્છમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે. બંગાળની ખાડીમાં પણ એક લૉ પ્રેશર સક્રિય થયું છે. આ લૉ પ્રેશર આગામી ૧૨ કલાકમાં ડિપ્રેશનમાં ફેરવાઈ શકે છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે આજે રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ, ભાવનગર, આણંદ, ભરૂચ, પંચમહાલ, દાહોદ, સુરત, નવસારી, ડાંગ, દમણ, વલસાડ, નર્મદા, દાદરા નગર હવેલી, છોટાઉદેપુર, વડોદરામાં વરસાદની આગાહી કરવામાં આવી છે, હજી પણ વરસાદની એક સિસ્ટમ સક્રિય હોવાથી વરસાદની આગાહી કરવામાં આવી છે. વરસાદની સાથે સાથે પવનની ગતિ પણ ૩૦ થી ૩૫ પ્રતિકલાકની રહેશે.

## ટચુકડી જાહેરખબર...

**સુપ્રસિદ્ધ લેબમાં સંપૂર્ણ બોડી ચેકઅપ**
ફક્ત રૂા.૧૭૫૦માં હીમોગ્રામ, ફાસ્ટીંગ સુગર, ૯૦ દિવસનું સુગર, લીવર, કીડની, થાઈરોડ, લીપીડ, આર્યન પ્રોફાઈલ તથા વીટામીન B12 અને વિટામીન D સાથે. સંપર્ક : ૯૩૨૮૨૦૨૧૨૭.

**વેદાંશી ટ્રાવેલ્સ**
દિવાળીનાં ૨x૨ A/C સ્લીપર બસના રહેવાં જમવા સાથેના પ્રવાસો ઊટી મૈસુર બેંગ્લોર કુર્ગ દિ-૧૨, સાત જ્યોતિર્લિંગ કેરલા સાથે દિ-૨૦, રોયલ રાજસ્થાન જેસલમેર દિ-૭ થી ૯, ગોવા-મહાબલેશ્વર-લોનાવલા - દિ-૮, કાશ્મીર - અમૃતસર વૈષ્ણોદેવી દિ-૧૨. મો.૮૧૬૦૭ ૫૭૬૧૨, ૯૪૨૭૮૭૬૯૯૮.

**નામ બદલેલ છે**
મારું જુનું નામ નિતલબહેન જીજ્ઞેશકુમાર પટેલ હતું હવેથી હું નિતલબેન જીજ્ઞેશકુમાર પટેલ નામથી ઓળખાવ છું. સરનામું: ૨૨૪, મોટું ફળિયું, ભારેલ, તા.પેટલાદ, જિ.આણંદ. પીન : ૩૮૮૪૮૦.

**જોઈએ છે**
આણંદ ઓફિસ માટે, ફક્ત રિટાયર્ડ ઓફિસર્સ અને હોમ મેકર્સ. સંપર્ક : ૯૯૨૫૨૦૮૩૪૯.

**બિઝનેસ આપવાનો છે**
વિદેશ જવાનું હોવાથી કોલ્ડીક અને ફુડનો રનીંગ બીઝનેસ આપવાનો છે. મો.નં.૯૮૨૫૨૯૫૪૭૮. કોલ્ડ હાઉસ, જી-૪, સ્વયંભુ વંદન, ઈસ્કોન ચોકડી, વલ્લભ વિદ્યાનગર કરમસદ રોડ.

**સ્ટાફ જોઈએ છે**
દુકાન માટે ઓફિસ મેનેજમેન્ટ અને એકાઉન્ટ લખી શકે તેવા સ્ટાફની જરૂર છે. મો.૯૭૯૯૫૨૪૧૧, બાંધણી ચોકડી, આણંદ.

**ફ્લેટ વેચવાનો છે**
૧૦૪ શ્રીજી વંદન, સિદ્ધિ વિનાયક મંદિર સામે, 2BHK આણંદ. (મો) ૯૪૨૮૦૭૭૯૪૯

**ફ્લેટ વેચવાનો છે**
૨૦૧, માઈલ સ્ટોન, વલ્લભ વિદ્યાનગર રોડ, 3BHK ડાઈનીંગ સ્ટોર, આણંદ. મો.૯૪૨૮૦૭૭૯૪૯

**દુકાન વેચવાની છે**
૩૦, આત્મીય એન્કલેવ, ગ્રાઉન્ડ ફ્લોર, વલેટવા ચોકડી. મો.૯૪૨૮૦૭૭૯૪૯.

**નામ બદલેલ છે**
મારું જુનું નામ રોનક વાસુદેવ સથવારા હતું હવેથી હું રોનક વાસુદેવભાઈ સથવારા નામથી ઓળખાઈશ. બી-૪, અંબિકા નગર સોસાયટી, ઓમકારેશ્વર પાસે, વી.વી.નગર રોડ, આણંદ.

વાંચકોએ નોંધ લેવી કે કોઈ પણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાંચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર વિભાગ


**સીઆર પાટીલ અને કેશવ પ્રસાદ મૌર્યને જવાબદારી**

# ભાજપે બિહાર અને બંગાળ ચૂંટણી માટે પ્રભારીઓની કરી જાહેરાત

**પાર્ટીએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને બિહાર ચૂંટણી માટે પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે, મહત્વપૂર્ણ જવાબદારી સોંપી**

નવી દિલ્હી, તા.૨૫

બિહાર ચૂંટણીની તારીખો હજુ જાહેર કરવામાં આવી નથી, પરંતુ તમામ પક્ષો સંપૂર્ણ રીતે તૈયાર છે. આ દરમિયાન, ભારતીય જનતા પાર્ટીએ ગુરુવારે (૨૫ સપ્ટેમ્બર) એક મોટી જાહેરાત કરી. ભાજપે બિહાર અને પશ્ચિમ બંગાળ ચૂંટણી માટે પ્રભારીઓની જાહેરાત કરી છે. પાર્ટીએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને બિહાર ચૂંટણી માટે પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે, તેમને મહત્વપૂર્ણ જવાબદારી સોંપી છે. ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવને પણ મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

ભાજપે સીઆર પાટિલ અને કેશવ પ્રસાદ મૌર્યને બિહાર ચૂંટણી માટે સહ-પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ બંગાળ ચૂંટણીમાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેમને પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે બિપ્લબ દેબને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે, બૈજયંત જયપાંડાને ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, અને મુરલીધર મહોલને ચૂંટણી સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.



આ વખતે, બિહારની ચૂંટણી NDA અને મહાગઠબંધન વચ્ચે સ્પર્ધા હશે. ધર્મેન્દ્ર પ્રધાનની વાત કરીએ તો, તેમણે ઘણી વખત મહત્વપૂર્ણ પક્ષની જવાબદારીઓ નિભાવી છે. તેમને ઉત્તર પ્રદેશ અને કર્ણાટક જેવા રાજ્યોમાં મહત્વપૂર્ણ ચૂંટણી જવાબદારીઓ સોંપવામાં આવી છે. ધર્મેન્દ્ર પ્રધાનની વ્યૂહાત્મક કુશળતા અને સંગઠનાત્મક ક્ષમતાઓ બિહારમાં NDA માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. તેઓ ઓડિશાના છે અને તેમની પાસે મજબૂત વ્યૂહાત્મક સમજ છે.

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસની મજબૂત પકડ છે. TMCના ગઢને હચમચાવવું કોઈપણ પક્ષ માટે સરળ રહેશે નહીં. આવી સ્થિતિમાં, ભાજપને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ પાસેથી ઘણી આશાઓ રહેશે. યાદવ પાસે સારો સંગઠનાત્મક અનુભવ છે. બંગાળમાં ચૂંટણી ૨૦૨૬ માં થવાની છે, જેનાથી તેમને તૈયારી માટે સમય મળશે.

ભાજપે ઓડિશાના સાંસદ બૈજયંત પાંડાને તમિલનાડુ માટે ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. તમિલનાડુમાં પણ ૨૦૨૬માં ચૂંટણી યોજાશે. ભાજપ આવતા વર્ષે ચૂંટણી પહેલા DMK-AIADMK સાથે ગઠબંધનની શક્યતાઓ પર કામ કરી શકે છે.

# અદાલતોએ ગંભીર કેસોની દરરોજ સુનાવણી કરવી જોઈએ : સુપ્રીમ કોર્ટ

**જૂની પ્રથા પર પાછા ફરવા માટે, વર્તમાન સામાજિક, રાજકીય અને વહીવટી પરિસ્થિતિને સમજવી જરૂરી છે, જેમાં પોલીસની કાર્યપદ્ધતિનો પણ સમાવેશ**

નવી દિલ્હી, તા. ૨૫

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ખાસ કરીને સંવેદનશીલ કેસોમાં રોજિંદા સુનાવણીની પ્રથા સંપૂર્ણપણે છોડી દેવામાં આવી છે અને અદાલતોએ તેને ફરીથી અપનાવવી જોઈએ. બળાત્કારના કેસમાં આરોપીને જામીન આપવાના કોલકાતા હાઈકોર્ટના નિર્ણય સામે દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરતી વખતે કોર્ટે આ ટિપ્પણી કરી છે.

બંધારણની કલમ ૨૧ હેઠળ ઝડપી ટ્રાયલના અધિકારને આવશ્યક માનતા, સુપ્રીમ કોર્ટે કહ્યું કે તમામ હાઈકોર્ટોએ તેમના સંબંધિત જિલ્લા ન્યાયતંત્રોના લાભ માટે આ મુદ્દા પર ગંભીરતાથી ચર્ચા કરવા માટે એક સમિતિની રચના કરવાની જરૂર છે.

જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ કે વી. વિશ્વનાથનની બેન્ચે કહ્યું, અમે નિષ્ઠાપૂર્વક માનીએ છીએ કે અદાલતો માટે મહત્વપૂર્ણ અથવા સંવેદનશીલ કેસોમાં દૈનિક સુનાવણીની પ્રથા પર પાછા ફરવાનો સમય આવી ગયો છે, જે ત્રીસ વર્ષ પહેલા સામાન્ય હતા. જૂની પ્રથા પર પાછા ફરવા માટે, વર્તમાન સામાજિક, રાજકીય અને વહીવટી પરિસ્થિતિને સમજવી જરૂરી છે, જેમાં પોલીસની કાર્યપદ્ધતિનો પણ સમાવેશ થાય છે.



કોર્ટે નિર્દેશ આપ્યો છે કે તમામ હાઈકોર્ટોએ તેમને સંબંધિત જિલ્લા અદાલતોમાં દૈનિક સુનાવણીની પ્રથા કેવી રીતે ફરી શરૂ કરવી અને તેનો અમલ કેવી રીતે કરવો તે અંગે વિચારણા કરવા માટે સમિતિઓની રચના કરવી જોઈએ.

બેન્ચે અવલોકન કર્યું છે કે ન્યાય પ્રણાલીમાં વિલંબ માટે ફાળો આપતા મુખ્ય પરિબળોમાંનું એક દૈનિક સુનાવણીનો અભાવ છે, જ્યાં કોર્ટ દ્વારા પુરાવાઓને ટુકડાઓમાં સાંભળવામાં આવે છે, અને કેસ અસરકારક રીતે ઘણા મહિનાઓ કે વર્ષો સુધી વિલંબિત થાય છે.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં બળાત્કારના કેસમાં આરોપીને જામીન આપવાના કોલકાતા હાઈકોર્ટના આદેશને પડકારતી સીબીઆઈની અરજી પર સુપ્રીમ કોર્ટનો આ નિર્દેશ આવ્યો હતો.

બેન્ચે કહ્યું, જોકે આ પ્રથાનો ઉપયોગ કરવાના કારણો ઘણીવાર મર્યાદિત ન્યાયિક અથવા કોર્ટ સંસાધનો અને કેસોની સંખ્યાને કારણે ઉપલબ્ધ કોર્ટ સમયના અભાવ હોવાનું દર્શાવવામાં આવે છે, તેમ છતાં કેસોની દૈનિક સુનાવણી ફાયદાકારક બની શકે છે.

બેન્ચે કહ્યું કે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અધિકારીઓને કેસોમાં તપાસ અને અન્ય પ્રક્રિયાઓ તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનો આદેશ આપી શકે છે જેથી નિર્ણય ઝડપથી આપી શકાય.

# સતત પાંચમા દિવસે બજાર ઘટ્યુ, સેન્સેક્સ ૫૫૬ પોઈન્ટ ઘટ્યો, નિફ્ટ ૨૪,૯૦૦ ની નીચે

મુંબઇ,તા.૨૫

ગુરુવારે સતત પાંચમા દિવસે શેર બજાર ઘટાડા સાથે બંધ થયા. સતત વિદેશી મૂડીના પ્રવાહ અને યુએસ H-1B વિઝા ફી અંગે ચિંતાઓને કારણે સેન્સેક્સ ૫૫૫.૯૫ પોઈન્ટ ઘટ્યો. ૩૦ શેર ધરાવતો મ્જીઈ સેન્સેક્સ ૫૫૫.૯૫ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકા ઘટીને ૮૧,૧૫૯.૬૮ પર બંધ થયો. દિવસ દરમિયાન, તે ૬૨૨.૭૪ પોઈન્ટ અથવા ૦.૭૬ ટકા ઘટીને ૮૧,૦૯૨.૮૯ પર બંધ થયો. ૫૦ શેર ધરાવતો એનએસઇ નિફ્ટી ૧૬૬.૦૫ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા ઘટીને ૨૪,૮૯૦.૮૫ પર બંધ થયો. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે નબળા વલણને કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટ પર પણ અસર પડી. રૂપિયો તેના ઓલ ટાઈમ લોમાંથી સુધરીને ૮૮.૬૮ (કામચલાઉ) પર બંધ થયો, જે તેના અગાઉના બંધ કરતા ૭ પૈસા વધીને થયો.

સેન્સેક્સ કંપનીઓમાં, ટ્રેન્ટ, પાવર ગ્રીડ, ટાટા મોટર્સ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, એશિયન પેઇન્ટ્સ એનટીપીસી અદાણી પોર્ટ્સ અને બજાજ ફાઇનાન્સ પાછળ રહ્યા. ભારત ઈલેક્ટ્રોનિક્સ, એક્સિસ બેંક અને ભારતી એરટેલ મુખ્ય લાભકર્તા હતા.

લાઈવલોંગવેલ્થના સંશોધન વિશ્લેષક અને સ્થાપક હરિપ્રસાદ કે.એ જણાવ્યું હતું કે નિફ્ટી આજે મનોવૈજ્ઞાનિક ૨૫,૦૦૦ના સ્તરથી નીચે સરકી ગયો છે, જેનાથી મંદીનો ટ્રેન્ડ વધુ ગાઢ બન્યો છે. વૈશ્વિક અને સ્થાનિક બંને પડકારોએ રોકાણકારોના વિશ્વાસને ઓછો કર્યો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોનું સતત આઉટફ્લો, રેકોર્ડ-નીચું રૂપિયો અને યુએસ એચ-૧બી વિઝા ફી વધારા અંગે નવી ચિંતાઓ, જે ભારતીય આઈટી કમાણી પર નકારાત્મક અસર કરતી જોવા મળે છે. આ બધાથી બજારના સેન્ટિમેન્ટમાં ઘટાડો થયો છે."

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ નીચા સ્તરે બંધ થયો છે, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ પોઝિટિવ ઝોનમાં બંધ થયો છે. યુરોપિયન બજારો નીચા સ્તરે ટ્રેડ કરી રહ્યા હતા. બુધવારે યુએસ બજારો પણ નીચા સ્તરે બંધ થયા છે.

**આર્યન ખાનગી વેબ સીરીઝને લઈને વિવાદ**

# સમીર વાનખેડેએ શાહરૂખ ખાન વિરૂદ્ધ દિલ્હી એચસીમાં કર્યો માનહાનિનો કેસ

**તેમણે દાવો કર્યો હતો કે આ સીરીઝ એન્ટી-ડ્રગ એન્ફોર્સમેન્ટ એજન્સીઓનું ભ્રામક અને નકારાત્મક ચિત્રણ કરે છે**

મુંબઈ, તા.૨૫

શાહરુખ ખાનના દીકરા આર્યન ખાન પોતાની નેટફ્લિક સીરિઝ ધ બેડ્સ ઑફ બોલિવૂડને લઈને વિવાદમાં આવી ગયા છે. સમીર વાનખેડેએ સીરિઝમાં પોતાની છબી ખરાબ દર્શાવવાને લઈને શાહરુખ ખાન, ગૌરી ખાન, નેટફ્લિક્સ ઈન્ડિયા અને રેડ ચિલીઝ વિરુદ્ધ માનહાનિનો કેસ નોંધાવ્યો છે. વાનખેડેએ શાહરુખના દીકરા આર્યન ખાનના દિગ્દર્શક હેઠળ બનેલી પહેલી ફિલ્મને ખોટા, દુર્ભાવનાપૂર્ણ અને બદનક્ષીભર્યું ગણાવી હતી. તેમણે દાવો કર્યો હતો કે આ સીરિઝ એન્ટી-ડ્રગ એન્ફોર્સમેન્ટ એજન્સીઓનું ભ્રામક અને નકારાત્મક ચિત્રણ કરે છે, જેના કારણે કાયદા અમલીકરણ સંસ્થાઓમાં લોકોનો વિશ્વાસ ઓછો થાય છે.

વાનખેડેના વકીલ જતીન પરાશરે કહ્યું કે, સમીરનો આરોપ છે કે, આર્યન ખાનની પોતાની સીરિઝમાં તેના જેવા જ વ્યક્તિને દર્શાવાયા છે. શોમાં તેનું કેરેક્ટર એસેસિનેશન કરાયું. શોને લઈને સમીર વાનખેડે અને તેના પરિવારને અપશબ્દો કહેવા પડી રહ્યા છે. તેમને ભ્રષ્ટ ગણાવાઈ રહ્યા છે. તેવામાં આર્યનના શોના આ ભાગને ડિલીટ કરવામાં આવે.

IRS અધિકારી સમીર વાનખેડેએ દિલ્હી હાઈકોર્ટમાં માનહાનિનો કેસ દાખલ કરાવ્યો છે જેમાં સુપરસ્ટાર શાહરુખ ખાન અને ગૌરી ખાનના પ્રોડક્શન હાઉસ રેડ ચિલીઝ એન્ટરનેઈનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ, ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ અને અન્ય વિરુદ્ધ કાયમી અને ફરજિયાત મનાઈ હુકમ, ઘોષણા અને નુકસાનીની માગ કરવામાં આવી છે.

# વેસ્ટ ઈન્ડિઝ સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

**આ સીરીઝ માટે રવિન્દ્ર જાડેજાને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે અને દેવદત્ત પડિકલની વાપસી**

નવી દિલ્હી, તા.૨૫

વેસ્ટ ઈન્ડીઝ સામેની બે ટેસ્ટ મેચની સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. આ સિરીઝ માટે રવિન્દ્ર જાડેજાને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે. દેવદત્ત પડિકલની વાપસી થઈ છે. તો ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન રમનાર કરુણ નાયરને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની પહેલી ટેસ્ટ ૨ ઓક્ટોબરથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. બીજી ટેસ્ટ ૧૦ ઓક્ટોબરે રાજધાની દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાશે.

કરુણ નાયરને સિરીઝમાં સામેલ કરવામાં આવશે નહીં તેવી અટકળો પહેલાથી જ હતી. ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન તેનું પ્રદર્શન ખાસ પ્રભાવશાળી નહોતું અને બરાબર એવું જ થયું. અક્ષર પટેલ ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો નહોતો, વેસ્ટ ઈન્ડીઝ સામેની સિરીઝમાં વાપસી કરી છે. બે ટેસ્ટ મેચની વેસ્ટ ઈન્ડીઝ સિરીઝ માટે ભારતની ટેસ્ટ ટીમમાં કોઈ મોટા ફેરફારની અપેક્ષા નહોતી. માન્ચેસ્ટરમાં ચોથી ટેસ્ટમાં પગમાં ફ્રેક્ચર થતાં વિકેટકીપર રિષભ પંત વેસ્ટ ઈન્ડીઝ સિરીઝમાંથી બહાર છે. ધ્રુવ જુરેલ તેની જગ્યાએ પ્રથમ પસંદગીના રિપ્લેસમેન્ટ તરીકે રમશે, જ્યારે તમિલનાડુના એન. જગદીશા બેકઅપ વિકેટકીપર હશે. જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણા ફાસ્ટ બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરશે. કુલદીપ યાદવ સ્પિન આક્રમણનું નેતૃત્વ કરશે. રવિન્દ્ર જાડેજા, વોશિંગ્ટન સુંદર અને અક્ષર પટેલ સ્પિન ઓલરાઉન્ડરની ભૂમિકા ભજવશે.

ભારતની ૧૫ સભ્યોની ટીમ : શુભમન ગિલ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, સાઈ સુદર્શન, દેવદત્ત પડીક્કલ, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવિન્દ્ર જાડેજા (વાઈસ-કેપ્ટન), વોશિંગ્ટન સુંદર, જસપ્રિત બુમરાહ, અક્ષર પટેલ, નીતીશ કુમાર રેડ્ડી, એન જગદેસન, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, કુલદીપ યાદવ.

**સંજય કપૂરની રૂા. 30 હજાર કરોડની સંપતિનો મામલો**

# સંજય કપૂરની વસિયત ગુપ્ત રાખવા માંગે છે ત્રીજી પત્ની, કોર્ટનો ઈનકાર

**પ્રિયા સચદેવ કપૂરના વકીલે કહ્યું, વસિયતનામાને સીલબંધ કવરમાં રજૂ કરવા મંજૂરી આપવામાં આવે**

નવી દિલ્હી, તા.૨૫

સંજય કપૂરની મિલકત અંગેનો વિવાદ હાલમાં દિલ્હી હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે. કરિશ્મા કપૂરના બાળકો, સમાયરા અને કિયાન, તેમજ સંજયની માતા અને તેની બહેને પ્રિયા સચદેવ વિરુદ્ધ સંજયના વસિયતનામામાં છેતરપિંડી અને છુપાવવાના આરોપનો મામલે કેસ દાખલ કર્યો હતો. આ મામલે કોર્ટમાં આજે સુનાવણી થઈ હતી, જે દરમિયાન પ્રિયાએ સંજય કપૂરની સંપત્તિની યાદી સીલબંધ કવરમાં રજૂ કરવાની મંજૂરી માંગી હતી.

સુનાવણી દરમિયાન પ્રિયા સચદેવ કપૂરના વકીલે કહ્યું, મારી બસ એટલી જ વિનંતી છે કે, વસિયતનામાને સીલબંધ કવરમાં રજૂ કરવાની મંજૂરી આપવામાં આવે, જેથી આ માહિતી જનતા અને મીડિયા સુધી ન પહોંચે. જોકે, કોર્ટે તેમની દલીલને ફગાવતા કહ્યું કે, જ્યારે તમે કોઈપણ મુકદમામાં લેખિત જવાબ દાખલ કરો છો, ત્યારે બીજા પક્ષને પ્રતિદાવો દાખલ કરવા માટે આ માહિતીની જરૂર પડે. તેથી ત્યારે સીલબંધ કવરમાં કેટલી માહિતી રહેશે?



જેના જવાબમાં સચદેવના વકીલે કહ્યું કે, તેમાં ઘણી બધી માહિતી છે, જે જાહેર ન થવી જોઈએ. હું તેને બધા સાથે શેર કરવા તૈયાર છું, માત્ર તેને ગુપ્ત રાખો. જોકે કોર્ટે તેના પર સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. વકીલે ફરી કહ્યું કે, હું માત્ર બે પાના સીલબંધ કવરમાં રાખવાની માંગણી કરુ છું. કોર્ટે સ્પષ્ટપણે કહ્યું કે, આ મુશ્કેલ છે, કારણ કે જેમને લાભ મળશે તેમને સંપત્તિ પર પ્રશ્ન ઉઠાવવાનો અધિકાર છે, જેમ કે આ કોઈ પણ મામલે થાય છે.

જો તેમને તપાસ કરવી હોય અને ગોપનીયતા કરાર દ્વારા બંધાયેલા હોય તો તેઓ પોતાનું રક્ષણ કેવી રીતે કરશે? શું તમે જસ્ટીસ હરિ શંકરની ગોપનીયતા ક્લબ સાથે જોડાયેલા નિર્ણય વાંચ્યા છે? કોર્ટના સવાલો પર પ્રિયા સચદેવના વકીલે કહ્યું કે, અમે કાલે કોઈ સૂચન લઈને આવીશું કહીને દલીલો પૂર્ણ કરી.

**ઈરાનમાં હાલમાં ફક્ત એક જ રિએક્ટર કાર્યરત છે**

# રશિયા અને ઈરાન વચ્ચે નાના પરમાણુ પાવર પ્લાન્ટ બનાવવા માટે કરાર

**ઈરાનમાં આઠ નવા પરમાણુ પ્લાન્ટ બનાવવામાં આવશે, જેમાંથી ચાર દક્ષિણ પ્રાંત બુશેહરમાં સ્થિત હશે**

મોસ્કો, તા.૨૫

રશિયા અને ઈરાન ઈરાનમાં નાના પરમાણુ પાવર પ્લાન્ટ બનાવવા માટે કરાર પર પહોંચ્યા છે. આ કરાર બુધવારે મોસ્કોમાં હસ્તાક્ષર કરવામાં આવ્યો હતો, જ્યાં રશિયન પરમાણુ એજન્સી રોસાટોમના વડા એલેક્સી લિખાચેવ અને ઈરાનના પરમાણુ વડા મોહમ્મદ ઈસ્લામી વચ્ચે વાતચીત થઈ હતી. રોસાટોમે આ પ્રોજેક્ટને વ્યૂહાત્મક ગણાવ્યો છે.

ઈરાનના ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ ઈસ્લામીએ જણાવ્યું હતું કે ઈરાન ૨૦૪૦ સુધીમાં ૨૦ ગીગાવોટ પરમાણુ પાવર ઉત્પન્ન કરવાની યોજના ધરાવે છે. આ હાંસલ કરવા માટે, આઠ નવા પરમાણુ પ્લાન્ટ બનાવવામાં આવશે, જેમાંથી ચાર દક્ષિણ પ્રાંત બુશેહરમાં સ્થિત હશે. આનાથી ઉનાળા અને સૌથી વધુ વીજળીની માંગવાળા મહિનાઓમાં ઈરાનને વીજળીની અછતમાંથી રાહત મળશે. હાલમાં, દક્ષિણ શહેર બુશેહરમાં સ્થિત ઈરાનમાં ફક્ત એક જ પરમાણુ રિએક્ટર કાર્યરત છે. તે રશિયા દ્વારા બનાવવામાં આવ્યું હતું અને તેની ક્ષમતા ૧ ગીગાવોટ છે. રશિયા અને ઈરાન વચ્ચે મજબૂત સંબંધો છે. રશિયાએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાની પરમાણુ સુવિધાઓ પરના હુમલાઓની ટીકા કરી હતી. ૧૩ જૂનના રોજ, ઈઝરાયલે ઈરાની પરમાણુ સુવિધાઓ અને લશ્કરી થાણાઓ પર હવાઈ હુમલો કર્યો.

આ હુમલામાં ૧,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા, જેમાં ટોચના ઈરાની સૈન્ય કમાન્ડરો અને પરમાણુ વૈજ્ઞાનિકોનો સમાવેશ થાય છે. ઈરાને મિસાઈલ અને ડ્રોન હુમલાઓનો જવાબ આપ્યો, જેમાં ડઝનેક ઈઝરાયલીઓ માર્યા ગયા. અમેરિકાએ પણ ત્રણ ઈરાની પરમાણુ સુવિધાઓ પર બોમ્બમારો કર્યો. ઈરાનનો દાવો છે કે તેનો પરમાણુ કાર્યક્રમ સંપૂર્ણપણે શાંતિપૂર્ણ છે.

૧૧ સપ્ટેમ્બરના રોજ, ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ સ્વીકાર્યું કે ઈઝરાયલી અને અમેરિકાના હુમલા બાદ ઈરાનના ઉચ્ચ-ગ્રેડ યુરેનિયમ ભંડાર કાટમાળ નીચે દટાયેલા હતા. અરાઘચીએ આ નિવેદન એવા સમયે આપ્યું છે જ્યારે સંયુક્ત રાષ્ટ્રના પરમાણુ નિરીક્ષક સંગઠને ઈરાનના સમૃદ્ધ યુરેનિયમ ભંડારને ગંભીર ચિંતાનો વિષય ગણાવ્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે જૂનમાં ઈરાનના પરમાણુ સુવિધાઓ પર થયેલા હુમલા પછી તેની પાસે ઈરાનની પ્રવૃત્તિઓ વિશે કોઈ માહિતી નથી.

# મિથુન ચક્રવર્તી વિરૂદ્ધ કોઇ વિવાદાસ્પદ ટિપ્પણી નહિં, કોલકાતા હાઈકોર્ટે ટીએમસી નેતાને આદેશ આપ્યો

કોલકતા,તા.૨૫

ભાજપ નેતા અને પ્રખ્યાત બોલિવૂડ સ્ટાર મિથુન ચક્રવર્તીએ કુણાલ ઘોષ સામે ૧૦૦ કરોડનો માનહાનિનો દાવો દાખલ કર્યો છે. બુધવારે કોલકાતા હાઈકોર્ટમાં આ કેસની સુનાવણી થઈ. કોર્ટે આદેશ આપ્યો કે મિથુન ચક્રવર્તી અને તેમના પરિવાર સંબંધિત કોઈ વિવાદાસ્પદ ટિપ્પણી કરી શકાશે નહીં. ટીએમસી નેતા કુણાલ ઘોષે ૧૫ ડિસેમ્બર સુધી કોઈપણ વિવાદાસ્પદ ટિપ્પણી કરવાથી દૂર રહેવું જોઈએ. આ મામલે નોટિસ જારી કરવામાં આવશે, ન્યાયાધીશ અરિંદમ મુખર્જીએ આદેશ આપ્યો છે. આ કેસની આગામી સુનાવણી ડિસેમ્બરમાં થશે.

આ દરમિયાન, મિથુન ચક્રવર્તીએ કુણાલ ઘોષ પર ગંભીર આરોપો લગાવ્યા હતા.

### સોનમ વાંગચુકની... પાન ૧નું ચાલુ

ઓલ્ટરનેટિવ લર્નિંગને જમીન ફાળવણી રદ કરી હતી. જમીન ફાળવણી રદ કરતા, લદ્દાખ વહીવટીતંત્રે જણાવ્યું હતું કે જમીનનો ઉપયોગ તે હેતુ માટે થઈ રહ્યો નથી જેના માટે તેને મૂળ રૂપે ફાળવવામાં આવી હતી અને કોઇ લીઝ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા નથી. સીબીઆઈ તપાસ હજુ પણ ચાલુ છે. અને તે પૂર્ણ થયા પછી સીબીઆઈ દ્વારા પ્રારંભિક તપાસ દાખલ કરવામાં આવી શકે છે.

છઠ્ઠી અનુસૂચિના અમલીકરણને લઈને બુધવારે લેહમાં થયેલા હિંસક વિરોધ પ્રદર્શન માટ કેન્દ્ર સરકારે વાંગચુકને જવાબદાર ઠેરવ્યા હતા. ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કાર્યકર સોનમ વાંગચુકે છઠ્ઠી અનુસૂચિના અમલીકરણ અને લદ્દાખને રાજયનો દરજ્જો આપવાની માંગણી સાથે ૧૦ સપ્ટેમ્બરના રોજ ભૂખ હડતાળ શરુ કરી હતી. એ વાત જાણીતી છે કે ભારત સરકાર આ મુદ્દાઓ પર લેહ અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ, જે સર્વોચ્ચ સંસ્થા છે, સાથે સક્રિય રીતે સંપર્કમાં રહી છે. ઉચ્ચ સ્તરીય સમિતિ અને પેટા-સમિતિના ઔપચારિક માધ્યમો દ્વારા તેમની સાથે ઘણી બેઠકો યોઈજા છે, તેમજ નેતાઓ સાથે ઘણી અનૌપચારીક બેઠકો પણ યોજાઇ છે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું કેઆ પદ્ધતિ દ્વારા વાતચીત પ્રક્રિયાએ અભૂતપૂવ પરિણામો આપ્યા છે જેમ કે લદ્દાખ અનુસૂચિત જનજાતિ માટે અનામત ૪૫ ટકાથી વધારીને ૮૪ ટકા કરવું, કાઉન્સીલોમાં મહિલાઓને ૧/૩ અનામત આપવી અને ભોટી અને પુર્ગીને સત્તાવાર ભાષાઓ તરીકે જાહેર કરવી. આ પ્રક્રિયા સાથે, ૧૮૦૦ જગ્યાઓ માટે ભરતી પણ શરૂ કરવામાં આવી હતી. જો કે, કેટલાક રાજકીય રીતે પ્રેરિત વ્યકિતએ એચપીસ હેઠળ થયેલી પ્રગતિથી નાખુશ હતા અને વાતચીત પ્રક્રિયાને વિફલ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

### ફ્રાંસના પૂર્વ રાષ્ટ્રપતિ... પાન ૧નું ચાલુ

તે સાબિત થઈ શકયું નહીં કે આ પૈસાનો ઉપયોગ તેમના પ્રચાર માટે કરવામાં આવ્યો હતો, તેથી તેમને ભ્રષ્ટાચાર જેવા અન્ય આરોપોમાંથી મુકત કરવામાં આવ્યા.

તેમ છતાં, કોર્ટ ચુકાદો આપ્યો કે આ કાવતરું એક ગંભીર ગુનો હતો કારણકે તેનાથી જાહેર વિશ્વાસ ઓછો થયો હતો. સરકોઝીને એક મહિનાની અંદર જેલની સજા થશે. આધુનિક ફ્રેન્ચ ઈતિહાસમાં આ પહેલીવાર છે જયારે કોઈ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિને જેલની સજા ફટકારવામાં આવી હોય.

સરકોઝીએ બધા આરોપોને નકારી કાઢયા છે. તેમનું કહેવું છે કે આ કેસ એક 'રાજકીય ષડયંત્ર' છે અને ગદ્દાફી પરિવારે બદલો લેવા માટે આ આરોપો લગાવ્યા છે. સરકોઝીએ કહ્યું કે જો તેમને જેલમાં સૂવું પડશે, તો તેઓ માથું ઊચું કરીને સૂઈ જઈશ.

સરકોઝીએ ૨૦૧૧માં ગદ્દાફીને દૂર કરવા માટે લશ્કરી હસ્તક્ષેપની હિમાયત કરી હતી, જેના કારણે ગદ્દાફીની સત્તા ખતમ થઈ ગઈ અને તેમની હત્યા કરવામાં આવી. સરકોઝી કહે છે કે આ આરોપો તેના બદલા તરીકે છે.

### મહાદેવપુરા પાટીયા... પાન ૮નું ચાલુ

દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર કર્યા બાદ રજા આપવામાં આવી હતી. ઘટનાની જાણ વાલીઓને થતાં જ તેઓ હોસ્પીટલ ખાતે દોડી આવ્યા હતા અને ભારે રોષ પ્રગટ કર્યો હતો. અકસ્માત સંદર્ભે ખંભોળજ પોલીસે ટેમ્પીના ચાલક નરેન્દ્રભાઈ ચૌહાણ વિરૂદ્ધ ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરી હતી.

ઘવાયેલાઓની યાદી
(૧) નીશીતકુમાર વાસુદેવભાઈ પટેલ (આચાર્ય)
(૨) ભરતભાઈ જીવાભાઈ પટેલ (શિક્ષક)
(૩) વ્રજેશકુમાર ભાઈલાલભાઈ પટેલ (શિક્ષક)
(૪) રીયા અતુલભાઈ પરમાર (વિદ્યાર્થી)
(૫) આરોહિ વિપુલભાઈ પરમાર (વિદ્યાર્થી)
(૬) જનક વિકેશભાઈ પરમાર (વિદ્યાર્થી)
(૭) કેવલ અતુલભાઈ પરમાર (વિદ્યાર્થી)
(૮) ધ્રુવ રીતેશભાઈ પરમાર (વિદ્યાર્થી)
(૯) વૈશાલી પ્રશાંતભાઈ ચૌહાણ (વિદ્યાર્થી)
(૧૦) કલ્પેશ અનિલભાઈ પરમાર (વિદ્યાર્થી)

### વિધવા-નિઃસંતાન... પાન ૧નું ચાલુ

કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કેએમ નટરાજે આ કાયદાનો બચાવ કરતા કહ્યું કે તે સારી રીતે વિચારીને બનાવવામાં આવ્યો છે અને આરોપ લગાવ્યો કે અરજદારો સામાજિક માળખાનો નાશ કરવા માંગે છે.

સુપ્રીમ કોર્ટે હિંદુ ઉત્તરાધિકાર કાયદાની કલમ ૧૫ અને ૧૬ને પડકારી છે, જે વસિયત વગર મૃત્યુ પામેલી હિંદુ મહિલાની મિલકતના ટ્રાન્સફરની જોગવાઈ કરે છે. કાયદાની કલમ ૧૫ મુજબ, જયારે કોઈ હિંદુ મહિલા વસિયત વગર મૃત્યુ પામે છે, ત્યારે તેની મિલકત તેના પોતાના માતાપિતા પહેલા તેના પતિના વારસદારોને જાય છે.

### નેપાળમાં ૧૮ નહીં... પાન ૧નું ચાલુ

કરાવવા માટે નોટિફિકેશન બહાર પાડયું છે.

તેમણે વધુમાં કહ્યું કે દેશની જટિલ રાજકીય પરિસ્થિતિઓમાંથી બહાર આવવા માટે સરકારે સામાન્ય ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે. સરકારે ચૂંટણી પંચના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી જરૂરી પ્રજાશક્તિ, બજેટ, ચૂંટણી પ્રક્રિયા, સુરક્ષા અને કાયદો વ્યવસ્થા સહિતની યોજના બનાવી છે. તેમણે નેપાળી ભાઈ-બહેનોને આગામી ચૂંટણીઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા અપીલ કરી છે.

### હવે ૩૧ ઓકટોબર... પાન ૧નું ચાલુ

કરવામાં આવ્યા છે, જેમાં ફકત તે જ દિવસે ૬૦,૦૦૦થી વધુ સબમિશન થયા છે.

વધુમાં, ૨૩ સપ્ટેમ્બર સુધીમાં ૭૫.૭ મિલિયન આવકવેરા રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા છે. તેથી પોર્ટલ પર કામ ચાલુ છે, અને વિલંબ ફકત બાહ્ય પરિબળોને કારણે છે.

સીબીડીટીએ જણાવ્યું છે કે નવી સમયમર્યાદા લાગુ કરવા માટે એક અગ ઔપચારિક સૂચના જારી કરવામાં આવશે. આ નિર્ણયની જાહેરાત એક પ્રેસ રિલીઝ દ્વારા કરવામાં આવી છે, પરંતુ ટૂંક સમયમાં ગેઝેટ નોટિફિકેશન બહાર પાડવામાં આવશે. કરદાતાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ સત્તાવાર વેબસાઈટ તપાસતા રહે.

આ મુખ્યત્વે ટેકસ ઓડિટ રિપોર્ટસ માટે છે, પરંતુ તેમાં પાછલા વર્ષ ૨૦૨૪-૨૫ માટે વિવિધ ઓડિટ રિપોર્ટસનો સમાવેશ થાય છે. સીબીડીટીએ સ્પષ્ટતા કરી કે આ કલમ ૧૩૯ હેઠળ આવતા રિપોર્ટ પર લાગુ પડે છે. આઈટીઆર ફાઈલ કરવાની અંતિમ તારીખ ૩૧જુલાઈ, ૨૦૨૫ પર યથાવત છે, પરંત ઓડિટ થયેલા કેસ માટે, અંતિમ તારીખ હવે ૩૧ ઓકટોબર છે.

### ભારતમાં પહેલીવાર... પાન ૧નું ચાલુ

કિમી સુધીની સ્ટ્રાઈક રેન્જ માટે ડિઝાઈન કરવામાં આવી છે અને તે અદ્યતન સુવિધાઓથી સજ્જ છે.

રાજનાથે લખ્યું - ખાસ ડિઝાઈન કરાયેલ રેલ આધારિત મોબાઈલ લોન્ચ તેના પ્રકારની પહેલી સિસ્ટમ છે, જે તમામ પ્રકારના રેલ નેટવર્ક પર ચાલી શકે છે.

આ પરીક્ષણથી ભારત એવા દેશોના પસંદગીના ગ્રુપમાં સામેલ થયું છે જેમની પાસે મોબાઈલ રેલ નેટવર્કથી મિસાઈલો લોન્ચ કરવા માટે કેનિસ્ટરાઈઝડ લોન્ચિંગ સિસ્ટમ છે.

ભારતના સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ માટે બનાવાયેલ અગ્નિ પ્રાઈમ મિસાઈલનું પરીક્ષણ ૨૫ સપ્ટેમ્બરના રોજ ઓડિશાના ચાંદીપુર ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જથી કરવામાં આવ્યું હતું.

### કર્ણાટકમાં જાતિગત... પાન ૧નું ચાલુ

કે સર્વે સ્વૈચ્છિક છે અને કોઈને પણ કોઈપણ માહિતી પૂરી પાડવા માટે ફરજ પાડી શકાય નહી. કોર્ટે ઉમેર્યુ હતું કે વસ્તી ગણતરી કરનારાઓએ પણ આ હકીકત જાહેર કરવી પડશે.

કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે સર્વેક્ષણ પ્રક્રિયાની શરૂઆતમાં જ આ સ્પષ્ટતા પૂરી પાડવી જોઈએ. તેમાં કહેવામાં આવ્યું હતું કે અધિકારીઓ ભાગ લેવાનો ઈનકાર કરનારાઓ પર દબાણ કરી શકતા નથી. કમિશનને એક દિવસની અંદર એક સોગંદનામું દાખલ કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો જેમાં એકત્રિત અને સંગ્રહિત ડેટાને સુરક્ષિત રાખવા માટે લેવામાં આવેલા પગલાની રૂપરેખા આપવામાં આવી હતી.

આ પહેલા કર્ણાટક સરકાર દ્વારા કરવામાં આવી રહેલી જાતિ વસ્તી ગણતરીનો વિરોધ કરવામાં આવ્યો હતો, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેનો ઉપયોગ રાજકીય હેતુઓ માટે થઈ શકે છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, કર્ણાટક સરકારે સર્વેનો બચાવ કર્યો હતો, અને દલીલ કરી હતી કે કેન્દ્ર સરકાર બેવડું ધોરણ અપનાવી રહી છે. રાજયનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ ધ્યાન દોર્યુ હતું કે કેન્દ્રએ પોતે ૨૦૨૧માં ૧૦૫મો બંધારણીય સુધારો લાગુ કર્યુ હતો, જેણે રાજયોને પછાત વર્ગોને ઓળખવા અને સૂચિબદ્ધ કરવાની સત્તાઓ પુનઃસ્થાપિત કરી હતી. સિંઘવીએ કોર્ટને જણાવ્યું હતું કે આ સુધારો લાગુ કર્યા પછી, કેન્દ્ર હવે અરજદારોને ફકત એટલા માટે ટેકો આપી રહ્યું છે કારણકે રાજયમાં એક અલગ રાજકીય પક્ષ સત્તામાં છે.

# ખંભાત : ૧૫ દિવસના વાયદે ઉછીના લીધેલા ૧ લાખના ચેક રીર્ટન કેસમાં રાલજના વેપારીને એક વર્ષની સજા

**૧૦ હજાર રૂા.નો દંડ ફટકારાયો, ચેકની રકમ વળતર પેટે ના ચુકવે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા**

**ચુકાદા વખતે આરોપી કોર્ટમાં હાજર ના રહેતા તેના વિરૂદ્ધ નોન બેલેબલ વોરંટ ઈસ્યુ કરાયું**

આણંદ, તા. ૨૫

ખંભાત તાલુકાના રાલજ ગામે આવેલા ભડકીવાળા ફળિયામાં રહેતા એક વેપારીને એક લાખના ચેક રીર્ટન કેસમાં અદાલતે તકશીરવાર ઠેરવીને એક વર્ષની સાદી કેદની સજા અને દશ હજાર રૂપિયાનો દંડ ફટકારતી સજા સંભળાવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર રાલજ ગામની ઈન્દિરા કોલોનીમાં રહેતા ફરિયાદી યોગેશભાઈ સોમાભાઈ સોનીવેપાર કરીને જીવન ગુજરાન ચલાવે છે. ગામના ગણપતભાઈ સુથાર સાથે તેમને મિત્રતા બંધાઈ હતી. દરમ્યાન ગત તારીખ ૨૦-૦૧-૨૦૨૪ના રોજ ગણપતભાઈ મિત્ર યોગેશભાઈ પાસે ગયા હતા અને નાણાંની જરૂરીયાત હોય, ૧૫ દિવસના વાયદે એક લાખ ઉછીના માંગ્યા હતા.જેથી યોગેશભાઈએ મિત્રતાના સંબંધને લઈને ઉછીના એક લાખ આપ્યા હતા. પંદર દિવસ ઉપરાંતનો સમય વીતી ગયા બાદ યોગેશભાઈએ ઉઘરાણી કરતા ગણપતભાઈએ તારીખ ૨૦-૨-૨૪ના રોજનો ચેક લખી આપ્યો હતો. જે નિયત તારીખે ખાતામાં ભરતા તે ડોરમેટના શેરા સાથે પરત ફર્યો હતો. જેથી યોગેશભાઈએ બેંકના રીર્ટન મેમા સાથે ગણપતભાઈને જાણ કરતા સંતોષકારક જવાબ નહીં આપીને લેણી રકમ પણ ચુકવી આપી નહોતી.

જેથી પોતાના વકિલ મારફતે ડીમાન્ડ નોટિસ રજીસ્ટર એડીથી મોકલી આપી હતી. જે ગણપતભાઈના સરનામે લેફ્ટના શેરા સાથે પરત ફરી હતી.જેથી ખંભાતની કોર્ટમાં ચેક રીર્ટનનો ૧૩૮ મુજબનો કેસ દાખલ કર્યો હતો. જેની સુનાવણી ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં ફરિયાદ પક્ષે ઉપસ્થિત વકિલની દલિલો તેમજ રજુ થયેલા પુરાવાઓને ધ્યાને લઈને જજ બી. એચ. ઓડેદરાએ ગણપતભાઈને તકશીરવાર ઠેરવીને એક વર્ષની સાદી કેદની સજા અને દશ હજાર રૂપિયાના દંડની સજા ફરમાવી હતી.

સાથે-સાથે ચેકની રકમ ફરિયાદીને વળતર પેટે ચુકવી આપવી નહીં, તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા અલગથી ભોગવવાનો હુકમ કર્યો હતો.ચુકાદા વખતે આરોપી કોર્ટમાં હાજર ના હોય,તેના વિરૂદ્ધ નોન બેલેબલ વોરંટ ઈસ્યુ કરવાનો પણ આદેશ કર્યો હતો.

# સેવાલીયા: ૬ વર્ષથી પ્રોહીબીશનના ગુનાનો વોન્ટેડ બુટલેગર ઝડપાયો

નડીયાદ તા ૨૫



અનીલ હુકમસીંગ છોક્કર (ગુર્જર)

ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીને પેટ્રોલિંગ દરમિયાન માહિતી મળી હતી કે ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુના હેઠળ છેલ્લા છ વર્ષથી નાસતો ફરતો આરોપી અનિલ હુકમસિંગ છોક્કર (ગુર્જર), રહે. પટ્ટી કલ્યાણ, આર્યનગર સ્કૂલ પાસે, તા. સામાલખા, જિ. પાણીપત, હરિયાણા), હાલ સેવાલીયા રેલવે સ્ટેશન પાસે હાજર છે. જેના આધારે પોલીસની ટીમ સેવાલીયા અવધૂત હોટેલ પાસે પહોંચી ગઈ હતી અને વોચ ગોઠવી દીધી હતી. પોલીસને જોઈને નાસવાનો પ્રયાસ કરી રહેલા અનિલ છોક્કરને કોર્ડન કરીને ઝડપી પાડ્યો હતો અને કાર્યવાહી હાથ ઘરી હતી.

# જીતપુરા- ઓડ કેનાલ પરનો બ્રિજ પૂરો થાય તે પહેલા તિરાડો દશ્યમાન

**સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરતા કોન્ટ્રાકટરને એક માસનો સમય અપાયાના જવાબથી ગ્રામજનોમાં રોષ**

આણંદ, તા. ૨૫

ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ રાજયભરના બ્રિજોની ચકાસણીનો સરકારે આદેશ કર્યો હતો. બીજી તરફ જર્જરિત બનેલા બ્રિજ, કેનાલો પરના નાના બ્રિજની કામગીરીના પણ આદેશો છૂટયા હતા. બીજી તરફ નવા કે રીનોવેશન થતા બ્રિજની કામગીરી તરફે ગ્રામજનોમાં પણ જાગૃતતા વ્યાપી છે. જેમાં ઉમરેઠ તાલુકાના જીતપુરા અને ભરોડા, ઓડ વચ્ચેની મહી કેનાલ પર બનતા બ્રિજની કામગીરી સામે ગ્રામજનોમાં વિરોધ વ્યાપ્યો છે. બ્રિજ પૂરો થાય તે પહેલા જ તેમાં તિરાડો દેખાવા લાગી હોવાની સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત પણ કરવામાં આવી હતી. પરંતુ તંત્રના બાબુશાહી જવાબથી વિરોધનો સૂર વધુ ઉગ્ર બન્યાનું જાણવા મળે છે.



મળતી વિગતોમાં જીતપુરા અને ભરોડા, ઓડ વચ્ચે આવેલ મહી કેનાલ પર બ્રિજ બનાવવાની અગાઉ શરુ થયેલ કામગીરી આશરે સવા વર્ષથી ઠપ્પ હતી. આ અંગે રજૂઆતોના પગલે ગત એપ્રિલમાં નવો બ્રિજ બનાવવાનો કોન્ટ્રાકટ અપાયો હતો. જેની કામગીરી ચાલુ હોવા દરમ્યાન કેટલાક સ્થળોએ તિરાડો જોવા મળી હતી. જેથી જાગૃત ગ્રામજનો દ્વારા આ મામલે પૂછપરછ કરતા કોન્ટ્રાકટરે અધૂરું કામ છોડી દીધાનો મામલો ચર્ચિત બન્યો છે.

ગ્રામજનોએ જણાવ્યું હતું કે, આ બ્રિજના વર્ક ઓર્ડરની નકલ અમને જોવા આપી નથી. આ બ્રિજ પરથી જીતપુરાના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ સહિત ખેડૂતો, ડેરીમાં દૂધ ભરાવવા જતા પશુપાલકો, ગ્રામજનો દરરોજ અવરજવર કરે છે. કેનાલ પરનો આ બ્રિજ અવરજવર માટે સરળ અને ટૂંકો રસ્તો છે. પણ તેના નવીનીકરણમાં બેદરકારી જોવા મળી રહી છે.

આ મામલે જીતપુરાના ગ્રામજનો દ્વારા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ગ્રામજનોની વાત સાંભળ્યા બાદ તંત્રના પદાધિકારી દ્વારા કોન્ટ્રાકટરને એક માસનો સમય આપવામાં આવ્યાનું કહીને હકારાત્મક નિરાકરણની નોંધ મારી દીધી હશે. પરંતુ આ જવાબથી ગ્રામજનો સંતુષ્ઠ નથી. તેઓના મતે શું એક માસમાં આખો બ્રિજ નવીનીકરણ થઈ શકે ખરો? તંત્રના જવાબદાર અધિકારી સ્થળ પર ઉભા રહીને કે મોનેટરીંગ કરીને કામગીરી કરાવે તો જ સરકારના નાણાં યોગ્ય કામગીરીમાં ખર્ચ થવા સાથે અમને ટકાઉ બ્રિજ મળી શકે.

# સોજીત્રા : ૨ લાખના ચેક રીર્ટન કેસમાં ખેરંટીના ખેડૂતને એક વર્ષની કેદની સજા

**ચેકની રકમ છ ટકા સાદા વ્યાજ સાથે ફરિયાદીને વળતર પેટે ચુકવવા પણ હુકમ**

આણંદ, તા.૨૫

માતર તાલુકાના ખેરંટી ગામે રહેતા અને ખેતી કરીને જીવન ગુજરાન ચલાવતા ખેડૂતને પુત્રીના લગ્ન માટે ઉછીના આપેલા બે લાખના ચેક રીર્ટન કેસમાં સોજીત્રાની અદાલતે તકશીરવાર ઠેરવીને એક વર્ષની સાદી કેદની સજા સંભળાવી હતી.

ફરિયાદી જશીબેન પુનમભાઈ પરમાર સોજીત્રા તાલુકાના કોસાર ગામે રહે છે. તેમના પતિના મિત્ર કરણસિંહ મેલાભાઈ મહિડા (રે. ખેરંટી, તા. માતર)ની પુત્રીના લગ્ન લેવાયા હોય, તેમને અરજન્ટ પૈસાની જરૂરત પડતા કાસોર ખાતે રહેતા જશીબેનના ઘરે આવ્યા હતા અને બે લાખ ઉછીનાની માંગણી કરી હતી. જે નાણાં ટુંક જ સમયમાં ચુકતે કરી આપવાનો વાયદો કર્યો હતો.જેથી જશીબેને બે લાખ ઉછીના આપ્યા હતા. ઘણો સમય વીત્યો હોવા છતાં પણ કરણસિંહે નાણાં પરત ના કરતા જશીબેને ઉઘરાણી કરી હતી. જેથી કરણસિંહે તારીખ ૧૨-૬-૨૪ના રોજનો ચેક લખી આપ્યો હતો.જે ચેક નિયત તારીખે ખાતામાં ભરતા તે અપુરતા બેલેન્સના કારણે પરત ફર્યો હતો.જેથી જશીબેને કાનુની પ્રક્રિયા પુર્ણ કરીને સોજીત્રાની અદાલતમાં ચેક રીર્ટનનો કેસ દાખલ કર્યો હતો.

જેની સુનાવણી પ્રીન્સીપલ સિવિલ જ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટન કોર્ટમાં યોજાઈ ગઈ હતી.જ્યાં બન્ને પક્ષોના વકિલોની દલિલો સાંભળી તેમજ તેમણે રજુ કરેલા પુરાવાઓને ધ્યાને લઈને જજ એ. એસ. ખાને આરોપી કરણસિંહને તકશીરવાર ઠેરવ્યો હતો અને એક વર્ષની સાદી કેદની સજા સંભળાવી હતી. સાથે સાથે ચેકની રકમ ફરિયાદીને વળતર પેટે છ ટકા સાદા વ્યાજ સાથે ચુકવી આપવાનો હુકમ કર્યો હતો.જો આરોપી વળતરની રકમ ના ચુકવે તો ત્રણ માસની વધુ સજા અલગથી ભોગવવાનો હુકમ કર્યો હતો. ચુકાદા વખતે આરોપી કોર્ટમાં હાજર ના હોય, તેના વિરૂદ્ધ નોન બેલેબલ વોરંટ ઈસ્યું કરીને સંબંધિત પોલીસ મથકે મોકલી આપવાનો પણ આદેશ કર્યો હતો.

# વલાસણ નહેર પાસેથી વિદેશી દારૂના ૨ ક્વાર્ટરીયા સાથે શખ્સ ઝડપાયો

આણંદ, તા.૨૫

વિદ્યાનગર પોલીસ ગઈકાલે પેટ્રોલીંગ દરમ્યાન વલાસણ ગામના મહાદેવ મંદિર તરફ જવાના રોડ ઉપર આવેલી મોટી કેનાલ પાસેથી પસાર થતી હતી ત્યારે પોલીસને જોઈને એક શખ્સ ગભરાઈ ગયો હતો. જેથી પોલીસે તેને અટકાયતમાં લઈને તપાસ કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી વિદેશી દારૂના ૨ ક્વાર્ટરીયા મળી આવ્યા હતા.જેની કિંમત ૨૦૦ રૂપિયા જેટલી થવા જાય છે. પોલીસે તેનું નામઠામ પુછતાં તે ભરત ઉર્ફે રાધે ભયલાલભાઈ ચૌહાણ (રે. વલાસણ)નો હોવાનું જણાવ્યું હતુ. પોલીસે તેના વિરૂધ્ધ પ્રોહીબીશન ધારાની જુદી-જુદી કલમો હેઠળ ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરી હતી.

# વિદ્યાવિહાર, બોરીયાના આચાર્યને બાલસાથીનું સન્માન




આણંદ, તા. ૨૫

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ દ્વારા સંગોષ્ઠી ૮ દિલ્હીમાં બાલવાર્તા અભિયાન અંતર્ગત પ્રવૃત્તિશીલ શિક્ષકોને બાલસાથી સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમાં રાજનીતિ કી પાઠશાલાના સંસ્થાપક ડો. અજય પાંડેના હસ્તે ભાવિન વિદ્યાવિહાર બોરીયા પેટલાદ તાલુકાના આચાર્ય ડો. પ્રદિપસિંહ અભેસિંહ સિંધાને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# કરમસદ-આણંદ મનપાની વોર્ડ-બેઠકોની રચના સંદર્ભે માત્ર ૫ થી ૬ જ વાંધાઓ આવ્યા

**જો રજાના દિવસો ના ગણાય તો આવતીકાલે વાંધા-સુચનો કરવાનો અંતિમ દિવસ, નહીં તો ૧લી તારીખ સુધી વાંધા-સુચનો કરી શકાશે**

**મનપા દ્વારા વોર્ડની રચના સોસાયટી વાઈસ સમજવા માટે નકશાનું વિતરણ શરૂ કર્યું**

આણંદ, તા. ૨૫

કરમસદ-આણંદ મહાનગરપાલિકાની વોર્ડ-બેઠકોની રચનાના પડેલા સીમાંકન અંગે વાંધા-સુચનો કરવાની આવતીકાલે અંતિમ તારીખ હોવાનું જાણવા મળ્યું છે. જો રજાના દિવસો બાકાત કરવામાં આવે તો ૧લી તારીખ સુધી વાંધા-સુચનો કરી શકાશે. અત્યાર સુધી પાંચ થી છ જેટલા જ વાંધા-સુચનો આવ્યા હોય, તેની આગામી દિવસોમાં સુનાવણી કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર સને ૨૦૧૧ની વસ્તી ગણતરીને ધ્યાનમાં લઈને નવી બનેલી કરમસદ-આણંદ મહાનગરપાલિકાની વોર્ડ અને બેઠકોની રચનાનું રાજ્યના ચૂંટણી પંચ સીમાંકન કરવામાં આવ્યું હતુ. તેનું સત્તાવાર જાહેરનામુ ગત તારીખ ૧૭મી સપ્ટેમ્બરના રોજ પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતુ. સર્વે નંબરોના આધારે વોર્ડની રચના કરવામાં આવી હોય, રાજકીય પક્ષો સહિત ચૂંટણી લડવા થનગનતા ઉમેદવારો માથુ ખંજવાળતા થઈ જવા પામ્યા હતા. કેમ-કે સર્વે નંબરોના આધારે કયા વોર્ડમાં કઈ સોસાયટી, ફળિયુનો સમાવેશ થયો તેનો ખ્યાલ જ નથી આવતો. જેને લઈને કોંગ્રેસ પક્ષ સહિત કેટલાક ખાનગી વ્યક્તિઓએ આ અંગે મનપામાં વાંધા અરજીઓ કરવામાં આવી હતી.

૧૭મીએ સીમાંકન બહાર પાડ્યા બાદ રાજ્યના ચૂંટણી પંચ દ્વારા જે કોઈને વાંધો હોય કે સુચનો કરવા હોય તેમણે આગામી ૧૦ દિવસમાં કરવાનું જણાવ્યું હતુ. જેથી આવતીકાલે વાંધા-સુચનો કરવાની અંતિમ તારીખ હોવાનું કહેવાઈ રહ્યું છે. જો રજાના દિવસો બાદ કરવામાં આવે તો ૧લી તારીખ સુધી વાંધા અરજી કરી શકાશે. દરમ્યાન અત્યાર સુધી કોંગ્રેસ પક્ષ સહિત પાંચ થી છ જેટલા વાંધાઓ આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

કયા વોર્ડમાં કયો વિસ્તાર અને સોસાયટીઓ આવેલી છે. તેને સમજવા માટે મનપા દ્વારા ગઈકાલથી નકશાઓનું વિતરણ શરૂ કર્યું છે. રાજકીય પક્ષો દ્વારા આ નકશાઓ મેળવીને વોર્ડ વાઈસ વિસ્તાર, સોસાયટીઓ અને ફળિયાઓ નક્કી કરનાર છે. સીમાંકનના વાંધા-સુચનોની સુનાવણી પતી ગયા બાદ નવી પ્રાથમિક મતદાર યાદી તૈયાર કરાશે અને તેના પણ વાંધા-સુચનો મંગાવ્યા બાદ આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરીને સંભવતઃ જાન્યુઆરીના અંતિમ સપ્તાહમાં કે ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં કરમસદ-આણંદ મનપાની ચૂંટણીઓ યોજાશે તેમ માનવામાં આવી રહ્યું છે.

# કઠલાલ: ડમ્પર પાછળ રીક્ષા ઘૂસી જતા ચાલકનું મોત, ૧ ગંભીર

નડિયાદ તા ૨૫

કઠલાલ -કપડવંજ રોડ પર આવેલ ભાટેરા ગામના બસ સ્ટેન્ડ પાસે ગઈકાલે સાંજના સમયે પસાર થતી એક રીક્ષા રોડ પર આગળ જતા ડમ્પર પાછળ ધડાકાભેર ઘૂસી જતા શરીરે ગંભીર ઈંજાઓ પહોંચવાથી રીક્ષા ચાલકનું મૃત્યુ નીપજવાની સાથે રિક્ષામાં સવાર એક વ્યક્તિને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ કપડવંજ- કઠલાલ રોડ પર આવેલ કઠલાલના ભાટેરા ગામના બસ સ્ટેન્ડ પાસે ગઈકાલે સાંજના પસાર થતી રીક્ષા નંબર.જીજે-૦૭, એટી-૯૯૦૪ રોડ પર આગળ જતા ડમ્પર નંબર જીજે-૦૮, એયુ-૧૯૭૦ની પાછળ ધડાકાભેર ઘૂસી ગઈ હતી. જેને લઇ શરીરે ગંભીર ઈજાઓ પહોંચવાથી રીક્ષા ચાલક રાજાભાઈ ડાભી (ઉ.વ.૬૬ રહે. જગડુપુર તા. કપડવંજ:નું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે રિક્ષામાં બેઠેલ એક વ્યક્તિને શરીરને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કઠલાલ પોલીસે આ અંગે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# વટાવ પ્રાથમિક શાળા અને રવિપુરા પ્રાથમિક શાળા વચ્ચે સ્કૂલ ટ્રેનિંગ કાર્યક્રમ




આણંદ, તા. ૨૫

પેટલાદ તાલુકાના વટાવ પ્રાથમિક શાળાના ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓએ પોરડાની પે સેન્ટરની રવિપુરા પ્રાથમિક શાળાની મુલાકાતલીધી હતી અને રવિપુરાના બાળકો સાથે વિવિધ પ્રશ્નોત્તરી કરી સારી બાબતોની જાણકારી મેળવી હતી. રવિપુરા પ્રાથમિક શાળાના પ્રાર્થના સંમેલનથી લઈને તેની ભૌતિક સુવિધાઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા રવિપુરાના જોવાલાયક સ્થળો વગેરે અંગે રસપ્રદ માહિતી વિદ્યાર્થીઓએ એકત્રિત કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યા હતા.

# આણંદ : જિલ્લા પંચાયતના જુનીયર ક્લાર્ક દ્વારા રજા ના મળતા આપઘાતનો પ્રયાસ

**કચેરીમાં જ નસ કાપી નાંખતા લોહીલુહાણ હાલતમાં હોસ્પીટલમાં ખસેડાયા**

આણંદ, તા. ૨૫

આણંદના જીલ્લા પંચાયત કચેરીમાં જુનીયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા એક કર્મીએ રજા ના મળતાં કચેરીમાં જ નશ કાપીને આપઘાત કરવાનો પ્રયાસ કરતા કર્મચારીઓમાં હડકંપ મચી જવા પામી છે. જો કે સારવાર બાદ સારું થઈ જતાં રજા આપી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે શહેર પોલીસે જાણવા જોગ નોંધ દાખલ કરીને તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર મુળ ભાવનગરના દગ્વિજયસિંહ જાડેજા છેલ્લા બે વર્ષથી આણંદ જીલ્લા પંચાયતમાં પંચાયત શાખામાં જુનીયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા. તેમણે પોતાના વતન ભાવનગર ખાતે જવા માટે રજાની માંગણી કરી હતી. પરંતુ રજા મળતી નહોતી. જેથી કંટાળીને કચેરીમાં જ કટર વડે નશ કાપી નાંખતા લોહી નીકળવા માંડ્યું હતુ. દરમ્યાન સાથી કર્મચારીઓની નજર પડતાં જ બુમાબુમ કરી મુકી હતી.જેથી અન્ય કર્મચારીઓ સહિત અધિકારીઓ દોડી આવ્યા હતા. અને દિગ્વિજયસિંહને તુરંત જ સારવાર માટે હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સમયસરની સારવાર મળી જતા તબિયતમાં સુધારો થઈ જતા રજા પણ આપી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# સેવાલીયાના પડાલ ગામમાંથી જુગાર રમતા ૬ શખ્સો ઝડપાયા

નડીયાદ તા ૨૫

ખેડા ક્રાઈમ બ્રાન્ચે સેવાલિયા નજીક આવેલા પડાલ ગામમાં મોટા ભાન ઈમાશાહ બાબની દરગાહ સામે છાપો મારીને પત્તા પાનાનો જુગાર રમતાં ૬ શખ્સોને ઝડપી પાડીને જુગાર ધારાની જુદી-જુદી કલમો હેઠળ ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ઘરી હતી.

પકડાયેલા શખ્સોમાં મોહસીનભાઈ મયુદીનભાઈ શેખ (રહે. પડાલ મોટા ભાગ, તા. ગલતેશ્વર), સુલતાનભાઈ અહેમભાઈ શેખ (રહે. પડાલ નાના ભાગ, તા. ગલતેશ્વર), રફીકમીયા અકબરમીયા શેખ (રહે. વાળજ નવી નગરી, તા. ગળતેશ્વર), ઈર્શાદઅલી નિશારઅલી સૈયદ (રહે. બાલાસિનોર ગાંધીવાડો, તા. બાલાસિનોર), ફારુખભાઈ હબીબભાઈ કુરેશી (રહે. બાલાસિનોર ખાટકીવાડ, તા. બાલાસિનોર) અને નાશીરભાઈ ઈબ્રાહીમભાઈ શેખ (રહે. પડાલ નવીનગરી, તા. ઠાસરા) નો સમાવેશ થાય છે. તેમની અંગ ઝડતીમાથી રોકડા ૯,૪૦૦ રૂપિયા તથા દાવ પરથી ૧,૨૦૦ રૂપિયા મળી લ, કુલ ૧૦,૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

# આણંદના વૃધ્ધે ગેરેજમાં દોરી વડે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો

**પ્રવિણભાઈ મેકવાન ૧૦ દિવસ પહેલા ઘરેથી નીકળી ગયા હતા અને ગેરેજમાં રહેતા હતા**

આણંદ, તા. ૨૫

આણંદ શહેરના તુલીસ ગરનાળાથી ગામડી તરફ જવાના રોડ ઉપર આવેલા એન. કે. ગેરેજમાં ગઈકાલે મધ્યરાત્રીના સુમારે એક વૃધ્ધે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લેતાં શહેર પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને તપાસ હાથ ઘરી છે.

મળતી વિગતો અનુસાર પ્રવિણભાઈ ડાહ્યાભાઈ મેકવાન (ઉ. વ. ૬૪)આકાશવાડીમાં રહેતી પુત્રવધુ સાથે રહેતા હતા. તેમનો પુત્ર મુંબઈમાં નોકરી કરે છે અને ત્યાં જ રહેતો હતો. પ્રવિણભાઈ છેલ્લા કેટલાક સમયથી દારૂ પીવાની લત્તે ચઢી ગયા હોય, ઘરે કંકાસ થતાં દશેક દિવસ પહેલા જ નીકળી ગયાહતા અને તુલસી ગરનાળા પાસે આવેલા એન. કે. ગેરેજમાં રહેતા હતા. અગાઉ તેઓ નજીકમાં આવેલા ભંગારની દુકાનમાં નોકરી કરતા હતા. દરમ્યાન ગઈકાલે મધ્યરાત્રીના સુમારે પ્રવિણભાઈએ ગેરેજની છતની એંગલ સાથે દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો.

સવારના સુમારે સ્થાનિકોએ પ્રવિણભાઈની લાશ લટકતી જોતા તુરંત જ આણંદ શહેર પોલીસને જાણ કરી હતી.

જેથી પોલીસ ટીમ આવી પહોંચી હતી અને લાશને નીચે ઉતારીને પીએમ માટે જનરલ હોસ્પીટલમાં મોકલી આપી હતી.પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ઘરી હતી.

# ફતેપુરા બ્રીજ નીચેથી મોબાઈલમાં વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

આણંદ, તા.૨૫

તારાપુર પોલીસને માહિતી મળી હતી કે, ફતેપુરા ગામના બ્રીજ નીચે એક શખ્સ મોબાઈલ ફોનમાં વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. જેથી પોલીસની ટીમ ત્યાં પહોંચી ગઈ હતી અને એક શખ્સને મોબાઈલમાં કાંઈક લખતા ઝડપી પાડ્યો હતો. તેનું નામઠામ પછતાં તે અજીત આશાભાઈ ગોહેલ હોવાનું જણાવ્યું હતુ. મોબાઈલ ફોન લઈને જોતા તે ચટકા મટકા એપ્લીકેશન ખોલીને ડીપી બોસ એપ્લીકેશનમાં વરલી મટકાનો જુગાર રમાડતો હતો. પોલીસે તેની અંગજડતી કરતા રોકડા ૭૯૨૦ મળી આવ્યા હતા. મોબાઈલ ફોન સાથે કુલ ૧૨૯૨૦ રૂપિયા જપ્ત કરીને તેની પુછપરછ કરતા તે મોબાઈલના આંકાડ વોટ્સેપથી રાજુભાઈ કનુભાઈને મોકલી આપતો હોવાની કબુલાત કરી હતી. જેથી પોલીસે બન્ને શખ્સો વિરૂધ્ધ જુગાર ધારાની જુદી-જુદી કલમો હેઠળ ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરી હતી.

# કોસીન્દ્રામાં વિદેશી દારૂના ૪ ક્વાર્ટરીયા સાથે મહિલા ઝડપાઈ

આણંદ, તા. ૨૫

આંકલાવ તાલુકાના કોસીન્દ્રા ગામે આવેલી દુધની ડેરી પાછળ રહેતી મહિલા વિદેશી દારૂનું વેચાણ કરતી હોવાની માહિતી પોલીસને મળી હતી. જેથી પોલીસે છાપો મારતાં મંગુબેન ભીખાભાઈ તળપદા ઝડપાઈ જવા પામી હતી. પોલીસે તેના ઘરની તલાશી લેતાં પાછળના ભાગે આવેલા ઝાડી-ઝાંખરામાંથી એક પ્લાસ્ટીકની થેલી મળી આવી હતી. જેમાં તપાસ કરતા વિદેશી દારૂના ૪ ક્વાર્ટરીયા મળી આવ્યા હતા. જેની કિંમત ૪૦૦ રૂપિયા જેટલી થવા જાય છે. પોલીસે ઉક્ત મુદ્દામાલ જપ્ત કરીને પ્રોહીબીશન ધારાની જુદી-જુદી કલમો હેઠળ ગુનો દાખળ કરીને કાર્યવાહી હાથ ઘરી હતી.

**અમેરીકી વિદેશ વિભાગના વરીષ્ઠ અધિકારીએ કહ્યું**

# અમેરીકા ભારત અને પાકિસ્તાન સાથે અલગ અલગ વ્યવહાર ચાલુ રાખશે

**કાશ્મીરના મામલે અમેરીકા પોતાની લાંબા સમયથી ચાલતી નીતિ પર કાયમ છે કે તે ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સીધો મુદ્દો છે**

વોશિંગ્ટન, તા.૨૫

ઓપરેશન સિંદૂર બાદ ભારત પાકિસ્તાન તણાવ તો ઘટ્યો પરંતુ અમેરિકા સાથે ટ્રેડ ટેરિફ વિવાદે એવી તે આગ લગાવી કે જેણે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોને તળિયે બેસાડી દીધા. એક બાજુ પાકિસ્તાન અમેરિકા સાથે પોતાના સંબંધો સુધારવામાં લાગ્યું છે.

બીજી બાજુ અમેરિકા સાથે ભારતનો ટેરિફ વિવાદ ચરમસીમાએ છે. આવામાં સ્વાભાવિક છે કે એ સવાલ ઉઠે કે આખરે અમેરિકા ખુલીને કોની સાથે છે.ભારત કે પાકિસ્તાન સાથે. ન્યૂઝ એજન્સી એએનઆઈ મુજબ અમેરિકી વિદેશ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ આશ્વાસન આપ્યું છે કે અમેરિકા ભારત અને પાકિસ્તાન સાથે અલગ અલગ વ્યવહાર ચાલુ રાખશે અને બંને દેશોના સંબંધોને તે ખુબ અલગ માને છે. તેમણે એ આશંકા ફગાવી દીધી કે બંને દેશો વચ્ચે ફરીથી એકરૂપતા આવી શકે છે.




**સફાઈ ઝુંબેશ દરમિયાન દારૂની બોટલ મળી હતી**

# આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ યુનિ.ના સ્વચ્છતા અભિયાનમાં પહોંચ્યા

**યુનિવર્સિટી કેમ્પસમાંથી ખાલી બોટલ મળી આવતા યુનિવર્સિટી સ્ટાફે બોટલ સંતાડવાનો પ્રયાસ કર્યો હતો**

અમદાવાદ, તા.૨૫

ગુજરાત યુનિવર્સિટીમાં સાપ્તાહિક સ્વચ્છતા અભિયાનમાં દારૂબંધીના નિયમના ધજાગરા ઉડતા જોવા મળ્યા. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ યુનિવર્સિટીના સ્વચ્છતા અભિયાનમાં પહોંચ્યા હતા. જેમાં સફાઈ ઝુંબેશ દરમિયાન આરોગ્ય મંત્રીને દારૂની બોટલ મળી હતી. યુનિવર્સિટી કેમ્પસમાંથી ખાલી બોટલ મળી આવતા યુનિવર્સિટી સ્ટાફે બોટલ સંતાડવાનો પ્રયાસ કર્યો હતો. ગુજરાત યુનિવર્સિટીમા સ્વચ્છતા અભિયાન આયોજિત કરાયુંહતું. જેમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ યુનિવર્સિટી પહોંચ્યા હતા. કેમ્પસમાં તેઓએ વિદ્યાર્થીઓ સાથે સફાઈ કરી હતી. પરંતુ શિક્ષણના ધામમાં કંઈક એવું થયું કે, મંત્રીજી પણ ચોંકી ગયા હતા. સફાઈ દરમિયાન મંત્રીજીન હાથમાં દારૂની ખાલી બોટલ આવી ગઈ હતી. જોકે, અહી અસલી ખેલ જોવા મળ્યો. મંત્રીજીએ કોઈ જોઈ ન જાય એ રીતે દારૂની બોટલ સંતાડીને કુલપતિને આપી હતી, અને કુલપતિએ દારૂની ખાલી બોટલને મીડિયાથી છુપાવીને કચરાપેટીમાં નાંખી હતી. સમગ્ર ઘટના ક્રમ વીડિયોમાં કેદ થઈ ગયો હતો. ગુજરાત યુનિવર્સિટીમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જન્મ જયંતી નિમિતે સ્વચ્છતા એ જ સંકલ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્ષે વડાપ્રધાનના જન્મદિને મેગા રક્તદાન કેમ્પનું રાજ્યભરમાં આયોજન કરાયું હતું

# આણંદ : ગત વર્ષે પીએમના જન્મદિને જાહેર કરાયેલ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાના લાભાર્થીઓ હજીયે લોન-ટુલકીટથી વંચિત

## રોજગારી મળશેની આશાએ સિવણની તાલીમ મેળવનાર અનેકો મહિલાઓ સિવણ મશીન ક્યારે મળશેની રાહમાં

આણંદ, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિને આ વર્ષે રાજયભરમાં રક્તદાન કેમ્પોનું આયોજન કરાયું હતું. આણંદ જિલ્લામાં પણ ઠેર ઠેર ભાજપ અને સામાજીક સંસ્થાઓ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયા હતા અને રક્તદાતાઓએ કોઈકના જીવન માટે મદદરુપ બનાવાની ભાવનાથી રક્તદાન કર્યુ હતું. આ સમાજ માટે આવકારદાયક બાબત રહી હતી.

પરંતુ ગત વર્ષે વડાપ્રધાન મોદીના જન્મીદને જાહેર કરાયેલ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનામાં સમાવિષ્ટ નાના કારીગરોને હજી સુધી લોન કે ટુલકીટ સહાય મળી નથી. આ બાબતે પણ રાજકીય નેતાઓ સહિત સંસ્થાઓના જાગૃત હોદ્દેદારો દ્વારા જાગૃતતા દાખવવામાં આવે તો રોજગારીની રાહ જોતા હજારો કારીગરોને સાધનસહાય મળી રહે.

વિશ્વકર્મા યોજનામાં પરંપરાગત કામ કરતા કારીગરો અને શિલ્પકારોની કારીગરીનો આર્થિક સક્ષમ બનાવવાનો મૂળ ઉદ્દેશ હતો. જેમાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોના નાના કારીગરોએ તૈયાર કરેલ વસ્તુઓને યોગ્ય બજાર સુધી પહોંચાડવાનું આયોજન હતું. જેનાથી આ કારીગરો આત્મનિર્ભર બનવા સાથે આર્થિક રીતે પણ સધ્ધર બની શકે.

આ યોજનામાં સિવણકામ, રસોડાની વસ્તુ, રમકડાં, લુહાર, સોનીચ, સુથાર, મિસ્ત્રી, ચર્મકાર, હોડી બનાવનાર, ઘર વપરાશના ઓજાર બનાવનાર સહિતની નાની પ્રવૃતિઓ કે ઓજાર બનાવવાના વ્યવસાયમાં જોડાયેલા કારીગરોને જોડવામાં આવ્યા હતા. જેમાં ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ યોગ્ય લાભાર્થીને તાલીમ દરમ્યાન સ્ટાઈપેન્ડ પણ ચૂકવવામાં આવે છે. જેથી તાલીમબદ્ધ થયેલ કારીગર લોન અને ટુલકીટની સહાય દ્વારા પોતાનો સ્વતંત્ર રોજગાર શરુ કરી શકે છે.

જાણવા મળ્યાનુસાર આ યોજના હેઠળ લાભાર્થીને ટુલકીટ પ્રોત્સાહન સહાય પેટે રૂ.૧૫ હજાર અને રૂ.૧થી ૩ લાખ સુધીની ગેરંટી વગરની લોન ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરાઈ હતી. જે અંતર્ગત ગત વર્ષે જિલ્લાભરમાંથી અનેકો લાભાર્થીઓએ ફોર્મ ભર્યા હતા. ત્યારબાદ તાલુકાવાઈઝ લાભાર્થીઓને તારવીને તાલીમ ગોઠવવામાં આવી હતી.

જેમાં વિવિધ પ્રકારના વ્યવસાયોની તાલીમ આપ્યા બાદ લાભાર્થીઓને પ્રમાણપત્ર અને કાર્ડ ઈસ્યુ કરાયા હતા. ત્યારબાદ લાભાર્થીને તાલુકા મથકેથી લોન અને ટુલકીટ સહાય ઉપલબ્ધ થશેની ખાતરી આપવામાં આવી હતી. પરંતુ એક વર્ષ વીતી જવા છતાંયે અનેકો લાભાર્થીઓ હજીયે સહાય મેળવવા માટે ધરમધકકા ખાઈ રહ્યા છે. ખાસ કરીને સિવણકામ શીખીને લોન કે સહાય દ્વારા સિવણ મશીન ઘરે લાવીને રોજગારી મેળવવા ઈચ્છુક અનેક મહિલાઓ હજી સુધી મશીન ન મળવાના કારણે રાહ જોઈ રહ્યાની સ્થિતિ છે.

### તાલુકાએથી જિલ્લામાં તપાસ કરવા જણાવાય છે : લાભાર્થી

પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત બે દિવસની તાલીમ અને પ્રમાણપત્ર મેળવનાર અનેકો લાભાર્થીઓ પૈકીનાએ જણાવ્યું હતું કે, અમે તાલુકા કચેરીએ આ યોજનાની અમને મળવાપાત્ર લોન અને ટુલકીટ સહાયની પૂછપરછ માટે જઇએ છીએ ત્યારે અમને જિલ્લામાં તપાસ કરવાનું સૂચન કરાય છે. જિલ્લા કચેરીએથી ઉદ્યોગ કેન્દ્રમાં મોકલાય છે. જયાં તાલુકા મથકોએથી જ લાભાથીઓની યાદી રાજયમાંથી ઓનલાઇન જનરેટ થતી હોવાની જાણ કરવામાં આવે છે. છેલ્લા મહિનાઓથી આ સ્થિતિના કારણે હતાશા થઇ છે અને હવે કચેરીઓમાં જવા પગ ઉપડતા નથી.

# ઓડ : મેડીકલના વિદ્યાર્થીઓને એનેટોમી શીખવા ૧૭ માસ અગાઉ દેહદાન કરાયેલ સ્વ. પ્રજેશ પટેલના પાર્થિવ દેહના કરાયા અંતિમ સંસ્કાર

**વિદેશમાં મૃત્યુ પામનાર ભારતીય નાગરિકનો પાર્થિવ દેહ દેશમાં લાવીને દેહદાન કર્યાની દેશની સૌપ્રથમ ઘટના હતી**

**મૂળ ઓડના વતની પરિવારના માતા-પિતા, ધર્મ પત્ની સહિત પરિવારે દુઃખની ઘડીમાં કાળજા પર પથ્થર મૂકીને સ્વ. પ્રજેશ પટેલનું દેહદાન કરીને સમાજને નવી દિશા બતાવવાના ઉદાહરણીય બન્યા**



આણંદ, તા. ૨૫

અંગદાન પ્રત્યેની સમાજમાં જાગૃતતા ફેલાય તે માટે સમાજસેવી સંસ્થાઓ, સમાજમાં જીવનદાનનો સંદેશો ફેલાવવાની પહેલ કરનાર પરિવારજનોના કારણે હવે બ્રેઈનડેડ અને સામાન્ય મૃત્યુના કિસ્સામાં અંગદાન તરફેનો ઝોક વધ્યો છે, જે આવકાર્ય બાબત છે.

સમાજને આ ઈશ્વરીય કાર્ય પ્રત્યે મૂળ ઓડના પટેલ પરિવારે આદર્શ ઉદાહરણ પુરું પાડયું છે. મૂળ આણંદ તાલુકાના ઓડના વતની અને મુંબઈ ખાતે રહીને ઈસરોમાં ઈલેકટ્રીક સર્કિટ, પ્લેટીગ સપ્લાય કરતા તેમજ જનજાગૃતિ માટે કાર્યરત સંસ્થા ડોનેટ લાઈફના ટ્રસ્ટી પ્રકાશભાઈ પટેલના ૩૯ વર્ષીય સુપુત્ર પ્રજેશભાઈનું ગત ૨૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ટૂંકી માંદગી દરમ્યાન કેનેડા ખાતે અવસાન થયું હતું.

જેઓના પાર્થિવ દેહને તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ભારતમાં લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ અંતિમ સંસ્કાર કરવાના બદલે મેડીકલના વિદ્યાર્થીઓને શરીરની એનેટોમી શીખવા માટે સ્વ.પ્રજેશભાઈના દેહનું દાન ડોનેટ લાઈફ સંસ્થાના સ્થાપક-પ્રમુખ નિલેશ માંડલેવાલાના માર્ગદર્શન અને રાજકીય-સામાજીક અગ્રણીઓના સહયોગીથી નકકી કરાયું અને ન્યુ વલ્લભ વિદ્યાનગરની જી.જે.પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રીસર્ચને દેહદાન કરાયું હતું.

ઉલ્લેખનીય છે કે, વિદેશમાં વસવાટ કરતા ભારતીય નાગરિક વિદેશમાં મૃત્યુ પામ્યા હોય અને દેશમાં તેમનો પાર્થિવ દેહ લાવીને દેહદાન કરાયું હોવાની દેશની આ સૌપ્રથમ ઘટના હતી.

કોલેજના ડીન ડો.સરિતાબેને જણાવ્યું હતું કે, સ્વ.પ્રજેશભાઈ દેહદાન થકી ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓન શરીરની એનેટોમી શીખવા મળી હતી. ગતરોજ સ્વ. પ્રજેશભાઈ પ્રકાશભાઈ પટેલના દેહને કોલેજ દ્વારા વૈદિક રીતે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓ શરીર વિજ્ઞાન શીખી શકે તે માટે દુઃખની ઘડીમાં કાળજાં પર પથ્થર મૂકીને માતા-પિતા, પત્ની સહિત પરિવારજનોએ પ્રજેશ પટેલનું દેહદાન કરીને સમાજને નવી દિશા ચીંધી છે.

# મહાદેવપુરા પાટીયા પાસે સ્કુલના બાળકોને લઈ જતી ટેમ્પી પલ્ટી જતાં ૭ વિદ્યાર્થી સહિત ૧૦ ઘાયલ



- **જીતપુરા પ્રાથમિક શાળામાં ટ્વીનીંગનો કાર્યક્રમ પતાવીને પરત ડુંગરીપુરા જતા હતા ત્યારે બપોરના બે વાગ્યે સર્જાયેલો અકસ્માત**
- **આચાર્ય અને બે શિક્ષકો પણ ઘાયલ : વાલીઓમાં ભારે રોષ**

આણંદ, તા. ૨૫

ઉમરેઠ તાલુકાના મહાદેવપુરા પાટીયા પાસે ગઈકાલે બપોરના સુમારે ડુંગરીપુરા સ્કુલના વિદ્યાથીઓને લઈને જત એક થ્રી વ્હીલ ટેમ્પી પલ્ટી મારી જતાં આચાર્ય, બે શિક્ષકો અને સાત વિદ્યાર્થીઓ ઘવાતા તેઓને ઉમરેઠ અને આણંદની હોસ્પીટલોમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આ ઘટનાને લઈને વાલીઓમાં ભારે રોષની લાગણી પ્રસરી જવા પામી હતી. ખંભોળજ પોલીસે ટેમ્પીના ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરી હતી.

ડુંગરીપુરા તાબે ભરોડા ખાતે આવેલી પ્રાથમિક શાળામાં બાલવાટીકાથી લઈને ધોરણ ૮ સુધીનો અભ્યાસક્રમ ચાલે છે. સ્કુલ દ્વારા અવાર-નવાર અલગ-અલગ નજીકની સ્કુલના ટ્વીનીંગના કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓને લઈ જવામાં આવે છે. ગઈકાલે સવારના ૧૧.૧૫ કલાકે શાળાના આચાર્ય નીશીતકુમાર વાસુદેવભાઈ પટેલ (ઉ. વ. ૪૨)શિક્ષકો ભરતભાઈ જીવાભાઈ વાઘેલા અને વ્રજેશકુમાર ભાઈલાલભાઈ પટેલ સાથે ૨૫ જેટલા બાળકોને લઈને ડુંગરીપુરા ગામના નરેન્દ્રભાઈ બળવંતભાઈ ચૌહાણની અતુલ શક્તિ થ્રી વ્હીલ ટેમ્પી નંબર જીજે-૨૩, એએક્સ-૦૪૮૭ની લઈને જીતપુરા પ્રાથમિક શાળામાં ટ્વીનીંગના પોગ્રામ માટે ગયા હતા. ત્યાંથી બપોરના દોઢેક વાગ્યાના સુમારે કાર્યક્રમ પુરો કરી બાજીપુરા થઈને સુરેલીવાળા રસ્તેથઈ મહાદેવપુરા ગામ તરફ આવતા હતા. દરમ્યાન બે વાગ્યાના સુમારે ટેમ્પી મહાદેવપુરા પાટીયા પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે એકાએક ટેમ્પી પલ્ટી મારી ગઈ હતી. જેમાં આચાર્ય અને બન્ને શિક્ષકો ઉપરાંત ૭ વિદ્યાર્થીઓને હાથે-પગે તેમજ શરીરના ભાગે ઈજાઓ થતાં વિદ્યાર્થીઓએ બુમાબૂમ કરી મુકી હતી. જેને લઈને આસપાસના લોકો તેમજ રાહદારીઓ અને વાહનચાલકો મદદે દોડી આવ્યા હતા.

દરમ્યાન ત્યાંથી કાર લઈને પસાર થતા સીઆરસી નરેશભાઈ જાટવની કારમાં ઘવાયેલા સાતેય વિદ્યાર્થીઓને સારવાર માટે ઉમરેઠની હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. આચાર્ય અને બન્ને શિક્ષકોને પણ ઉમરેઠની હોસ્પીટલમાં પ્રાથમિક સારવાર કર્યા બાદ તમામ બાળકોને ઉમરેઠની ખાનગી હોસ્પીટલમાં લઈ જઈને

» અનુ. પાન ૬

# સારોલના મહાકાળી મંદિરમાંથી ૫૫ હજાર રૂ.ની મત્તાની સોનાની ચેઈન ચોરાઈ

- **માતાજીના કાચવાળા ફોટોફ્રેમની અંદર ગળામાં પહેરાવેલી ચેઈન ચોરાતા જાણભેદુનો હાથ હોવાની શક્યતા**

આણંદ, તા.૨૫

બોરસદ તાલુકાના સારોલ ગામની બારવીઘા સીમમાં આવેલી મહાકાળી મંદિરે ગત ૨૩મી તારીખના રોજ ત્રાટકેલા તસ્કરો ૫૫ હજાર રૂપિયાની કિંમતની સોનાની ચેઈનની ચોરી કરીને ફરાર થઈ જતાં આ અંગે ભાદરણ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ હાથ ઘરી છે.

મળતી વિગતો અનુસાર ગત ૨૩મી તારીખના રોજ રાત્રીના સુમારે કેટલાક તસ્કરો સારોલ ગામે ત્રાટક્યા હતા અને બારવિઘાં સીમમાં કાળકાના પીપળા નીચે આવેલ મહાકાળીમાતાજીના કાચવાળા ફોટોફ્રેમની અંદક ગળામાં પહેરાવેલ સોનાની ચેઈન પેન્ડલ સાથેની કે જેનું વજન ૧૨ ગ્રામ જેટલું થવા જાય છે તેની ચોરી કરીને ફરાર થઈ ગયાહતા. બીજા દિવસે સવારે નવ વાગ્યાના સુમારે ચોરી થયાની જાણ થતાં જ તુરંત જ ભાદરણ પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પોલીસની ટીમ આવી પહોંચી હતી અને જયેન્દ્રસિંહ અદેસિંહ જાદવની ફરિયાદને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે રીતે ચોરીની ઘટના બની છે તેને જોતાં કોઈ જાણભેદુનો જ હાથ હોવાની શક્યતા જોવાઈ રહી છે.

# દેશમાં લાખો દર્દીઓ અંગો ન મળવાથી મૃત્યુ પામે છે

- **બ્રેઇનડેડ અને સામાન્ય મૃત્યુના કિસ્સામાં અંગદાન કરવા, કરાવવાનો સૌ સંકલ્પ કરીએ**
- **અંગદાન-દેહદાન વિશેની માહિતી, મદદ માટે ડોનેટ લાઇફ સંસ્થા મોબાઃ ૯૮૨૫૬ ૦૯૯૨૨નો સંપર્ક કરવો**

અંગદાન એક ઈશ્વરીય કાર્ય છે. દેશમાં દર વર્ષે લાખો દર્દીઓ અંગો ન મળવાના કારણે મૃત્યુ પામે છે. કોઈ વ્યકિત રોડ અકસ્માત, બ્રેઈન સ્ટોક, બ્રેઈન હેમરેજના કારણે બ્રેઈનડેડ થાય ત્યારે તેના અંગોનું દાન કરી, કરાવીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપી શકાય છે.

ઉપરાંત સામાન્ય મૃત્યુ થાય તો દેહદાન કરી મેડીકલના વિદ્યાર્થીઓને શરીરની એટોનોમી શીખવા માટે યજ્ઞરૂપી સેવા કરી શકાય છે. બ્રેઈનડેડ વ્યકિતના અંગદાનથી ઓર્ગન નિષ્ફળતાના દર્દીની સાથોસાથ તેના સમગ્ર પરિવારને નવજીવન સાંપડે છે. આપણે સૌ માનવ સેવાના આ યજ્ઞમાં જોડાઈને અંગદાન-દેહદાન કરવા, કરાવવા સંકલ્પબદ્ધ બનીએ.

અંગદાન અથવા દેહદાન વિશેની માહિતી અથવા મદદ માટે ડોનટ લાઈફ, નં. +૯૧ ૯૮૨૫૬ ૦૯૯૨૨ ઉપર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# કઠલાલ: વૃધ્ધા મકાન બંધ કરી અમદાવાદ ગયા અને તસ્કરો ૯૩ હજારની મતા ચોરી ફરાર

## મકાનના મુખ્ય દરવાજાના લોખંડની જાળીના નકુચા તોડીને તસ્કરોએ કરેલી ચોરી

નડિયાદ તા ૨૫

કઠલાલ નગરના મણીનગર વિસ્તારમાં આવેલ ન્યુ ક્રિશ્ચીયન ફળીયા એક મકાનમાં ભાડે રહેતા પોસ્ટ ખાતાના મહિલા રિકરીંગ એજન્ટ મકાન બંધ કરી અમદાવાદ ગયા એ તકનો લાભ લઇ તસ્કરો તેમના મકાનના દરવાજા તેમજ લોખંડની જાળીના નચુકા તોડી સોનાના દાગીના તેમજ રોકડા રૂપિયા ૭૫ હજાર મળી કુલ રૂપિયા ૯૩૦૦૦ ની કિંમતની મતા ચોરી ફરાર થઈ જતાં નગરમાં ફફડાટ વ્યાપી જવાની સાથે સ્થાનિક પોલીસના પેટ્રોલિંગની પોલ ખુલી જવા પામી છે.

મળતી માહિતી મુજબ કઠલાલ નગરના મણીનગર વિસ્તારમાં આવેલ ન્યુ ક્રિશ્ચીયન ફળીયા એક મકાનમાં ભાડે એકલા રહેતા પોસ્ટ ખાતાના રિકરીંગ એજન્ટ શારદાબેન સુરેન્દ્રભાઈ હાબેલભાઈ ક્રિશ્ચીયન (ઉ.વ.૬૬, મુળ રહે. ભાગ્યલક્ષ્મી એપાર્ટમેન્ટ નવા વાડજ અમદાવાદ)ગત તારીખ ૧૮ સપ્ટેમ્બર ના રોજ સવારના મકાન બંધ કરી અમદાવાદ ખોખરા ખાતે સામાજિક કામ અર્થે ગયા હતા. બાદ તેણી અમદાવાદ ખાતે રોકાયા હતા આ તકનો લાભ લઇ તસ્કરોએ શારદાબેન ક્રિશ્ચીયન બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરો તેમના બંધ મકાનના મુખ્ય દરવાજાનો અને લોખંડની જાળીના નચુકા તોડી અંદર પ્રવેશ્યા હતા અને મકાનનો સર સામાન વેરવિખેર કરી નાખી તસ્કરો લોખંડની તિજોરી તોડી અને તેમાનું લોકર તોડી અંદર મુકેલ રોકડા રૂપિયા ૭૫૦૦૦ તેમજ સોનાના દાગીના મળી કુલ રૂપિયા ૯૩,૦૦૦ની મતા ચોરી ફરાર થઈ ગયા હતા.

દરમિયાન પડોશી એ તારીખ ૨૧ સપ્ટેમ્બર ના રોજ શારદાબેનના મકાનનો દરવાજો ખુલ્લો જોતા તેઓએ આ અંગે ફોન કરી તેણીને જાણ કરી હતી. જેના પગલે શારદાબેન અમદાવાદ ખાતેથી તુરંત ઘેર પાછા દોડી આવ્યા હતા. આ દરમિયાન કઠલાલ પોલીસ ટીમ પણ જાણ થતા ત્યાં દોડી આવી હતી. કઠલાલ પોલીસે આ અંગે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ડોગ સ્ક્વોર્ડ અને એફએશએલની મદદથી તપાસ હાથ ધરી હતી.


સરદાર ગુર્જરી

વિચાર તમારો પ્રયાસ અમારો

આપની આસપાસ બનતી ઘટના આપને પડતી મુશ્કેલીની જાણ કરો

ચોક્સી એસ્ટેટ, સરદાર ગંજ, આણંદ.
ફોન : (૦૨૬૯૨) ૨૬૮૨૬૭, ૨૬૬૨૬૭
ફેક્સ : ૨૬૮૩૬૭
મો. ૮૪૬૦૬ ૮૪૦૦૦


# અંઘાડી : કેનેડાના વિઝા માટે મિત્ર પાસેથી ૭ લાખ ઉછીના પેટેનો આપેલ ચેક રીટર્ન કેસમાં ૧ વર્ષની કેદ

## અમદાવાદના હરેશ પંડયાએ બે માસમાં રૂ. ૭ લાખ ચંદ્રકાંતભાઇ પટેલને વળતરપેટે ચૂકવવા, તેમાં કસૂર બદલ વધુ બે માસની કેદની સજા

આણંદ, તા.૨૫

ગળતેશ્વર તાલુકાના અંઘાડીમાં રહેતા અને વ્યવસાય, ખેતી કરતા મિત્ર પાસેથી તેમના ભત્રીજાના મિત્રએ કેનેડા જવા માટે નાણાંની જરુર હોવાનું કહીને એક માસના વાયદે ૭ લાખ ઉછીના લીધા હતા. જે પરત ચૂકવણી પેટે આપેલ ચેક રીફર ટુ ડ્રોઅરના શેરા સાથે પરત ફર્યો હતો. જેથી નોટીસ મોકલવા છતાંયે નાણાં ન ચૂકવતા ઠાસરા કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી.જેમાં કોર્ટે આરોપીને એક વર્ષની કેદ અને ચેકની રકમ બે માસમાં વળતર પેટે ચૂકવવા, તેમાં કસૂર બદલ વધુ બે માસની સજા ભોગવવાનો હૂકમ કર્યો હતો.

મળતી વિગતોમાં અંઘાડીમાં રહેતા ચંદ્રકાંતભાઈ ગિરધરભાઈ પટેલ સાથે તેમના ભત્રીજા ઈન્દ્રવદનભાઈ પટેલના અમદાવાદ ખાતે રહેતા મિત્ર હરેશભાઈ ભરતભાઈ પંડયા સાથે ઓળખાણ થઈ હતી. દરમ્યાન માર્ચ ૨૦૨૩માં હરેશભાઈએ કેનેડાના વિઝા માટે નાણાંની જરુર હોવાનું કહીને એક માસના વાયદે ચંદ્રકાંતભાઈ પાસેથી રૂ. ૭ લાખ ઉછીના લીધા હતા. મુદ્દત વીત્યા બાદ ઉઘરાણી કરતા તા. ૧૭ ડિસે.૨૦૨૪નો રૂ. ૭ લાખનો ચેક આપ્યો હતો. જે બેંકમાં રજૂ કરતા રીફર ટુ ડ્રોઅરના શેરા સાથે પરત ફર્યો હતો. જેથી તા. ૩ જાન્યુ.૨૦૨૫ના રોજ નોટિસ મોકલવા છતાંય ચેકના નાણાં ચૂકવ્યા ન હતા. આથી ૧૪ ફેબ્રુ.૨૦૨૫ના રોજ ઠાસરા કોર્ટમાં ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરી હતી.

આ કેસમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા સહિતના પાસા ધ્યાને લઈને કોર્ટે નોંધ્યું હતું કે, કાયદાકીય પ્રસ્થાપિત સ્થિતિ ધ્યાને લેતા અને રેકર્ડ ઉપર રજૂ થયેલ સમગ્ર પુરાવા વંચાણે લેતા ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ ૧૩૮ અન્વયેના ગુનાના તમામ આવશ્યક તત્વો હાલના કેસમાં ફરિયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાઓ રહિત પૂરવાર કરેલ છે.

ન્યાયાધીશ વિપુલ અમૃતલાલ ઠક્કર (જયુડી.મેજી. ફ.ક., ઠાસરા)એ આરોપી હરેશભાઈ પંડયાને બીએનએસએસની કલમ ૨૭૮(૨) અન્વયે ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદની સજા ભોગવવાનો હૂકમ કર્યો હતો. ઉપરાંત બીએનએસએસની કલમ ૩૯૫(૩) મુજબ ચેકની કુલ રકમ ૭ લાખ વળતરપેટે ફરિયાદીને બે માસની અંદર ચૂકવવા, તેમાં કસૂર બદલ વધુ બે માસથી કેદની સજા ભોગવવાનો હૂકમ કર્યો હતો.


